# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૧૧ મુંબઈ, નવેમ્બર ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ


## જિન-વચન

### મોક્ષ પ્રપ્તિનો માર્ગ

तस्सेण मग्गो गुरु-विद्धसेवा विवज्जणा बालजणस्स दूरा ।
सज्झाय एगंत निसेवणा य सुत्तत्थसचिंतणया धिती य ।।

–उत्तराध्ययन–३२-३

ગુરુ અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, સૂત્રાર્થનું સારી રીતે ચિંતન કરવું, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

गुरु और वृद्धों की सेवा करना, अज्ञानी लोगों का दूर से वर्जन करना, स्वाध्याय करना, एकान्त में रहना, सूत्रार्थ का चिंतन करना तथा धैर्य रखना यह मोक्ष-प्राप्ति का मार्ग है ।

To serve the teacher and old people, to keep away from the company of ignorant people, to study the scriptures, to meditate on the meaning of Sutras, to remain alone and to be patient - all these constitute the path of Moksha.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

## પુસ્તકો અને પુસ્તકાલય બચાવો

અહીં મને એક બનાવ ડૉ. આંબેડકરના પુસ્તકપ્રેમ અને મહત્વનાં પુસ્તકો પ્રાપ્ત કરવાની એમની તાલાવેલીનો યાદ આવે છે. પ્રસંગવશ, એમાં મારી નાનકડી ભૂમિકા પર મને થોડુંક ગૌરવ પણ છે.

મને વર્ષ તો યાદ નથી. પરંતુ એ ૧૯૫૦ના દાયકાની શરૂઆતનું કોઈક વર્ષ હશે. મહારાષ્ટ્રના એક જાણીતા શિક્ષણશાસ્ત્રી ડૉ. એ. તેલંગનું અવસાન થઈ ગયું હતું અને તેઓ પોતાની પાછળ મુંબઈના માટુંગા સ્થિત પોતાના મકાનમાં એક સારું ગ્રંથાલય મૂકતા ગયા હતા. એમના સંબંધીઓ એ પુસ્તકાલય સાચવી રાખવા ઈચ્છુક જણાતા ન હતા. તેલંગના એક પાડોશી અને તેમની સાથે ગાઢ આત્મીયતા ધરાવનારા આર. કે પ્રભુ મારા મિત્ર હતા અને એમણે તેલંગના મુંબઈવાળા આ પુસ્તકાલયના હજારો પુસ્તકોની યાદી તૈયાર કરવાનું સાહસ કર્યું. તેઓ એ યાદી લઈને મારી પાસે આવ્યા. એમનું માનવું હતું કે આ પુસ્તકાલયને ટુકડે ટુકડે અને પસ્તીના ભાવથી વેચાતું બચાવવાનો માત્ર એક જ રસ્તો હતો કે કોઈપણ રીતે ડૉ. આંબેડકરને આ પુસ્તકાલયમાં રસ લેતા કરવા અને પ્રભુએ એ કામ મને સોંપ્યું.

પછી જ્યારે ડૉક્ટરસાહેબ મુંબઈમાં અને એમના પ્રકાશક ઠાકર કંપનીમાં આવ્યા તો મેં એ યાદી એમને આપી. એમણે પૂછ્યું કે 'આ શું છે?' તો મેં જણાવ્યું કે, 'એમાં તેલંગના મુંબઈવાળા પુસ્તકાલયના પુસ્તકોની સૂચિ છે.' 'ઓહ! બુઢ્ઢો તેલંગ ને?' તેમણે પૂછ્યું, 'ત્યારે તો મને ખબર છે કે આ પુસ્તકો સારાં છે. એ માણસને પુસ્તકોની સારી એવી ખબર હતી.' મેં એમને કહ્યું કે, 'આ પુસ્તકો વેચાઈ રહ્યાં છે.' એમણે મને પૂછ્યું કે, 'તેલંગના ઘરવાળા કેટલી કિંમત માગી રહ્યા છે? મેં જણાવ્યું કે, 'એક પુસ્તકના છ રૂપિયા.' જાણે કે તોફાન ઊમટી પડ્યું. ડૉક્ટરસાહેબ ગુસ્સાથી બોલ્યા, 'શું એ લોકો મને માને છે શું? લખપતિ?' તેઓ જાણે ચીસ પાડી રહ્યા હતા. 'ક્યાંથી આવશે એટલા પૈસા? તમને ખબર છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી પાસે સીમિત ભંડોળ છે. હવે, રાવ, હું તમને બતાવું. તેલંગના ઘરવાળાઓને જણાવી દો કે હું બસ એક પ્રસ્તાવ મૂકીશ, વધારે નહીં. હું પુસ્તકો તપાસીશ નહીં કે એકેએક પુસ્તક જોઈશ નહીં. ભલે જાડું પુસ્તક હોય કે પાતળું ચોપાનિયું, હું બધાની એક જ કિંમત આપીશ, દરેક પુસ્તકના બે રૂપિયા. આપો અથવા ન આપો અને એ બાબતે કોઈ વિવાદ નહીં હોય. સમજ્યા?' હું સમજી ગયો હતો. આખરે તેલંગના ઘરવાળાઓએ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને પુસ્તકોને ટ્રેક્ટરમાં ખડકીને સિદ્ધાર્થ કૉલેજ પહોંચાડવાની જવાબદારી મને સોંપવામાં આવી. મારો વિશ્વાસ છે કે અહીં તેલંગના એ પુસ્તકોનો સંગ્રહ ત્યારથી વિદ્યાર્થીઓની આગામી પેઢીઓને લાભ આપી રહ્યો છે. જો ડૉક્ટરસાહેબે ત્વરિત અને તત્પર જવાબ ન આપ્યો હોત તો તેલંગનો આ સંગ્રહ કદાચ વેરવિખેર થઈ જાત.

❑ **યુ. આર. રાવ**

**સૌજન્ય : 'દલિત અધિકાર'**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | થોડું પ્રકીર્ણ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | કર્મનું વિષચક્ર | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૬ |
| (૩) | 'વસુદેવ-હિંડી'ની શૈલી | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૦ |
| (૪) | પત્ર ચર્ચા | જાદવજી કાનજી વોરા | ૧૨ |
| | | કાકુલાલ છ. મહેતા | ૧૩ |
| | | શાંતિલાલ સી. શાહ | ૧૩ |
| (૫) | પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ | શાંતિલાલ ગઢિયા | ૧૪ |
| (૬) | સાચા અર્થમાં શાસનસમ્રાટ | ડૉ. ગંભીરસિંહ ગોહિલ | ૧૭ |
| (૭) | શ્રી મું. જૈ. યુ. સંઘ દ્વારા ૭૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન | શ્રી કેતન જાની | ૧૯ |
| (૭) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૩ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૦ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૧૨ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૩ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૯) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૦) | પંથે પંથે પાથેય...યે કહાની હૈ દીયે કી ઔર તુફાન કી | જિતેન્દ્ર શાહ | ૨૮ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૧૧ ● નવેમ્બર, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● કારતક વદિ-તિથિ-૩૦ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## થોડું પ્રકીર્ણ : ધર્મ-રાજકારણ-નાટક

(૧)

મહારાષ્ટ્ર રાજ્યનો ચૂંટણી જંગ થોડો જામ્યો અને પૂરો પણ થયો, પણ આ જંગમાં રાજકારણીઓએ પોતાનો ગંજીફો ચીપતા ચીપતા આપણા ભોળા સાધુ ભગવંતોને પણ એક 'પત્તુ' ગણી એમાં ઉતાર્યા! સંસારની પળોજણો અને માયાથી મુક્તિ મેળવવા તરફ ગતિ કરનાર સાધુ ભગવંતોને પણ આવા પ્રસંગે પાછાં આવી વ્યથા અને આક્ષેપ-પ્રતિ આક્ષેપ અને નિવેદનોના જંગ જંજાળના વમળમાં આ રાજકારણીઓએ ચોપાટના સોગઠાની જેમ ગોઠવી દીધા. સ્વાધ્યાય અને સ્વરૂપ દર્શનની આત્મ પ્રવૃત્તિની સમાધિમાં પ્રવૃત્ત આ મુનિ આત્માને ફરી આવા રાજકીય 'અધ્યાય' અને 'અન્ય દર્શન'ની ઉપાધિમાં ઝબોળ્યાં અને પરિણામે આ ચર્ચાઓ છાપાંના છાપરે ચઢી ગઈ.

**આ અંકના સૌજન્યદાતા :**

**શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ – દિલ્હીવાળા**

**સ્મૃતિ : સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ**

જીતેલા-હારેલા રાજકારણીઓ સ્વલાભે પાછાં મિત્ર બની ગયાં અને એ મહાનુભાવોએ સુષ્ટુ-સુષ્ટુ નિવેદન કરી નાંખ્યું, તેમજ 'મિચ્છામિ દુક્કડમ્' જેવાં ભવ્ય ભાવ શબ્દનોય ઉપયોગ કરી નાંખ્યો, પરંતુ સાપ ગયા અને લીસોટા રહ્યાં એ વાસ્તવિકતાએ જૈન સમાજમાં આ ચર્ચાની લીટીઓ આગળ વધતી ગઈ.

આ છાપાં ચર્ચાઓ દરમિયાન મારા પ્રાધ્યાપક મિત્ર બકુલ રાવળે ફોન કરી મને પૂછ્યુંઃ ''વૈરાગી અને નિસ્પૃહી એવા આપણા જૈન મુનિ ભગવંતો શા માટે આવી ચર્ચામાં સંડોવાતા હશે?'' બકુલભાઈ જન્મે, કર્મે અને ધર્મે તો વિપ્ર છે, એટલે વિપ્રકોધ એમને સહજ સાધ્ય હોય જ, પણ એમણે પોતાના કથનમાં 'આપણા' શબ્દ વાપર્યો એ મને ગમ્યું. બકુલભાઈના મિત્ર વર્તુળમાં જૈન મિત્રો ઘણાં, ઉપરાંત વિલેપારલેની આશાદીપ પર્યુષણ વ્યાખ્યાનમાળાના વર્ષોથી એઓ પ્રમુખ પણ.

થોડાં વરસો પહેલાં અમદાવાદમાં એક ક્રિકેટ ટીમ પરદેશ સ્પર્ધામાં જઈ રહી હતી ત્યારે ત્યાંના વિશાળ સ્ટેડિયમમાં એક જૈનમુનિ ભગવંતે ત્યાં ખાસ પધારીને એ ટીમને 'વિજયી' થવા માટે આશીર્વાદ આપ્યા હતા. પોતાને ગમતા પક્ષને વિજય થવા માટે આશીર્વાદ આપવા એટલે અન્યની હાર ઈચ્છવી. અહિંસાના ઉપાસક તો કોઈની પણ હાર ન ઈચ્છે. એમને વળી કોઈ એક પક્ષ માટે મમત શા માટે? મુનિ આત્માએ તો સર્વથા 'ધર્મ' અને 'સત્ય'નો જ 'વિજય' નહિ, માત્ર 'જય' ઈચ્છવો જોઈએ. કોઈ પણ પક્ષની હિંસા કે હાર થકી સ્વપક્ષનો જો વિજય થતો હોય તો એવી અનુમોદના પણ એક સૂક્ષ્મ હિંસા જ છે. સત્ય પ્રકાશમાન થાવ અને ધર્મનો જ જય થાવ આ ભાવના જ ઉન્નત અને ઉર્ધ્વગામી ભાવ છે.

આ જમાનો બ્રાન્ડ એમ્બેસેડરનો છે. દરેક ઉચ્ચ શ્રેષ્ઠી સમાજ, સમાજ સેવક અને રાજકારણીને કોઈ પણ એક સંત મહાત્મા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોઈએ છે. આ એમનો સ્ટેટસ સિમ્બોલ છે, અને આ સંત મહાત્માઓ પણ આ વર્ગના આવા બ્રાન્ડ એમ્બેસેડર સહજ રીતે થઈ જતા હોય છે, કારણ કે એમને પણ આ શ્રેષ્ઠિઓ, સમાજ-સેવકો અને રાજકારણીઓ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોઈતા હોય છે. જેથી એમના કાર્યોનો બહોળો પ્રચાર થાય અને એ સર્વે સર્વ સ્થળે ઉપયોગી થાય. આ અન્યો અન્ય ભાવ છે. પછી એમાંથી 'સેવા' અને 'ધર્મ'નું ક્યારે બાષ્પિભવન થઈ જાય છે એની ખબર પણ

પડતી નથી! બેઉ પક્ષને એક બીજાના હલેસાથી તરી જવું છે!

(૨)

જુલાઈ મહિનામાં 'પ્રબુદ્ધ જીવને' સાધુ સમાજ માટે, અમે એક ચર્ચાનો પ્રારંભ કર્યો હતો–વિહાર માર્ગ અકસ્માત અને આધુનિકતા–ચતુર્વિધ સંઘને આ ચર્ચા માટે અમે આમંત્રણ આપ્યું હતું. અમને શ્રાવક-શ્રાવિકા તરફથી અનેક પત્રો મળ્યા છે જે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થઈ રહ્યાં છે. પરંતુ આજ સુધી કોઈ પણ જૈન સાધુ-સાધ્વીશ્રીએ આ વિષયની કોઈ ચર્ચા કરી નથી, કે કોઈ પત્ર અમને આ વર્ગ તરફથી પ્રાપ્ત નથી થયો! 'પ્રબુદ્ધ જીવન'ના વાચક-લેખક વર્ગમાં જૈન સાધુ-સમાજનો વર્ગ બહોળો છે તો પણ.

(૩)

બાબરી મસ્જિદ અને રામજન્મ ભૂમિને નામે એક રાજકીય પક્ષ ભારતની ગાદી ઉપર બેસી ગયો, અને ઉતરી પણ ગયો; કારણ કે જનમાનસ ક્યારેક ઘેનનું ઝોકું ભલે ખાઈ જાય પણ સંપૂર્ણ ઊંઘી તો નથી જ જતું. 'ગર્વ સે કહો હમ હિંદુ હૈ' એ અવાજ ચિરંજીવ ન બન્યો. અહીં કાર્લ માર્કસના શબ્દો યાદ આવે છે, એ મહાન વાસ્તવિક ચિંતકે કહ્યું હતું કે, 'ધર્મ એક અફીણ છે.'

રાગ કેવા ખેલ ખેલાવે છે? બાળા સાહેબ ઠાકરેને પુત્રરાગ તીવ્ર ન હોત અને રાજને સંભાળી લીધા હોત અને રાજે પોતાની મહત્ત્વાકાંક્ષા થોડી સીમિત કરી હોત તો આજે મહારાષ્ટ્ર ઉપર શીવસેનાનું રાજ હોત જ. રાજકારણમાં વ્હાલા અને સારાની પસંદગી કામ નથી આવતી. 'શાણા'ની પસંદગીમાં જ 'શાણપણ' છે. પરંતુ જે થાય છે તે અંતે તો કર્માધિન હોય છે. 'બુદ્ધિ કર્માણુ સારિણી'! માનવના પૂર્વ કર્મફળને પ્રમાણે જ બુદ્ધિ પોતાના નિર્ણયો લે છે. નહેરુ વંશજ રાહુલ ગાંધી શાણા છે, એટલે સર્વ પ્રથમ પોતાની પાત્રતા સિદ્ધ કરવાના માર્ગે છે. સત્તાની લગામ સંભાળવા કરતા એમને લોકો સત્તા આપે એવી પાત્રતાનો માર્ગ સ્વીકાર્યો છે, અને એવી પાત્રતા સિદ્ધ થાય તો જનતાએ પણ નહેરુ વંશ માટેના પૂર્વગ્રહથી મુક્ત થવું એટલું જ જરૂરી છે.

(૪)

**નાટક**

છેલ્લા બે પાંચ વર્ષમાં મુંબઈનો નાટ્ય ઉદ્યોગ–(જી, હા, સિનેમા ઉદ્યોગ કહેવાય તો નાટ્ય ઉદ્યોગ કેમ ન કહેવાય? બન્નેનો વિશેષ ધ્યેય તો પૈસા કમાવવાનો જ છે. અત્યારે ગુજરાતી નાટકોનો 'ધન' યુગ ચાલે છે. પ્રત્યેક રવિવારનું 'પ્રવાસી' જૂઓ, નાટકની જા.ખ. બે પૂરાં પાનામાં–'સુવર્ણ યુગ' તો ગયો, જે પાયામાં હતો.)– પોતાના નાટકમાં જૈન ધર્મની કથાને કેન્દ્ર સ્થાને રાખીને એવાં નાટકો નિર્માતાઓ પ્રસ્તુત કરી રહ્યા છે, કારણકે એમના પ્રેક્ષક વર્ગમાં જૈનોની સંખ્યા વિશેષ છે. ઉપરાંત જૈન મંડળોનો પણ આ નાટય ઉદ્યોગને ઉષ્માભર્યો સાથ છે, જે અભિનંદનને પાત્ર છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં દૃષ્ટિ કરીએ તો જણાય છે કે જૈન મુનિ ભગવંતોએ અનેક વિષયમાં અઢળક અને અમૂલ્ય સાહિત્યનું સર્જન કર્યું હતું, એમાં નાટક પણ છે.

જૈનોના 'રાયપસેણી સુત્ત' નામના આગમ ગ્રંથમાં એક કથા છે કે એકવાર ભગવાન મહાવીર ફરતાં ફરતાં આમલકપ્પા નગરીમાં પહોંચ્યાં અને આમ્બસાલ વનમાં અશોક વૃક્ષની નીચે એક મોટી કાળી શીલા પર બિરાજમાન થયા. એ સમયે સ્વર્ગના સૂર્યભદેવ એમની વંદના કરવા આવ્યા અને સૂર્યભદેવે બત્રીશ પ્રકારના અભિનયાત્મક નાટક કરી બતાવ્યાં. આ બત્રીશ પ્રકારના અભિનયમાં કેટલાંક તો એવા છે કે જે ભરતના નાટ્યશાસ્ત્રમાં પણ જોવા મળે છે, એટલે આ કથાથી સિદ્ધ થાય છે કે જૈનોમાં પણ મહાપુરુષના આદરને માટે અભિનય કરવાની પરંપરા હતી.

જૈન મુનિ ભગવંતોએ સાહિત્યના સર્વ પ્રકારનું સર્જન કર્યું છે. એમાં નાટકોનું સર્જન પણ ગણનાપાત્ર છે. 'રઘુવિલાસ', 'નલ વિલાસ', 'સત્ય હરિશ્ચંદ્ર', 'કૌમુદી ચિત્રાનંદ', 'નિર્ભય ભીમવ્યાયોગ', 'રંભા મંજરી', 'મોહ પરાજય', 'કુમુદચંદ્ર', 'દ્રૌપદી સ્વયંવર' વગેરે અનેક નાટકોની યાદી જૈન સાહિત્યના ઈતિહાસમાં છે જે આશ્ચર્યકારક છે.

વિશેષ આશ્ચર્યની હકીકત તો એ છે કે જેમ પાંચમા વેદ જેવા 'નાટ્યશાસ્ત્ર'ની ઋષિ ભરતે રચના કરી હતી તેમ ૧૧–૧૨મી સદીમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય સાધુ ભગવંત મહાકવિ શ્રી રામચંદ્રે ભરત મુનિના નાટ્યશાસ્ત્ર જેવા જ **'નાટ્ય દર્પણ'** ગ્રંથની રચના કરી હતી.

આ 'નાટ્ય દર્પણ'માં નાટ્યશાસ્ત્ર, રસશાસ્ત્ર અને અભિનયકલા પરત્વે કેટલાંક મહત્ત્વના અને તે કાળને લક્ષમાં લઈએ તો પ્રણાલિકાભંજક ગણી શકાય એવા વિધાનો કર્યા છે. પૂર્વ કાળના સર્વ અલંકાર અને નાટ્યશાસ્ત્રીઓનું વિધાન હતું કે નાટકમાં 'રસ એ બ્રહ્માનંદ' સમાન એટલે એ આનંદ આપનાર જ હોવો જોઈએ. પણ મહાકવિ મુનિ રામચંદ્રે આ 'નાટ્ય દર્પણ' ગ્રંથમાં એવું વિધાન કર્યું કે નાટકમાં 'सुख दुःखात्मवोरसः' એમ સુખ-દુઃખ બે પ્રકારના વિભક્ત રસ હોવા જોઈએ, લોકો અભિનેતાનું ચાતુર્ય જોવા માટે દુઃખાત્મક નાટક જોવા જાય છે, નાટકનો હેતુ માત્ર આનંદ આપવાનો જ નહિ, પરંતુ જીવનમાં રહેલી કરુણતાનું વાસ્તવિક દર્શન કરાવવાનો હેતુ પણ હોવો જોઈએ. આથી પણ વધુ તો મુનિ રામચંદ્રે પૂર્વકાલિન નાટ્યાચાર્યોની બીજી એક માન્યતાનો સચોટ વિરોધ કર્યો છે તે જોવા જેવું છે. એ પૂર્વાચાર્યોની એવી માન્યતા હતી કે અભિનેતા જે સંવેદનો અને ભાવનાઓ પોતાના અભિનયમાં વ્યક્ત કરે છે તે એ પોતે અનુભવતો નથી; એટલે એ માત્ર તત્ સમ છે, માત્ર એ પાત્રની અભિવ્યક્તિ છે, જ્યારે મુનિ

રામચંદ્ર એવું વિધાન કરે છે કે અભિનેતા જો એ પાત્રના ભાવનો પોતે અનુભવ ન કરે તો પોતાના પાત્રનો ભાવ પ્રેક્ષક સમક્ષ અભિવ્યક્ત ન કરી શકે. એટલે પાત્રના અનુભવના ભાવને સ્વ અનુભૂતિની કક્ષાએ અભિનેતાએ આત્મસાત કરવો જોઈએ તો જીવંત ભાવ રસની નિષ્પત્તિ શક્ય બને. એટલે પાત્રનો અનુભવ અને અભિનેતાની અનુભૂતિનો સમન્વય એ જ અભિનય, સૂત્ર ભાષામાં તદ્ભવ.

નાટ્યદર્પણમાં મુનિ રામચન્દ્રે ચુમાલીસ સંસ્કૃત નાટકોના ઉદાહરણો આપ્યા છે, એ ઉપરથી એઓશ્રીનું પોતાના વિષય પરત્વેના વિશાળ વાંચનનું આપણને પ્રમાણ મળે છે.

પ્રણાલિકાભંજક એવા આ મુનિ રામચંદ્રે લગભગ અગિયાર સંસ્કૃત નાટકો લખેલા અને એ સમયે એ ભજવાયા પણ હતા. એ નાટકોમાં કથા વસ્તુ જૈન ધર્મની કથા જ માત્ર નહિ, પણ એ સમયની લોકકથાઓને પણ એમણે પોતાના નાટકમાં સ્થાન આપ્યું હતું. નાટકના પાત્રોમાં લોકમાનસને પ્રસ્તુત કરવાનો એમને અભિગમ હતો. વિશેષ આશ્ચર્યની હકીકત તો એ છે કે એ સમયે ગુજરાતમાં લગભગ બાવીસ સંસ્કૃત નાટકો લખાયા હતા તેમાં અડધા એટલે અગિયાર તો આ મુનિ રામચંદ્રના લખેલા હતા અને હજુ વધુ એક મહા આશ્ચર્ય તો એ છે કે આ મુનિ રામચંદ્રના એક નાટક 'સત્ય હરિશ્ચંદ્ર'નું ૧૯૧૩ની સાલમાં ઈટાલિયન ભાષામાં ભાષાંતર પણ થયું હતું.

મધ્યકાલિન ઈતિહાસના સમયમાં જૈન વિદ્વાનો દ્વારા સર્જાયેલા નાટ્ય સાહિત્યની આ તો માત્ર ઝલક છે. આ વિષય ઉપર વિશદ્ શોધનિબંધ લખાય એટલું વિપૂલ નાટ્ય સાહિત્ય જૈન જ્ઞાન ભંડારોમાં ઉપલબ્ધ છે.

વર્તમાન સમયમાં પણ જૈન સાહિત્યકારો દ્વારા નાટ્ય સાહિત્ય ક્ષેત્રે પ્રદાન છે. પણ એ વિષયની વિગતે ચર્ચા કરવાનો અહીં અવકાશ નથી.

પરંતુ છેલ્લા પચાસેક વર્ષ તરફ દૃષ્ટિ કરીએ તો જૈન કથાનકને કેન્દ્રમાં રાખીને નાટકો ભજવાયા છે જ. એ વિષયમાં પણ સંશોધનાત્મક લઘુ નિબંધ તૈયાર થઈ શકે.

આ લખનારની સ્મૃતિ પ્રમાણે લગભગ ચાલીશેક વર્ષ પહેલાં સ્થૂલિભદ્ર અને રૂપકોશાની કથાને કેન્દ્રમાં રાખીને 'રૂપકોશા' નૃત્ય નાટિકાનું મંચન થયું હતું. 'જીગર અને અમી' એ નવલકથાનું નાટ્ય રૂપાંતર ભજવાયું ત્યારે પણ કદાચ જૈન સાધુના પ્રતીક પાત્રની પ્રસ્તુતી થઈ હશે. ઉપરાંત 'શ્રીપાળ-મયણા' અને 'ચંદનબાળા'ના કથાનકો પણ નાટ્ય સ્વરૂપે રંગભૂમિ ઉપર અવતર્યા હતા. આ નાટક રજૂ થતાં જૈન સાધુ કે તીર્થંકરનું પાત્ર રંગમંચ ઉપર પ્રવેશતા ખૂબ જ મોટો વિરોધ થયો હતો અને નાટકને સંકેલી લેવું પડ્યું હતું. જૈન તીર્થંકર અને જૈન સાધુવેશ રંગમંચ ઉપર પ્રવેશે એ જૈન સંપ્રદાયને માન્ય નથી. ઉપર જણાવ્યું તેમ જૈન નાટ્યકાર મુનિ રામચંદ્રે પણ પોતાના નાટકોમાં જૈન સાધુ કે તીર્થંકર વેશની પ્રસ્તુતિ કરી ન હતી.

વર્તમાનમાં લગભગ પાંચેક વર્ષના સમય દરમિયાન મુંબઈની ગુજરાતી રંગભૂમિ ઉપર જૈન કથાનક ઉપર આધારિત નાટકો પ્રસ્તુત થયા.

શીવમ્ નાટ્ય સંસ્થા દ્વારા ચરિત્રાત્મક નાટક 'મૃત્યુંજય' ભવ્ય રીતે ભજવાયું. ત્યારપછી હમણાં જ જૈન ધર્મના આચાર વિચાર પર આધારિત કાલ્પનિક કથા વસ્તુવાળું 'મારે જાવું પેલે પાર' ભજવાયું. આ બીજા નાટકમાં જૈન સાધુની વાણીને પ્રતિકાત્મક રીતે પ્રસ્તુત કરાઈ. બન્ને નાટકોને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. બન્ને નાટકોમાં કથાતત્ત્વ પ્રબળ હતું અને કલાતત્ત્વ પણ પ્રસંશનીય હતું.

હમણાં એવું જ ભવ્ય નાટ્ય 'વસ્તુપાળ તેજપાળ' ભજવાયું, ઉપરાંત 'જૈનં જયતિ શાસનમ્' પણ ભજવાઈ રહ્યું છે. આ ઉપરાંત પણ જૈન કથાને કેન્દ્રમાં રાખી કોઈક જગ્યાએ નાટકો ભજવાયા હશે, પરંતુ આ લખનાર એનાથી અજાણ છે.

પરંતુ ખાસ તો બે નાટકોનો ઉલ્લેખ કરવો છે. એ મનોજ શાહ દિગ્દર્શિત બે નાટકો 'અપૂર્વ અવસર' અને 'સિદ્ધહેમ'. નાટ્યકર્મી મનોજ શાહ રંગમંચને પૂરા સમર્પિત છે. મુંબઈની ગુજરાતી રંગભૂમિમાં મનોરંજક નાટકોની સમાંતરે આ નાટ્યકર્મીએ પોતાનો એક પ્રેક્ષક વર્ગ નિર્મી દીધો છે, એ સિદ્ધિ નાની નથી. 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ રાજચંદ્રના જીવનને ખૂબ જ ચિંતનાત્મક અને કલાત્મક રીતે પ્રસ્તુત કર્યું છે.

નાટક થોડું દીર્ઘ છે, પણ આકર્ષક અને પરિચિત કથાનક તેમજ એમાંથી પ્રગટતા ગોપિત ધ્વનિ, ચિંતન અને ઘટના ગતિને કારણે એ અસ્વાદ્ય બનતું નથી, એમાંય શ્રીમદ્ રાજચંદ્રનું પાત્ર ભજવતા કલાકાર ધર્મેન્દ્ર ગોહિલનો અભિનય તો મૂળ પાત્રને સમાધિ સ્વરૂપે આત્મસાત કરે છે. આ કલાકારને શ્રીમદ્ રાજચંદ્રના સાત્ત્વિક પાત્રમાં જૂઓ અને થોડા જ સમય પછી 'મરિઝ'ના તામસી પાત્રમાં જૂઓ, તો આ કલાકારમાં પ્રવેશેલો સાચો તદ્ભવી કલાકાર દેખાય.

'સિદ્ધહેમ' એ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવન ઉપર આધારિત નાટક છે. નાટકના પ્રસંગો અને સંવાદોમાં એના નાટ્યાંતર લેખક જ્હોની શાહ અને મનોજ શાહની સંશોધક દૃષ્ટિના દર્શન થાય છે. નાટ્યનાયકના જીવન અને કવન પ્રત્યે આ લેખકોએ પૂરી વફાદારી દાખવી છે. પરંતુ નાટ્ય કલાની દૃષ્ટિએ એ સંપૂર્ણ નાટક બનતું નથી. એમાં લેખકની મર્યાદા નથી, પરંતુ 'નાટક' માટે જોઈતી અનેક ઘટનાઓ ચરિત્ર નાયકના જીવનમાં નથી એટલે નાટ્યકાર પાસે પણ એ નથી, અને કાલ્પનિક વાતો લખી સત્ય અને ચિંતન ખરડાય એવું લેખક દિગ્દર્શક ઈચ્છતા નથી. આ વધુ સારું છે. કલાને વફાદાર રહેવા કરતા કથાના સત્ય જીવનને વફાદાર

રહેવું એ નાટ્યકારનો પહેલો ધર્મ છે, ફ્રેમની સુંદરતા ગૌણ છે, ચિત્રની ભવ્યતાનું વધુ મહત્ત્વ છે.

હેમચંદ્રાચાર્યનું પાત્ર ભજવતા દિગ્દર્શક મનોજ શાહ મૂળ પાત્ર જેવા સંપૂર્ણ રીતે ઉપસી શકતા નથી, પરંતુ પ્રેક્ષકોને પ્રભાવિત જરૂર કરી જાય છે. પરંતુ હેમચંદ્રાચાર્ય તરીકેનો એમનો સાધુવેશે પ્રવેશ ગમતો નથી, મનને-આત્માને ખૂંચે છે. આ સાધુવેશમાં પણ અપૂર્ણતા છે અને પાત્રની અભિનય મુદ્રામાં પણ સ્પષ્ટતા અને સંપૂર્ણતા નથી. સાધુવેશ વગર પણ હેમચંદ્રચાર્યને પ્રગટ કરી શકાય, અને એ જ તો દિગ્દર્શક માટે 'ચેલેંજ' છે. પ્રેક્ષકોના હૃદયમાં શ્રદ્ધસ્થ થયેલી પરંપરાને ખંડિત કરવાનો કોઈ કલાકારને હક નથી.

આ રીતે ભવિષ્યમાં પણ જૈન સાધુવેશ રંગમંચ ઉપર આવવા લાગશે તો નાટકની વેશભૂષાના વેપારીની દુકાનેથી હવે જૈન સાધુનો ઓઘો, ગોચરી પાત્રા અને શ્વેત વસ્ત્રો વગેરે પણ વેચાવવા લાગશે અને ભાડે પણ મળશે. શાસ્ત્ર અને ધર્મ આજ્ઞા વિરુદ્ધ આવો ચીલો પાડવા શા માટે નિમિત્ત બનવું?

જૈન સાધુનો વેશ એ આભૂષણ છે, પરમ પવિત્ર છે, અને એક વખત એ શરીર ઉપર ધારણ કર્યા પછી માનવ પિંડના અંતિમ શ્વાસ સુધી એ આ પિંડ ઉપરથી ઉતરે જ નહિ. આ નાટકમાં લેખક-દિગ્દર્શકે જ એક પ્રસંગ એવો પ્રસ્તુત કર્યો છે કે ઉદા મહેતા જીવનની અંતિમ પળે મુનિ દર્શનની વાંછા કરે છે અને એક બહુરૂપી એવો વેશ ધારણ કરે છે અને પછી આ સાધુ વેશ ઉતારતો જ નથી, અને જૈન દીક્ષા સ્વીકારી લે છે.

જૈન સાહિત્યમાં તો કથાઓનો ભંડાર છે. આપણે અપેક્ષા રાખીએ કે એ જૈન કથાઓને કેન્દ્રમાં રાખીને આ કલાકાર મનોજ શાહ આપણને નાટકો આપતા રહે, કારણ કે એ માટે એઓ પૂરાં સક્ષમ છે. આવા નાટકોથી કલાની સાથોસાથ, અહિંસા, વિશ્વશાંતિ અને સંપના સંદેશાઓનું ગુંજન થશે.

(૫)

ધર્મ-રાજકારણ–નાટક વિશે ઘણું લખાઈ ગયું?!
ઈશ્વર અલ્લાહ તેરો નામ
સબકો **'ઉન્નતિ'** દે ભગવાન.

❑ **ધનવંત શાહ**

# કર્મનું વિષચક્ર

## ❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

કર્મ શબ્દ એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમા સ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે–'સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલનાદત્તે' (૮/૨) અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાના પુદ્ગલોને (૮/૨) ગ્રહણ કરે છે તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિદ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે-'આત્મપ્રવૃત્ત્યા કૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદ્ગલાઃ કર્મ' (૪/૧) અર્થાત્ આત્માની (સત્-અસત્ અથવા શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મ વર્ગણાના વિશિષ્ટ પુદ્ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે ત્યારે તે કર્મ કહેવાય છે. વ્યવહારની ભાષામાં કાર્ય અથવા પ્રવૃત્તિને પણ કર્મ કહેવાય છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌદ્ધ દર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મ વર્ગણાને યોગ્ય પુદ્ગલો સમસ્ત લોકમાં ફેલાયેલા છે. સામાન્ય પુદ્ગલ–સ્કંધો આઠ સ્પર્શયુક્ત હોય છે પણ કર્મ વર્ગણાના પુદ્ગલ–સ્કંધો માત્ર ચાર સ્પર્શ જ ધરાવે છે. સ્નિગ્ધ/રુક્ષ અને શીત/ઉષ્ણ. તે ચતુઃસ્પર્શી હોવાથી અતિ સૂક્ષ્મ છે અને ચર્મ-ચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકતા નથી, પણ એમાં સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્ગલો ન્યુટ્રલ (neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ શક્તિશાળી બને છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ તો જડ છે, પુદ્ગલ છે તો પછી એ બન્નેનો સંબંધ કેવી રીતે થાય છે? એનો ઉત્તર છે કે માત્ર સંસારી આત્માને જ કર્મનો બંધ થાય છે. એકવાર આત્મા સંપૂર્ણ કર્મથી મુક્ત બને પછી એ સિદ્ધ બની જાય છે. અને નવા કર્મો નથી બાંધતો. તો સંસારી આત્મા અને કર્મનો સંબંધ ક્યારથી છે? એનો ઉત્તર છે–જીવ અને કર્મનો સંબંધ અપશ્ચાનુપૂર્વક એટલે કે અનાદિ કાળથી છે. જ્યારે પૂર્વજનિત કર્મ ઉદયમાં આવે છે ત્યારે આત્મા શરીરાદિ દ્વારા પ્રવૃત્તિ કરે છે, અને પ્રત્યેક પ્રવૃત્તિ નવા કર્મબંધનમાં પરિણામે છે. આમ આ કર્મનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે–મનની, વચનની અને કાયાની. આ ત્રણે પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં યોગ કહેવાય છે–મનયોગ, વચનયોગ અને કાયાયોગ. યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. કર્મના મુખ્ય બે ભેદ છે–પુણ્ય અને પાપ. તાત્ત્વિક દૃષ્ટિએ કર્મના આઠ ભેદ છે–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય-આ ચાર કર્મોને ઘાતીકર્મ કહેવામાં આવે છે, કારણકે એ આત્માના મૂળ ગુણોનું આવરણ કરે છે. આત્માના ૪ મૂળ–સ્વાભાવિક (innate) ગુણો છે–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ. ૪ ઘાતી કર્મો ક્રમશઃ આ ચારે ગુણોનો ઘાત કરે છે. બાકીના ચાર કર્મો–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર–આત્માના ગુણોનો ઘાત

ન કરતા હોવાથી એને 'અઘાતી' કર્મ પણ કહેવાય છે.

આ ચાર અઘાતી કર્મો આત્માની પ્રવૃત્તિઓનું નિયોજન કરે છે, પ્રોગ્રામ બનાવે છે, ભવિષ્યના કાર્યક્રમો ઘડે છે. નામ કર્મ આગળના ભવમાં ગતિ કરાવે છે, શરીર બનાવે છે, ઈન્દ્રિય વગેરે સાધન બનાવે છે. ટૂંકમાં એ ચિત્રકાર છે. ચાર ગતિમાં જીવના નવા નવા રૂપો બનાવે છે. આયુષ્ય કર્મ જીવના પ્રત્યેક ભવની કાળસ્થિતિ બનાવે છે–Time bound Programme બનાવે છે. એ ભવસ્થિતિ બનાવે છે જે પૂરી થતાં જ એ બીજા ભવમાં જાય છે. વેદનીય કર્મ આત્માને શાતા-અશાતા અથવા સુખદુઃખનો અનુભવ કરાવે છે. ગોત્ર કર્મ જીવને ઉચ્ચ અથવા નીચ ગોત્રમાં લઈ જાય છે. એના કૂળ–કુટુંબ–statusનો નિર્ણય કરે છે. આમ ભવિષ્યનો પૂરો કાર્યક્રમ આ ચાર અઘાતી કર્મો નક્કી કરે છે.

ચાર ઘાતી કર્મો પણ જીવના સ્વાભાવિક ગુણો–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો સંપૂર્ણ ઘાત નથી કરી શકતા. પ્રત્યેક જીવમાં આ ચારેય ગુણોનું એક એક કિરણ હંમેશ પ્રકાશિત રહે જ છે. આ છે ચિત્તની–ચેતનાની શુદ્ધ ભાવધારા. ભગવાને કહ્યું છે પ્રત્યેક જીવમાં અક્ષરના અનંતમાં ભાગ જેટલાં જ્ઞાનાદિ હંમેશ હોય જ છે. નહીંતર જીવનો અજીવ થઈ જાય, ચેતનમાંથી જડ બની જાય.

આત્મા અને કર્મનો સંબંધ થાય તેને 'બંધ' કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય–ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ, એની સમય–મર્યાદા, અનુભાગ એની તીવ્રતા/મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ નિશ્ચિત કરે છે.

હવે આપણે આ કર્મ–બંધ–ઉદય–પ્રવૃત્તિ–પુનઃબંધના વિષચક્રની વ્યવસ્થાને દાર્શનિક–વૈજ્ઞાનિક રૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે–ચારિત્ર મોહનીય કર્મ. મોહનીય કર્મ તો બાકીના સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે, પોતાનું ભાન ભૂલી જાય છે, પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વિસરી જાય છે. કર્મની આ પ્રકૃતિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે. પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે–ચારિત્ર મોહનીય કર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે–

૧. પૂર્વજનિત ચારિત્ર મોહનીય કર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્માના સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પૂરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ–અશુભ અધ્યવસાય રૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીય કર્મોનો ઉદય આત્મામાં રાગ-દ્વેષના સંદેશ આપે છે, જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે–ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે–હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષ વેદ અને નપુંસક વેદ.

હવે આ કષાય–નોકષાયના અધ્યવસાયો (સૂક્ષ્મ સ્પંદન રૂપમાં) વિવિધ ભાવોનો–ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ્ શરીર (Bio-electric body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયાદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મિડીયા બોડી (media body) છે જે વિદ્યુત–ચુંબકીય ક્ષેત્ર (electro-magnetic field)ના કિરણો (radiation) દ્વારા કર્મ જનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (aura) રૂપમાં પ્રગટીકરણ (manifestration) આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત–આ ત્રણ અશુભ–માઠી લેશ્યાઓ છે અને પદ્મ, તેજસ્ અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળાં–ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભામંડળ પરથી–એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે. નરી આંખે ન જોઈ શકાતા આ રંગો–તરંગો–ક્રીલીયન કેમેરે વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ-તરંગરૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવ તંત્રને પ્રભાવિત કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવાંશિક સિદ્ધાંત અનુસાર માતા–પિતાના જીન (genes)નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એક સરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડી.એન.એ. (DNA)ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે. પણ બંન્નેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે બંન્નેએ કરેલા પોતપોતાના કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

અત્યાર સુધી સૂક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (urges, impulses, instincts) સ્થૂળ જગતમાં પ્રવેશે છે અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કૉમ્પ્યુટર (super computer)ને સક્રિય કરી એને નિર્દેશ (command) આપે છે. આ આપણી મસ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લીમ્બીક સીસ્ટમ (limbic system) કહેવાય છે.

હવે જે લાગણીઓ–વૃત્તિઓ–(feelings-emotions-passions) ઉત્પન્ન થાય છે, એ આપણા ગ્રંથિતંત્રને (neuro-endocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતર થાય છે, જે આપણી અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવો દ્વારા મોટર નર્વ્સને (motor nerves) પહોંચાડે

છે. આપણી અદ્‌ભૂત નરવસ સિસ્ટમ (નાડી તંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે અને આ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે. યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે અને નવાં કર્મોનો બંધ થાય છે એ સમયે કષાયાદિની તીવ્રતા–મંદતાના આધારે નવાં કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવાં કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછા ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવાં કર્મો બંધાય છે. આમ કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ–મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

એકાંત દુઃખમય સંસારમાંથી છૂટવા માટે કર્મના આ વિષચક્રને તોડવાની જરૂર છે. આને માટે આવશ્યક પગલું છે આત્માના પોતાના ગુણોને જાણવાનું 'હું આત્મા છું, શરીર નથી', એવું ભેદજ્ઞાન થવાથી જ આત્માર્થી થવાય છે.

ભગવાન મહાવીરે આત્માને કર્મના વિષચક્રમાંથી છૂટવા માટે, આત્માના શુદ્ધિકરણ, ઉત્તરીકરણ માટે બે માર્ગો બતાવ્યા છે–સંવર અને નિર્જરા. સંવર એટલે નવાં કર્મોના બંધને રોકવાની પ્રક્રિયા. આશ્રવ એટલે આત્માના કલુષિત ભાવો જેનાથી કર્મબંધ થાય. આ આશ્રવનો નિરોધ કરવો એનું નામ સંવર. આને માટેનું પગલું છે–સમ્યક દર્શનની–બોધિરત્નની પ્રાપ્તિ. જે વસ્તુ જેવી છે તેવી એના ખરા સ્વરૂપમાં જાણવી સમ્યક્‌જ્ઞાન છે, એને બોધિ-સંબોધિ પણ કહેવામાં આવે છે. આ બોધિ રત્ન પ્રાપ્ત કરવા માટે દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ કરવાની જરૂર છે, કારણ કે આ કર્મ આત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન નથી થવા દેતું.

આત્માની શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાંખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે-કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એજ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન–વચન–કાયાની પ્રવૃત્તિ, તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે હવે આ પ્રવૃત્તિઓનો એક માત્ર ઉદ્દેશ હશે–આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સર્વપ્રથમ પગલું છે–સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે 'સાવજ્જં જોગં પચ્ચખામિ'. 'સર્વ પ્રકારા સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું. અર્થાત્ ચોક્કસ સમય (૪૮ મિનીટ) સુધી હું કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ નહીં કરું. મારા મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એકપણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

પ્રત્યેક કાર્ય માટે પાંચ સમવાય–કારણો હોય છે–કાળ, સ્વભાવ, કર્મ (પ્રારબ્ધ અથવા નસીબ), પુરુષાર્થ અને નિયતિ. પ્રત્યેક કાર્ય એનો સમય આવે ત્યારે થાય છે. પદાર્થના સ્વભાવ પ્રમાણે થાય છે અને જીવના કર્મ–પ્રારબ્ધ અનુસાર અથવા તો ઈશ્વરની ઈચ્છા અનુસાર થાય છે. પણ જૈન દર્શન નિતાંત વ્યક્તિવાદી અને પુરુષાર્થવાદી દર્શન છે. એ દૃઢપણે માને છે કે આત્મા પોતાના પુરુષાર્થથી કર્મને–ભાગ્યને બદલી શકે છે. આત્મા પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. કર્મની દસ અવસ્થાઓમાં ત્રણ અવસ્થા છે–ઉદીરણા, સંક્રમણ અને નિયતિ. ઉદીરણા એટલે કર્મનો ફળ આપવાનો નિશ્ચિત સમય થાય એ પહેલાં એને ભોગવી લેવાં અર્થાત્ ઉદયમાં આવે તે પહેલાં એની ઉદીરણા કરી એને ભોગવી લેવાં. સંક્રમણ એટલે કે સજાતીય પ્રકૃતિનું અંદર અંદર પરિવર્તન થવું, જેમકે આત્મા ધ્યાન મંત્ર આદિ પ્રવૃત્તિ દ્વારા અશાતા વેદનીયનું શાતા વેદનીયમાં સંક્રમણ કરી શકે છે. પરંતુ 'નિકાચિક' કર્મમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. આવાં કર્મ કરતી વખતે આત્માના પરિણામ-ભાવો-એટલાં બધાં તીવ્ર હોય છે કે એ અત્યંત ચીકણા કર્મ બાંધે છે જેને એણે ભોગવવા જ પડે છે. પણ નિકાચિત સિવાયના 'દલિત' કર્મોમાં આત્મા પોતાના 'અકર્મવીર્ય'થી આત્માશક્તિથી–પુરુષાર્થથી ઉદીરણા અથવા સંક્રમણ કરી શકે છે. કર્મનું વિષચક્ર તોડવા માટે એક અન્ય પુરુષાર્થ પણ છે. એ છે–પાપ કર્મ ઉદયમાં આવે ને અશુભ ફળ આપે ત્યારે સમભાવથી–સમતાથી સહન કરવાનો. આમ કરવાથી જૂનાં કર્મ ખપી જશે નવા નહીં બંધાય. આમ આત્મા કર્મ કરતી વખતે સ્વતંત્ર હોય છે પણ ભોગવતી વખતે સ્વતંત્ર અથવા પરતંત્ર બંને હોઈ શકે છે.

જૈન કર્મવાદમાં આયુષ્ય સિવાય બધી જ જાતના કર્મને ક્ષીણ કરવાના પુરુષાર્થનું વિવેચન છે. પણ આ પુરુષાર્થ સમ્યક્ દૃષ્ટિ યુક્ત થવો જોઈએ. સમ્યક્ દૃષ્ટિ વગરનો અવળો પુરુષાર્થ પ્રત્યુત નુકસાન કરે છે. પુરુષાર્થ માટે છ વસ્તુ આવશ્યક છેઃ

'ઉદ્યમં સાહસઃ ધૈર્યં, બુદ્ધિઃ શક્તિઃ પ્રશક્રમઃ
ષડેતે યત્ર વર્તન્તે, તત્ર દૈવઃ સહાયકમ્' ।।

બીજું પગલું તે કાયોત્સર્ગ. આને માટે પ્રથમ પાંચ જાતના સંકલ્પો કરવાના છે–

૧. તસ્સ ઉત્તરી કરણેણં–તે પાપકારી પ્રવૃત્તિરૂપ આત્માનું ઉત્તરીકરણ એટલે કે શુદ્ધિકરણ કરવા માટે.

૨. પ્રાયશ્ચિત્ત કરવા માટે–જે ભૂતકાળમાં એવી પ્રવૃત્તિઓ કરી એનું પ્રાયશ્ચિત્ત કરવા માટે.

૩. વિસોહી કરણેણં–કર્મ રૂપી રજ–મેલથી મલિન આત્માની શુદ્ધિ કરવા માટે.

૪. વિસલ્લી કરણેણં–રાગ, દ્વેષ રૂપી શલ્ય, ૪ કષાય અને નવ નોકષાય રૂપી કાંટાઓને દૂર કરવા માટે.

૫. પાપકર્મનો નાશ કરવા માટે.

'ઠામિ કાઉસગ્ગં'. હું કાયોત્સર્ગ કરું છું. સાવદ્ય વૃત્તિવાળી કાયાનો ઉત્સર્ગ–ત્યાગ કરું છું. મન, વચન અને કાયાની બધી જ

પ્રવૃત્તિઓને શાંત કરી, શરીરને શાંત, પ્રતિમાની માફક સ્થિર અને શિથિલ કરવું. શરીરની અંદર ચાલતી સ્વયં-સંચાલિત ક્રિયાઓ (autonomous activities) સિવાય બીજી બધી પ્રવૃત્તિ બંધ કરી, સ્થિર આસનમાં બેસીને મનને એકાગ્ર કરવા માટે શ્વાસ-પ્રેક્ષા કરવી. ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યકાળની કલ્પનાને બદલે માત્ર વર્તમાનમાં રહેવાનો અભ્યાસ કરવો. મનને એકાગ્ર કરવાનો સઘન પ્રયાસ કરવો. સતત અભ્યાસ કરવાથી મન એકાગ્ર થઈ શકે છે.

શરીરને શાંત, સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને, હવે બર્હિત્મામાંથી અંર્તત્મામાં પ્રવેશ કરવો. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંર્તમુખ બનાવો. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવા ચિત્તને ત્યાં લઈ જાઓ.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

(Endocrine gland)

| ચૈતન્ય કેન્દ્ર | ગ્રંથિ તંત્ર | સ્થાન |
|---|---|---|
| જ્ઞાન કેન્દ્ર | – | મસ્તકનો ઉપરનો ભાગ |
| જ્યોતિ કેન્દ્ર | પીનીયલ (pineal) | લલાટની મધ્યમાં |
| દર્શન કેન્દ્ર | પીચ્યુટરી (pitutary) | બે ભ્રૂકુટિઓની વચ્ચે |
| વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (thyroid) | ગળું |
| આનંદ કેન્દ્ર | થાઈમસ (thymus) | છાતીની મધ્યમાં |
| તેજસ કેન્દ્ર | એડ્રીનલ (adrenal) | ડૂંટીની પાછળ |
| શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ (gonads) | કરોડરજ્જુનોઅંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે જે આપણા નાડી તંત્ર (nervous system) ને વિવિધ પ્રકારના રાસાયણ સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય–મગજમાં રહેલી લીમ્બીક સિસ્ટમ (Central lumbic system) મોટર નાડી દ્વારા અલગ છે. જો ગ્રંથિતંત્ર–પર એકાગ્ર ચિત્તે વિધાયક-શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે. આમ પ્રભાવશાળી Counter Command દ્વારા અશુભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે. અવચેતન મન (sub-conscious mind) ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે–સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભા મંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે–લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળ શુદ્ધ થાય છે. કષાયાદિના અધ્યવસાયો મંદ પડે છે. આ એક અદ્‌ભૂત અને સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેનાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આ પ્રક્રિયાને આધ્યાત્મિક રંગ આપવા ચતુર્વિંશતિ સત્ત્વવ–ચોવીસ તીર્થંકરોની સ્તુતિ–લોગસ્સના પાઠના અંતિમ ચરણનો ઉપયોગ કરવામાં આવે છે.

'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિંમમદિસંતુ.'

અર્થાત્ ચંદ્રથી પણ અધિક નિર્મલ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળા, સાગરથી પણ વધુ ગંભીર એવા હે સિદ્ધ ભગવાન! મને પણ સિદ્ધિ આપો–કર્મનું વિષચક્ર તોડવાની શક્તિ આપો જેથી હું કર્મબંધનમાંથી મુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ-મુક્તામા બની જાઉં.

શુભ રંગ–તરંગોના ધ્યાન માટે ત્રણ પ્રકારના મંત્રો આમાંથી મળે છે. (૧) ચંદેસુ નિમ્મલયરા. આ મંત્રનું ધ્યાન એકાગ્ર ચિત્તે લલાટના મધ્યભાગ–જ્યોતિકેન્દ્ર–પર કરો જ્યાં ભાવનાઓ ઉત્પન્ન થાય છે. સાથે ભાવના કરો કે પૂનમના ચંદ્ર જેવો સંપૂર્ણ શીતલ નિર્મલ ચંદ્ર મારા લલાટમાં ચમકતા સફેદ રંગના તરંગો પ્રકાશિત કરી રહ્યો છે. મારી આજુબાજુ નિર્મલ–પવિત્ર શ્વેત રંગનું આભામંડળ બની ગયું છે. કષાયના, મોહના, રાગદ્વેષના, ઈર્ષાના, વેર-ઝેરના વિષય-વિકાર-કામ-વાસના-આવેશો, આવેગો, ઉત્તેજનાઓ શાંત-પ્રશાંત-ઉપશાંત થઈ રહ્યા છે. શુક્લ લેશ્યાના તરંગોથી હું પરમ પવિત્રતાનો–શાંતિનો અનુભવ કરી રહ્યો છું.

(૨) 'આઈચ્ચેસુ અદિયં પયાસથરા–આ મંત્રનું ધ્યાન બંને ભ્રૂકુટિઓની વચ્ચે–દર્શન કેન્દ્ર પર અરુણ રંગની સાથે કરો. દર્શન કેન્દ્ર પર સૂર્યોદય થઈ રહ્યો છે. એના અરુણ કિરણો મને તેજસ્વી બનાવે છે. તેજસ્ લેશ્યાના તરંગોથી મારી મલિનતા દૂર થઈ રહી છે, કષાયરૂપી તિમિર દૂર થઈ ગયું છે ને મારા સમસ્ત અસ્તિત્વમાં પ્રકાશ ફેલાઈ ગયો છે.

૩. 'સાગરવર ગંભીરા'–આ મંત્રનું ધ્યાન માથાના ઉપરના ભાગમાં–જ્ઞાનકેન્દ્રમાં કરો. સાથે ચમકતા પીળા રંગનો અનુભવ કરો. હું મહાસાગર જેવો ગંભીર બની રહ્યો છું. સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન, સફળતા-નિષ્ફળતા, સંયોગ-વિયોગ, હર્ષ-શોક આદિ દ્વંદ્વોથી મુક્ત સમતાના મહાન સાગરમાં આત્માનંદનો અનુભવ કરી રહ્યો છું.

આમ આ ઉત્તમ રંગના તરંગો આપણા સૂક્ષ્મ તેજસ શરીર દ્વારા અંતરાત્માને પહોંચે છે ત્યારે કર્મની શક્તિ મંદ પડી જાય છે, એક અતિ પ્રભાવક શક્તિ જાગૃત થાય છે અને આત્માનું શુદ્ધિકરણ થતું જાય છે. નિકાચિત સિવાયના કર્મો ક્ષીણ થાય છે. અશુભ કર્મોનું શુભ કર્મોમાં સંક્રમણ થાય છે. શુદ્ધ આત્માનો આનંદ અને શક્તિનો અનુભવ થવા લાગે છે. આત્માને સાક્ષાત્કાર થાય છે અને આમ કર્મનું વિષચક્ર નબળું પડી તૂટતું જાય છે.

(આ લેખ પૂ. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, મારા પૂ. પિતાશ્રી સ્વ. જેઠાભાઈ ઝવેરી તથા મારા મુનિ-બંધુ પ્રો. મુનિ શ્રી મહેન્દ્રકુમારજીના પુસ્તકો–સત્સંગ આદિ ઉપરથી અને મારા લઘુબંધુ અરુણના સહયોગથી લખ્યો છે. ✷ ✷✷

૭૫મી પર્યુષણ વ્યાખ્યામાળામાંતા. ૨૦-૮-૨૦૦૯ના રોજ આપેલું વક્તવ્ય

અર્હમ્, ૨૬૬, સાયન (પૂર્વ), ગાંધી મારકેટ પાસે, મુંબઈ- ૪૦૦ ૦૨૨.
ટેલિફોન : ૨૪૦૪૨૦૪૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.

# 'વસુદેવ-હિંડી'ની શૈલી

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

થોડાંક વર્ષો પૂર્વે મેં 'પ્રબુદ્ધ જીવન'માં, શ્રી સંઘદાસગણિ વાચક-વિરચિત 'વસુદેવ-હિંડી'ના અલંકારો સંબંધે એક લેખ લખેલો. 'વસુદેવ-હિંડી'ના બીજા વાંચને મને એની શૈલીએ મુગ્ધ કર્યો ને 'પ્ર.જી.'ના વાંચકોને આછોપાતળો ખ્યાલ આપવા માટે કેટલાક ગદ્ય-નમૂના તારવ્યા. આમ તો મેં મારા અભ્યાસ માટે લગભગ પંદરેક નમૂના તારવ્યા છે પણ અહીં પૃષ્ઠ મર્યાદાનો ખ્યાલ રાખી એમાંના ગણતરની જ ચર્ચા કરી છે.

'વસુદેવ-હિંડી'નો વાચ્યાર્થ છે 'વસુદેવનું પરિભ્રમણ' શ્રીકૃષ્ણના પિતા વસુદેવે એમની યુવાવસ્થામાં જ ગૃહત્યાગ કરીને અનેક દેશોમાં પરિભ્રમણ કર્યું. ભાતભાતના અનુભવો મેળવ્યા અને અનેક માનવ તથા વિદ્યાધર કન્યાઓના પરિચયમાં આવ્યા. પોતાની અનેક દેશીય પ્રતિભાથી અનેક કન્યાઓ સાથે પ્રેમ કરી પરણ્યા-એ કથા ભાગનું મુખ્ય ક્લેવર છે; પણ આ પ્રાકૃત કૃતિમાં કર્તાએ અનેક ધર્મકથાઓ, લોકકથાઓ અને વાદસ્થળો તેમજ તીર્થંકરો, ધર્મપરાયણ સાધુઓ અને ધાર્મિક પુરુષોનાં ચરિત્રો અને બીજી અનેક વસ્તુઓનું નિરૂપણ કરીને કવચિત્ સાહિત્યિક સપ્રમાણતાનો ભોગ આપીને પણ આ ગ્રંથને એક મહાકાય ધર્મકથા તરીકે રજૂ કર્યો છે.'

ડૉ. ભોગીલાલ સાંડેસરા અનુવાદિત 'વસુદેવ-હિંડી'નું પ્રકાશન કરતાં શ્રી હસુ યાજ્ઞિક લખે છેઃ 'એક કથાનાયકના પ્રવાસ અને તે નિમિત્તે થતાં સાહસોના આલેખનમાં જે રીતે 'કથા સરિત્સાગર'માં પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યના લગભગ પ્રત્યેક કથા પ્રકારનું પ્રતિનિધિત્વ જાળવવાનું શક્ય બન્યું છે તેમ તે જ પરિપાટી પર પ્રાકૃત કથાગ્રંથ 'વસુદેવ-હિંડી'માં બન્યું છે. આપણું પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશનો વંશવારસો લઈને આવે છે, એ રીતે ગુજરાતી કથાસાહિત્યનો આ પૂર્વજ ગ્રંથ છે.' ગ્રંથના ૨૮ લંભકોમાં અનેક કથાઓ અને આડકથાઓનો સમાવેશ થયો છે. લોકોની દૃષ્ટિ વડે જેની સુંદરતા જોવાતી હતી એવા મુકુટના સ્થાનરૂપ તથા છત્રના જેવી આકૃતિ યુક્ત મસ્તકવાળા, ભમરાઓના સમૂહ જેવા કાળા, વાંકા, દક્ષિણાવર્ત અને સ્નિગ્ધ કેશવાળા, શરદઋતુના પૂર્ણચન્દ્ર જેવા સૌમ્ય વદન ચંદ્રવાળા, અષ્ટમીના ચંદ્ર જેવા લલાટવાળા, રવિનાં કિરણોથી વિકાસ પામેલા કમળ જેવી આંખવાળા, સુંદર નાસિકાવાળા, ઈન્દ્રગોપ અને પરવાળા જેવા રાતા હોઠવાળા, સર્પની બહાર કાઢેલી જીભના સમાન વર્ણયુક્ત જીભવાળા, કમળમાં મૂકેલી મોગરાની કળીઓની માળા સમાન દાંતવાળા, જેના ઉપર કુંડળ લટકી રહ્યાં છે એવા રમણીય શ્રવણવાળા, મોટી હડપચીવાળા, ત્રિલેખાથી યુક્ત શંખ સમાન ડોકવાળા, ઉત્તમ મણિના શિલાતલ સમાન વિશાલ વક્ષઃસ્થળવાળા, જેના પ્રકોષ્ઠ તથા શરીરના સાંધાઓ સુશ્લિષ્ટ છે એવા, નગરની ભોગળ જેવી દીર્ઘ ભુજાઓવાળા, ઉત્તમ લક્ષણોથી અંકિત અને પુષ્ટ હસ્તકવાળા, મનોહર રોમરાજિથી વ્યાપ્ત અને હાથના પંજામાં ગ્રહણ કરી શકાય એવા મધ્ય ભાગવાળા, વિકાસ પામતા પદ્મ સમાન નાભિવાળા, ઉત્તમ અશ્વના જેવી ગોળ કટિવાળા, હાથીની સૂંઢ જેવા રમ્ય અને સ્થિર ઊરુવાળા, (માંસલ સ્નાયુઓમાં) ઢંકાયેલા જાનુવાળા, હરિણના જેવી ઘૂંટીવાળા, શંખ, ચક્ર અને છત્ર વડે અંકિત, કોમલ અને કૂર્મ જેવા આકારયુક્ત ચરણવાળા, મસ્ત વૃષભ જેવી લલિત ગતિવાળા, શ્રવણ મનોહર, ઉત્તમ અર્થયુક્ત અને રિભિત વાણીવાળા તથા આખા મહીતલનું પાલન કરવાને યોગ્ય એવા તેને (વસુદેવને) મેં જોયા.'

['વસુદેવ-હિંડી'ના 'પદ્માલંભક'માં વસુદેવવર્ણન)] બાણની કાદંબરી-શૈલીનું સ્મરણ કરાયે એવી પ્રકૃષ્ટ રીતિએ અહીં વસુદેવનું વર્ણન થયું છે. એના અલંકારો પણ સંસ્કૃત-પરિપાટીના છે. આ નખશિખ વર્ણનમાં શરૂઆત શિખાથી તે ચરણ કમલના અંત સુધીની છે. મુકુટ, મસ્તક, કેશ, વદન, લલાટ, નયન, નાસિકા, ઓષ્ઠ, જીભ, દંતપંક્તિ, કર્ણ, હડપચી, ગ્રીવા, વૃક્ષસ્થલ, ભુજાઓ, હસ્ત, રોમરાજિ, કટિપ્રદેશ, નાભિ, ઊરુ, જાનુ, ઘૂંટી, ચરણ, ગતિ, વાણી સર્વને માટે આ વિશાલ વિશ્વની પ્રકૃતિમાંથી ઉપમાનોની વણઝાર લીલયા ખડી થઈ જાય છે.

નવા શિરીષના સુંદર પુષ્પ સમાન રંગવાળા અને સોનાના કર્મ જેવા ઘાટીલા પગવાળી, અત્યંત, વિભ્રમ (વિલાસ)થી ચકિત કરે એવાં અને કેળના સ્તંભ જેવાં ઊરુ યુગલવાળી મોટી નદીના પુલિનના સ્પર્શ જેવી સુંવાળી જંઘાવાળી, ફાડેલા રક્તાંશુકના મધ્ય ભાગની લાલિમા જેવું અત્યંત લાલ વસ્ત્ર જેણે પહેર્યું છે એવી, હંસોના સમૂહ જેવો શબ્દ કરતી કટિમેખલાવાળી, ઈષત્ રોમરાજિવાળી, કામ અને રતિના જેવાં (અથવા કામવાસનાની વૃદ્ધિ કરનારાં), ઉરતટની શોભા વધારનારાં, પરસ્પર સંઘર્ષ થવા છતાં સજ્જનની મૈત્રીની જેમ વૃદ્ધિ પામતાં તથા જેમની વચ્ચે અંતર નથી એવાં સ્તનોવાળી તથા રોમયુક્ત બાહુલતાવાળી રાતી હથેળીવાળા, કોમળ, જેમાં ઘણી રેખાઓ નથી એવા, ક્રમપૂર્વક ગોળ તથા ઘાટીલી આંગળીઓ તથા લાલ નખ વડે યુક્ત એવા અગ્રહસ્તવાળી, ઘણા લાંબા નહીં એવા લાલ હોઠવાળી, ક્રમયુક્ત, શુદ્ધ અને સુંદર દંત પંક્તિવાળી, રક્ત કમળના પત્ર જેવી જીભવાળી, ઉત્તમ અને ઉન્નત નાસિકાવાળી, પોશમાં સમાય એવી, લાંબી, નીલ કમળના પત્ર જેવી આંખોવાળી, સંગત ભ્રૂકુટિવાળી, પાંચમના ચંદ્ર સમાન લલાટ

પટ્ટવાળી તથા કાજળ અને ભ્રમરોના સમૂહ જેવા કાળા, મૃદુ, વિશદ અને જેમાંથી સુગંધ નીકળે છે એવાં સર્વ કુસુમો વડે સુવાસિત અને શોભતા કેશવાળી, સર્વ અંગ-ઉપાંગોમાં પ્રશસ્ત અને અવિતૃષ્ણ રીતે દર્શન કરવા લાયક તે સુંદરીને મેં જોઈ.'

[શ્રી સંઘદાસગણિ વાચક-વિરચિત 'વસુદેવ-હિંડી'ના 'ધમ્મિલ-હિંડી'માં શ્યામદત્તાને જોતાં અગડદત્તનો પ્રતિભાવ.] વસુદેવ-વર્ણનમાં શરૂઆત શિખાથી તે ચરણ કમલના નખ સુધીની હતી તો, ગ્રંથના પ્રથમ કક્ષાના 'ધમ્મિલ-હિંડી'માં શરૂઆત કરી છે નખથી તે શિખાના અંત સુધીની. વર્ણનક્રમ ઉલટાવી દીધો છે. એના આદિ-અંતની ઉપમાઓનું નાવીન્ય જુઓ. 'નવા શિરીષના સુંદર પુષ્પ સમાન રંગવાળા ને સોનાના કૂર્મ જેવા ઘાટીલા પગ'થી તે 'સર્વ અંગ-ઉપાંગો'માં પ્રશસ્ત ને અવિતૃષ્ણ રીતે દર્શનીય'-એવી સુંદરીનું વર્ણન છે. વસુદેવ-વર્ણન અને શ્યામદત્તાના વર્ણનમાં ઉપમાન-ઉપમેયનું ભાગ્યે જ પુનરાવર્તન થતું હોય છે. કેટલેક સ્થળે બબ્બે ઉપમાનોની સહાય લીધી છે. કલેડામાં ધાણી ફૂટે તેમ વિશેષણો ફૂટે છે. વાક્યબંધ ક્યાંય શિથિલ પડતો લાગતો નથી. સળંગ સૂત્રતાનો સાદ્યંત અહેસાસ થાય છે.

**ભગવાન શાંતિનાથનું વર્ણન**

'દેવતા વડે પરિગૃહીત થયેલા અને સુકૃતનું જાણે પ્રતિબિંબ ન હોય એવા અતિશયયુક્ત દેહવાળા, શરદકાળના પૂર્ણચન્દ્ર જેવા સૌમ્ય વદનચંદ્રવાળા, શિશિરકાળના બાલસૂર્ય જેવા તેજયુક્ત, મનુષ્યોને પ્રીતિ ઉત્પન્ન કરનાર, સંતોષથી વિસ્તાર પામેલાં નયન કમળોની માળા વડે ચિરકાળ સુધી દર્શન કરવા લાયક, નંદનવન અને મલય પર્વતમાં ઉત્પન્ન થયેલાં પુષ્પોની સુગંધવાળા સુખદાયક પવનની જેમ ઘ્રાણને અમૃત જેવી પ્રસન્નતા અર્પનાર શીતળ અને સુરભિ સુગંધ જેમનો છે એવા, પગની આંગળીઓના પ્રશસ્ત સમૂહ વડે જેમણે કમળવનની શોભાનો સ્વીકાર કર્યો છે એવા, બળવાન મૃગરાજને પણ શિક્ષણ આપવાને સમર્થ તથા લક્ષણશાસ્ત્રને અનુકૂળ એવી સ્વચ્છંદ લલિત ગતિવાળા, સુરદુંદુભિ તેમજ જળ ભર્યા મેઘના જેવી હૃદયહારી મધુર વાણીવાળા, વિશુદ્ધ જ્ઞાનરત્ન વડે પ્રકાશિત સૂક્ષ્મ શાસ્ત્રના નિર્ણયને સમજનારા, ઉત્તમ સંહનન-વાળા મહા સત્ત્વશાલી, અનંતવીર્ય, દાતા, શરણ લેવા લાયક, દયાપર તથા વૈદૂર્ય મણિની જેમ નિરુપલેપ એવા તે ભગવાન (શાંતિનાથ) સુખપૂર્વક ઉછરતા હતા. કૃતપ્રયત્ન એવા દેવો પણ પણ તેમના ગુણસાગરનો પાર પામવાને સમર્થ નથી તો પૃથગ્જનો-સામાન્ય મનુષ્યોનું તો શું કહેવું?

ભગવાન શાંતિનાથના આ વર્ણનમાં શરદના પૂર્ણ ચંદ્ર ને શિશિરના બાલસૂર્યને, નંદનવન ને મલયગિરિને અચૂક યાદ કર્યાં છે. પણ મોટાભાગના દિવ્ય ને ભવ્ય ગુણો માટે ઉપમાન-નાવીન્ય જોવા મળે છે. 'દેવતા વડે પરિગ્રહીત થયેલા', સુકૃતનું જાણે પ્રતિબિંબ ન હોય-એવા, સંતોષથી વિસ્તાર પામેલાં નયન કમળની માળા વડે ચિરકાળ સુધી દર્શન કરવા લાયક, ઘ્રાણને અમૃત જેવી પ્રસન્નતા આપનાર, વિશુદ્ધ જ્ઞાનરત્ન વડે પ્રકાશિત સૂક્ષ્મશાસ્ત્રોના નિર્ણયને સમજનારા-આ બધા સૂચક સૂક્ષ્મ શબ્દ પ્રયોગોમાં ભગવાનના દિવ્ય વ્યક્તિત્વને યથાર્થ ઉઠાવ મળે છે. વસુદેવ ને શ્યામદત્તાના ચરિત્ર ચિત્રણ કરતાં ભગવાન શાંતિનાથના વ્યક્તિત્વના વ્યાવર્તક લક્ષણો કેટલાં બધાં ભિન્ન રીતિએ નિરૂપાયાં છે તેની પ્રતીતિ તુલના કરતાં થઈ જાય છે.

પછી મને વૃદ્ધોએ કહ્યુંઃ 'હે પ્રિયસ્વરૂપ! કહે, 'વેદનોપરમાર્થ શો છે? પછી મેં કહ્યુંઃ 'નૈરુક્તિકો કહે છે-વિદ્ ક્રિયાપદ જ્ઞાનના અર્થમાં આવે છે; તેને જાણે છે, તે વડે જાણે છે અથવા તેને વિષે જાણે છે તેથી વેદ કહેવાય છે. તેનો અમિથ્યાવાદી અર્થ તે તેનો પરમાર્થ છે.' વેદ-પારગામીઓ એથી પ્રસન્ન થયા અને મને કહ્યુંઃ 'તેનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'વિજ્ઞાન એ એનું ફળ છે.' તેઓએ કહ્યુંઃ 'વિજ્ઞાનનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'વિજ્ઞાનનું ફળ વિરતિ છે.' તેઓએ કહ્યુંઃ 'વિરતિનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'સંયમ'. તેઓ બોલ્યાઃ 'સંયમનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'સંયમનું ફળ અનાસ્રવ છે.' તેઓ બોલ્યાઃ 'અનાસ્રવનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'અનાસ્રવનું ફળ તપ છે.' તેઓ બોલ્યાઃ 'તપનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'તપનું ફળ નિર્જરા છે.' તેઓ બોલ્યાઃ 'નિર્જરાનું ફળ શું છે? મેં કહ્યુંઃ 'નિર્જરાનું ફળ કેવળજ્ઞાન છે.' તેઓ બોલ્યાઃ 'કેવળજ્ઞાનનું શું ફળ છે?' મેં કહ્યુંઃ 'કેવળજ્ઞાનનું ફળ અક્રિયા છે' તેઓ બોલ્યાઃ 'અક્રિયાનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'અક્રિયાનું ફળ અયોગ છે.' તેઓ બોલ્યાઃ 'અયોગતાનું ફળ શું છે?' મેં કહ્યુંઃ 'સિદ્ધિગમન જેનું પર્યાય છે એવું અવ્યાબાધ સુખ તે અયોગતાનું ફળ છે.'

ઉપરનું આ અવતરણ, 'સોમશ્રીલંભક'માંથી, 'વસુદેવનું વેદાધ્યયન અને તેની પરીક્ષા'માંથી લીધું છે. વસ્તુ સ્વયં સ્પષ્ટ છે. પેલાં ત્રણ દૃષ્ટાંતોની તુલનાએ આ પ્રશ્નોત્તરી કેટલી બધી લાઘવયુક્ત છતાંયે સીધી, વેધક, સોંસરી ઉતરી જાય તેવી સચોટ ને સત્ય છે. પરિભ્રમણકથામાં આત્મનિવેદન આવે એની શૈલી સીધી-સરળ હોય તો વ્યક્તિઓ, વિવિધ સ્થળોના વર્ણનમાં એ રંગીલી ને રોચક પણ બને. જૈનધર્મના ઉપદેશમાં એ પારિભાષિક ને પર્યેષણા-પ્રધાન બને તો વાદસ્થળોમાં નૈયાયિકી-લક્ષણયુક્ત પણ બને. લોકકથાઓની રંગદર્શિતાનો પણ અહીં અભાવ નથી, મતલબ કે સ્થલ, કાળ, પ્રસંગ અને વ્યષ્ટિના નિરૂપણમાં એનું વૈવિધ્ય જોવા મળે છે.

✱ ✱ ✱

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,

C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,

A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.

મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

*[ 'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં વધુ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ. અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑તંત્રી]*

**(૪)**

## જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

જૈન સાધુ સમાજ અને આધુનિક ઉપકરણોનો ઉપયોગ એ એક અતિગંભીર વિચારણા માગી લેતી બાબત છે, જેના દુરગામી પરિણામો પડી શકે છે.

એક બાજુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષીને ધર્મમાં જરૂરી પરિવર્તન આવશે. એવી પૂ. મહાવીર પ્રભુની વાણી જ્યારે બીજી બાજુ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહેવાની અડગ નિશ્ચયતા તથા જૈન સાધુ સમાજ પાસેથી ચારિત્ર તથા શિસ્તના કડક પાલનની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

વર્તમાનમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે તથા દિન પ્રતિદિન અવનવા આધુનિક ઉપકરણોનો આવિષ્કાર થતો જાય છે ત્યારે એ ઉપકરણોનો ઉપયોગ કરવા જૈન સાધુ સમાજ લલચાય એ સ્વાભાવિક જ છે. અત્રે ભયસ્થાન એ છે કે એક વખત જો આવા ઉપકરણોનો ઉપયોગ કરવાનું શરૂ થાય પછી એ પ્રત્યેનો આસક્તિ ભાવ વધતો જાય અને આખરે તો સાધુ–સમાજ પણ છદ્મસ્થ જ છે. અને છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર! ઉતરતો આરો છે અને પંચમ કાળ છે. નીચે લપસવા માટે ભરપૂર નિમિત્તો મળતા જ જાય છે. અને પતનની ઊંડી ખીણમાં ધકેલાઈ જવામાં વાર લાગતી નથી.

આધુનિક ઉપકરણો સારા છે કે ખરાબ એની ચર્ચા કરવા કરતાં, આ ઉપકરણોનો ઉપયોગ કયા ભાવથી કરવામાં આવ્યો છે તે વિચારવું મહત્ત્વનું છે. જો કે ગબડવાનો ખતરો તો ઊભો જ છે!

મોબાઈલ દ્વારા વિશિષ્ટ ડૉક્ટરનો સંપર્ક કરી કોઈક દર્દીનો જીવ બચાવવાનું નિમિત્ત ઊભું થઈ શકે છે ત્યારે એ જ મોબાઈલ કેટલીક વાર જાનહાની તથા વ્યભિચારના આચરણ માટે પણ નિમિત્ત બની શકે છે.

ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા સમસ્ત પૃથ્વી ઉપર ઉપલબ્ધ માહિતી સહેલાઈથી એકત્રિત કરી શકાય છે અને આંખના પલકારામાં જ કંઈ કેટલાય લોકોનો સંપર્ક તથા માહિતીનું આદાનપ્રદાન થઈ શકે છે ત્યારે એ જ ઈન્ટરનેટના દુરૂપયોગ દ્વારા વિષયવાસના અને વ્યભિચારને પણ મોકળું મેદાન મળી શકે છે.

સૂર્યોદય થયા પછી જ જયણાપૂર્વક કરાતા પગપાળા વિહારોને બદલે હવે ઈરિયા સમિતિની અવહેલના કરીને વહેલી સવારે અંધારામાં થતા વિહારોને કારણે જ માર્ગ અકસ્માતોના બનાવો વધતા ચાલ્યા છે. જો કે હવે ધર્મ પ્રચારના નામે સાધુ સમાજોમાં વાહનોના પ્રવાસો પણ થતા દેખવામાં આવે છે.

ધર્મ પ્રચારને નામે માઈક અને લાઉડ સ્પીકરોનો ઉપયોગ હવે તો એરકંડીશન્ડ ભવ્ય હૉલોમાં વીરપ્રભુની વાણી પીરસવા માટે થાય છે ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે સાધુ જીવનની માતા સમાન આઠ પ્રવચન માતાઓમાંની એક એવી વચન ગુપ્તિની જયણા પળાય છે ખરી?

સાધુ સાધ્વીજીની દીક્ષાનો મૂળભૂત હેતુ પોતાના આત્માનું કલ્યાણ જ છે. એમનું જીવન એ તો નદીની વહેતી નિર્મળ ધારા સમાન હોય છે અને એ ધારામાં આપણા જેવા મુમુક્ષુ આત્માઓ માટે હાથ ભીંજવવાથી અધ્યાત્મનો સ્પર્શ થયા વિના રહેતો નથી. આત્મકલ્યાણ એ જ હેતુ હોય છે. **પંચ મહાવ્રતધારી જૈન સાધુ-સાધ્વીજીનું શુદ્ધ આચરણ એ જ ધર્મ પ્રચાર છે.** ધર્મના પ્રચાર-પ્રસારના ઓઠા હેઠળ આધુનિક ઉપકરણોનો વધતો જતો ઉપયોગ સાધુ સમાજ માટે પતનનું કારણ બની રહ્યું છે.

નંદી સૂત્રમાં શ્રાવકોને અમ્મા-પિયાની ઉપમા આપવામાં આવી છે. શ્રાવકો સાધુ સમાજના માતા-પિતાનું સ્થાન ધરાવે છે. ધ્યાનમાં રહે કે મહદ્ અંશે સાધુ સમાજના પતનનું નિમિત્ત શ્રાવકો જ થતા જણાય છે. શ્રાવકોની જવાબદારી વિશેષ છે. **ચારિત્ર તથા શિસ્તનું કડક પાલન એ અણગાર ધર્મનો પાયો છે.** એમાં કોઈ જ ઢીલ ચલાવી શકાય નહીં.

આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા જૈન સાધુ સમાજ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય તથા ત્રસ જીવોના કચ્ચરઘાણ માટેનો નિમિત્ત તો નથી બનતો ને? આ એક અત્યંત વિચારણીય બાબત છે. અહિંસા પ્રધાન જૈન ધર્મના પાયામાં જ જો આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા હિંસાનો પ્રાદુર્ભાવ થતો હોય તો વર્તમાન આરાના અંત સુધી આપણે કેમ ટકીશું?

આત્માના કલ્યાણ અર્થે સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગે વિચરનારા જૈન સાધુ સમાજે મોબાઈલ, કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ, માઈક, લાઉડ સ્પીકર તથા વાહન વ્યવહાર જેવા આધુનિક ઉપકરણોના ઉપયોગથી દૂર જ રહેવામાં તેમનું તથા સમાજનું હિત સમાયેલું છે.

મારા વિચારો દ્વારા જો કોઈના હૃદયને લેશ માત્ર પણ ઠેસ પહોંચી હોય તો હું હૃદયપૂર્વક ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ પ્રાર્થું છું.

✶✶✶

**જાદવજી કાનજી વોરા,**
૨૦૪, બી. પી. એસ. પ્લાઝા, દેવી દયાલ રોડ, મુલુંડ વેસ્ટ,
મુંબઈ–૪૦૦ ૦૮૦. ટે.નં. ૨૫૬૦૫૬૪૦

(૫)

# જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

આદરણીય તંત્રીશ્રી,

'જૈનાચાર પ્રતિ એક દૃષ્ટિબિંદુ'ની સુધારિત નકલ મળે તો લેખ છપાઈ ગયેલો એ વાત તમે જણાવેલી. આ લેખના બીજા પેરેગ્રાફમાં ''પરંતુ સાધુ સાધ્વીના જીવનમાં સંયમ અને સાધનાની, હાલના સંજોગોમાં વિશેષ અપેક્ષા રહે છે, તેને ફક્ત શ્રમણજીવનના નીતિનિયમો દ્વારા નહિ પણ શ્રાવકશ્રાવિકાની જીવન પદ્ધતિના અને પૂરા માનવ સમાજના સંદર્ભમાં જોવાની જરૂર છે'' એમ લખેલું એના આધારે જે થોડોક સુધારો કરેલો તે આ પ્રમાણે હતો :

''એમ માનું છું કે મહાવીરે શ્રાવક-શ્રાવિકા સંઘની સ્થાપના કરી તેનો ઉદ્દેશ શ્રાવક–શ્રાવિકાઓને શ્રમણ જીવન તરફ દોરી જવાનો છે જેથી ધર્મનો પ્રભાવ વધે અને શ્રમણ સંસ્થા પણ મજબૂત બને.'' આજે એક અઠવાડિયા પછી 'સમણ સુત્તમ'ના પાના ૯૩ પર ગાથા ૨૯૬ અને ૨૯૭માં નીચે મુજબ વાંચવા મળ્યું :

'જન્મ-જરા-મરણથી મુક્ત જીનેશ્વરોએ જગતમાં બે સાધના માર્ગ દર્શાવ્યા છે : એક શ્રમણનો માર્ગ, બીજો શ્રાવકનો.

'શ્રાવક ધર્મમાં દાન અને પૂજા મુખ્ય છે, તેના વગર શ્રાવક, શ્રાવક નથી. અને શ્રમણધર્મમાં ધ્યાન અને સ્વાધ્યાય મુખ્ય છે, તેના વગર શ્રમણ, શ્રમણ નથી.'

આ વાક્યો પ્રબુદ્ધ જીવનના સપ્ટેમ્બરના અંકમાં અઢારમા પાને, પહેલી કોલમમાં, છેલ્લો પેરેગ્રાફ 'સૌથી વધારે જવાબદારી'થી શરૂ થાય તે પહેલા ઉમેરવાનો હતો, તમને આ બન્ને વાતનો સંબંધ અને મહત્ત્વનો ખ્યાલ આવશે. એટલે આવતા અંકમાં ''આટલું વધારે વાંચશો'' એમ લખવાનું. તમને યોગ્ય લાગે તો જરૂરી સૂચના આપશો. ✷ ✷ ✷

**કાકુલાલ છ. મહેતા,**
૧૭૦૪, ગ્રીન રિડ્જ ટાવર-૨, ૧૨૦, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

(૬)

# વિહાર–માર્ગ આકસ્માત અને આધુનિકતા

વિહાર–આ વિષય ઉપર ચર્ચા માટે વાચકોનું મંતવ્ય મોકલવા આવાહન કરવામાં આવ્યું હતું–એ મુજબ મારા વિચાર રજૂ કરું છું.

સાધુ કોને કહેવાય? પ. પૂ. વલ્લભ સૂરિશ્વરજી મ.સા. કહે છેઃ 'સાધનો તિસ્વ-પર 'કાર્યાપિતી સાધુ.' એનો અર્થ જે પોતાનું અને બીજાઓનું કલ્યાણ કરે એ સાધુ. પ. પૂ. ન્યાયવિજયજી મ.સા. લખે છે કે–'દીક્ષા' શબ્દ 'દીક્ષ' ધાતુ પરથી બન્યો છે. નિયમ, યોગ, ઉપનયન અને વ્રતાદેશ અર્થોમાં દીશા શબ્દ વપરાય છે.

સંત તુકારામ કહે છે–'જે કા રંજલે ગાંજલે ત્યાંસી મ્હણે જો આપુલે તોચી સાધુ ઓળખાવા, દેવ તેથેચી જાણાવા.'

આપણા જૈન ગ્રંથોમાં કહે છે 'ન વિ મુંડિએણસમણો ન ઓંકારેણ બંભણો.' આગળ શાસ્ત્રકારો કહે છે 'મુંડ મુંડાયે તીન ગુણ મિટે, શિશકા ખાજ, ખાને કો લડૂ મિલે, લોગ કહે મહારાજ.'

આપણા આચાર્યોએ જૈન ધર્મનો ધ્વજ ઊંચો લહરાવ્યો છે. આચાર્ય વિજયસૂરી મ.સા.નો અકબર બાદશાહ ઉપર જબરદસત પ્રભાવ હતો તેથી બાદશાહે એના રાજ્યમાં પશુ હિંસા બંધ કરાવી હતી.

પ. પૂ. સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ.સા.એ ત્રિષષ્ઠી શલાકા ચરિત્રમાં વ્યાકરણ, છંદ, અલંકાર, નીતિ કાવ્ય ઉપર મુક્ત સંચાર કર્યો. આપણા સમાજમાં વજ્રસ્વામિ, શયંભવ સ્વામિ જેવા વિદ્વાનો થયા છે. આપણા આચાર્યો સમાજ પ્રબોધનનું કાર્ય કરે છે. આવા આચાર્યો આપણી પરંપરા, તત્ત્વજ્ઞાન શ્રાવકોને સમજાવવાનું કાર્ય કરે છે તેથી આપણી પરંપરા હજી પણ ચાલે છે. મોટા મોટા આચાર્ય ભગવંતો, સુખલાલજી જેવા વિદ્વાનોએ આપણી પરંપરા સારી રીતે સમજાવી છે. આવા ગુરુદેવોને વિનમ્ર વંદન.

આજના જમાનાની હવા અને વાતાવરણનો પણ ખ્યાલ રાખવો આવશ્યક છે. જૈનોનો ઈતિહાસ એમ કહે છે. દાખલા તરીકે–પ. પૂ. હરિભદ્રાચાર્ય લખે છે. દેશ કાલ વિગેરેને લઈ એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે, જે કરવા યોગ્ય નથી તે પણ કરવું પડે છે અથવા કરવા યોગ્ય બને છે. અને જે કરવા યોગ્ય છે તેનો પરિત્યાગ કરવો પડે છે. એટલે કાળના બદલ સાથે મૂળ તત્ત્વો (અહિંસા, સત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય) નહીં પણ ક્રિયાઓ બદલે છે. દા. ત. શ્રી કાલકાચાર્ય સંવત્સરી ભાદરવા સુદી ૫ ને બદલે ચોથ કરી. પહેલાના જમાનામાં સાધુ વર્ગ ગોચરી લેવા ત્રીજા પ્રહરમાં જતો હતો પરંતુ દેશકાળના, પરિસ્થિતિના બદલાવથી ગોચરીનો ટાઈમ બદલ્યો. આચાર્ય શયંભવ દશવૈકાલિક સૂત્રમાં લખે છે : 'કાલે કાલં સમાચરે.' એજ સૂત્રમાં સાધુઓ માટે એકજ વાર ભોજન લેવાનું કહેલુંઃ 'અંગ ભત્તંય ભોયણં.' પરંતુ એકવાર જમવાથી આવતા અશક્તપણાને ધ્યાનમાં લઈ એ નિયમ પણ બદલ્યો. પહેલા કલ્પસૂત્ર શ્રાવકો સામે વાંચતા ન હતા. એ નિયમ પણ રાજપુત્રની માંદગી માટે બદલ્યો. પ. પૂ. વલ્લભસૂરિ કહે છે–ભગવાન પાર્શ્વનાથના સમયમાં ચાતુર્માસ ધર્મનું પ્રવર્તન હતું પરંતુ ભગવાન મહાવીરે પંચયામ ધર્મની પ્રરૂપણા કરી. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ તથા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ આદિ અનેક આચાર્યોએ દેશકાલની પરિસ્થિતિનુસાર ધર્મવિધિઓમાં, વ્યવહારમાં પરિવર્તન કર્યું.

ભગવાન મહાવીર સ્વામીએ પણ ખાસ મુશ્કેલીમાં નૌકા વિહાર કર્યો હતો. પ્રતિક્રમણમાં–'સકલાર્હત' સૂત્રનો સમાવેશ હેમચંદ્રાચાર્યે કર્યો. પ. પૂ. વિજય ધર્મસૂરિએ એમના શિષ્યોને સિલોન મોકલાવ્યા હતા.

ટૂંકમાં આપણને ખ્યાલ આવશે કે દ્રવ્ય, કાળ, ક્ષેત્રભાવ ખ્યાલમાં લઈ અમુક ક્રિયાઓ બદલાતી આવી છે, એટલે અમુક ક્રિયાઓમાં ફરક થવો જ જોઈએ.

**હવે દીક્ષા ક્યારે આપવી એનો વિચાર કરીએ.**

પૂ. હરિભદ્ર સૂરિ કહે છે - 'ઉપાયનઃ કાયાપાલનમ' 'ભાવ વૃદ્ધિ કરણમ્'. દીક્ષા તરત ન આપતા ઉચિત સમય સુધી દીક્ષાર્થીને દીક્ષાના ગુણોનો અભ્યાસ કરવા માટે કહેવું અને પછી દીક્ષા આપવી. દીક્ષા લેતા પહેલા મુમુક્ષુની યોગ્યતાની તપાસ કરવી અને શાંતિપૂર્વક દીક્ષા આપવી. ભગવાન મહાવીરે દીક્ષા ગ્રહણ કરતા પહેલાં બે વરસ શ્રાવકના વેશમાં ક્રિયા માર્ગનું પાલન કરતા હતા. દીક્ષા પછી એનું ધર્મશાસ્ત્ર પ્રમાણે પાલન ન કરી શકતો હોય તો એ પાછો સંસારમાં આવે છે. એથી જૈન ધર્મ પર જગતનો ઉપહાસ થાય છે. શુલ્લક–બાલમુની આઠ વરસના હતા. દીક્ષાના નિયમો પાળી શક્યા નહીં. પિતા-ગુરુ પણ હતા. એમને બાલમુનીએ કહ્યું: 'મારાથી તડકો સહન નથી થતો મને છત્રી આપો. પછી ગાદી માગી, ચપ્પલ માગી, છેલ્લે પિતાએ એને ઘરે જવા કહ્યું.

હવે આની બીજી બાજુ જોઈએ–મહારાજ સાહેબનું વ્યાખ્યાન સાંભળવા એક થી બે હજાર શ્રાવકો આવે તો વૃદ્ધ મ.સા.નું વ્યાખ્યાન કેવી રીતે સાંભળી શકશે? પૂ. વલ્લભસૂરિ મ.સા. લાઉડસ્પીકર વાપરતા હતા અને આજે પણ એનો વપરાશ કરવો જોઈએ. સ્થાનકવાસી ગુરુઓ વાપરે છે. બંધુ ત્રિપુટી પણ એના વપરાશ કરે છે. સમાજ મોટો થયો છે અને એવા નવા સાધનો વાપર્યા વગર ધર્મનો પ્રસાર થાય જ નહીં. પૂ. અમરમુનિ કહે છે–વિજળીમાં વાયુ હિંસા નથી. પૂ. કલિકાચાર્યે એક સાધ્વીના શીલનું રક્ષણ કરવા માટે જુલમી રાજા સાથે મુનિવેશમાં યુદ્ધ કર્યું હતું અને સાધ્વીજીનું રક્ષણ કર્યું હતું. પાકિસ્તાનનું નિર્માણ થયું ત્યારે પૂ. વલ્લભસૂરિ અને એમના શિષ્યો ૧૫ ટ્રકમાં બેસીને અમૃતસર આવ્યા હતા. અમેરિકામાં સર્વ ધર્મ પરિષદ થઈ ત્યારે પૂ. આત્મારામ સૂરિને આમંત્રણ આવેલું પણ એ જઈ શક્યા નહીં એટલે બેરિસ્ટર વીરચંદ ગાંધીને મોકલ્યા.

સાધુ આજીવન શુદ્ધિનો ઉમેદવાર છે. સમય બદલ્યો છે. નવી પેઢીને ધર્મના તત્ત્વો નવી ભાષામાં સમજાવવા પડશે. હજી પણ ચંદ્ર ઉપર ગયેલો માણસ ચંદ્ર ઉપર ગયો નથી એમ વ્યાખ્યાનમાં કહેવામાં આવે છે. આવા વ્યાખ્યાનથી યુવાપેઢી ધર્મ ઉપરનો વિશ્વાસ અને શ્રદ્ધા ગુમાવી બેસશે. આજે વિજ્ઞાન યુગ છે. વિજ્ઞાનની ભાષામાં જ બોલવું જોઈએ. પરદેશમાં પણ પ્રચાર અને પ્રસાર થવો જોઈએ. તે માટે વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. સાધુઓને ફરવા માટે વાહન વાપરવા કહેતો નથી પરંતુ ધર્મપ્રચાર માટે આધુનિક સાધનનો ઉપયોગ કરવો જોઈએ એવી મારી ભાવના છે.

મારો અભ્યાસ અલ્પ છે જે કાંઈ થોડું ઘણું વાંચ્યું છે તે લખ્યું છે. કોઈની ભાવનાને ઠેસ પહોંચાડવાની મારી ભાવના નથી. મારું લાગતું હોય તો ક્ષમસ્વ-મિચ્છામી દુક્કડમ્. ✷✷✷

**શાંતિલાલ સી. શાહ,** ૭૩૦, સદાશિવ પેથ, પૂણે–૪૧૧૦૩૦.
ફોન : ૨૪૪૭૧૦૬૩, ૨૪૪૭૭૩૫૬, ૨૪૪૭૮૬૭૫

# પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ

❑ શાંતિલાલ ગઢિયા

વ્યક્તિઓના બે સમૂહો વચ્ચે વેર અને દ્વેષની ભાવના માનવજાતની સદીઓથી સમસ્યા રહી છે. તેથી જ દુનિયાના કોઈ ને કોઈ ભાગમાં હંમેશાં સંઘર્ષો ચાલ્યા કરે છે. સંઘર્ષનું નિર્ઘૃણ રૂપ એટલે યુદ્ધ. આ વૈમનસ્યના મૂળ ક્યાં છે? જવાબ છે વ્યક્તિનું પૂર્વગ્રહયુક્ત માનસ. યુનોનું એક સૂત્ર છેઃ Wars begin in the minds of men. (યુદ્ધો સૌ પ્રથમ માનવીના મનમાં ખેલાય છે.)

'પૂર્વગ્રહ'નો અંગ્રેજી પર્યાય Prejudice મૂળ લેટિન ભાષાના શબ્દ Prejudicium પરથી ઊતરી આવ્યો છે. તેનો અર્થ છે 'પૂરતી તપાસ વિનાનો અથવા પૂર્વનિર્ધારિત અભિપ્રાય.' પરિણામે એક સામાજિક જૂથ અન્ય સામાજિક જૂથ પ્રત્યે નિષેધક મનોવલણ ધરાવે છે. ન્યુકોમ્બ પૂર્વગ્રહની વ્યાખ્યા આપતાં કહે છે કે પૂર્વગ્રહ એટલે કોઈ પણ વ્યક્તિ કે જૂથ પ્રત્યે વિચાર, લાગણી અને વર્તનની દૃષ્ટિએ વિરુદ્ધ અથવા પ્રતિકૂળ પ્રતિક્રિયા કરવાનું પૂર્વનિર્ધારિત મનોવલણ. પ્રો. બી. કુપ્પુસ્વામીના મતે પૂર્વગ્રહ એટલે એવું મનોવલણ, જે હંમેશાં આવેગાત્મક હોય અને પર્યાપ્ત પુરાવા વગર અને અનુભવ વગર સંપાદિત (acquired) થયું હોય.

પૂર્વગ્રહના ઉદ્ભવ વિષે મુખ્યત્વે ૪ સ્પષ્ટીકરણો આપવામાં આવે છેઃ

**૧. પૂર્વગ્રહ શોષણમાંથી ઉદ્ભવે છે.**

આ મત કાર્લ માર્કસે આપ્યો છે. જ્યારે એક જૂથ બીજા જૂથનું શોષણ કરીને કે તેમના પર દમન ગુજારીને અમુક પ્રકારના લાભ મેળવવાનો પ્રયાસ કરે છે ત્યારે પૂર્વગ્રહ ઉદ્ભવે છે. જેઓ સમૃદ્ધ છે અને ભૌતિક ચીજવસ્તુ કે સંપત્તિના માલિક છે, તેઓ આ વસ્તુઓથી વિહીન લોકોનું કોઈ ને કોઈ રીતે શોષણ કરીને વધુ સમૃદ્ધ બને છે. પૈસા કે સત્તાના જોરે ધનિક વર્ગના સભ્યો ગરીબોનું શોષણ કરતા હોઈ પરિણામ એ આવે છે કે ગરીબો અમીરોને ધિક્કારવા લાગે છે. આમ અન્યોન્ય દુર્ભાવની સ્થિતિ ઊભી થાય છે.

**૨. નિષેધક આંતરજૂથ સંબંધોમાંથી પૂર્વગ્રહ ઉદ્ભવે છે.**

જો સામાજિક જૂથો વચ્ચેના સંબંધો વિધાયક હોય તો સમાન

લક્ષ્ય સિદ્ધ કરવા માટે પરસ્પર સહકારથી વર્તશે, પરંતુ નિષેધક સંબંધો હશે તો તેમની વચ્ચે સ્પર્ધા થાય છે અને તેથી સંઘર્ષની સ્થિતિ ઊભી થાય છે. બંને જૂથ એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો ધરાવવા લાગે છે. મુઝફ્ફર શેરીફે ૧૧ વર્ષની ઉંમરના છોકરાઓના બે જૂથોનો કેમ્પ શહેરથી દૂરના સ્થળે રાખ્યો હતો. શરૂઆતમાં તેમની વચ્ચે અનુકૂળ વલણો અને વર્તનધોરણો વિકસવા દીધાં. પછી સ્પર્ધાની પરિસ્થિતિ ઊભી કરવામાં આવી. આ માટે દોરડાખેંચની હરીફાઈ રાખવામાં આવી. પરિણામે ધીમે ધીમે હારજીતની માઠી અસર વર્તાવા લાગી. જેમજેમ એક જૂથ જીતતું ગયું, તેમ તેમ સામેનું જૂથ તેને વેરભાવથી જોવા લાગ્યું. બંને જૂથ આક્રમક બન્યા. આમ પરસ્પરની ઘૃણાએ પૂર્વગ્રહો જન્માવ્યા.

**૩. પૂર્વગ્રહ અમુક પ્રકારના વ્યક્તિત્વ–લક્ષણોમાંથી ઉદ્ભવે છે.**

સિગ્મંડ ફ્રોઈડના મનોવિશ્લેષણ સિદ્ધાંત મુજબ વ્યક્તિના Id, ego અને Super ego વચ્ચેની અવ્યવસ્થા પૂર્વગ્રહોનું કારણ બને છે. ડોલાર્ડ હતાશા–સ્થળાંતરનો સિદ્ધાંત આપે છે. જ્યારે વ્યક્તિ હતાશ થાય છે ત્યારે અન્યને જવાબદાર ગણી એને હોળીનું નાળિયેર બનાવે છે. આવી વૃત્તિ પરસ્પર તિરસ્કાર અને પૂર્વગ્રહનું કારણ બને છે. કેટલીક વ્યક્તિઓ ઢાલ તરીકે પ્રક્ષેપણ (Projection)ની બચાવ પ્રયુક્તિનો વારંવાર આશ્રય લે છે. તે પૂર્વગ્રહ જન્માવે છે. પ્રક્ષેપણ કરવું એટલે પોતાની ખામીઓ કે ત્રુટિઓનું અન્ય પર આરોપણ કરવું. પૂર્વગ્રહોમાં પ્રક્ષેપણ જ હોય છે ને! પાકિસ્તાન વાતવાતમાં પોતાની વિફળતાઓનું પ્રક્ષેપણ ભારત પર કરે છે. એડર્નોના મત મુજબ આપખુદ વ્યક્તિત્વ ધરાવતા માતાપિતા બાળકના ઉછેર વખતે કડક શિસ્તનો આગ્રહ રાખતા હોય છે. પરિણામે બાળક મોટપણે બહારના જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવતો થઈ જાય છે.

**૪. અયોગ્ય સમાજીકરણમાંથી પૂર્વગ્રહ ઉદ્ભવે છે.**

ઋગ્વેદમાં એક શ્લોક છેઃ 'પિતૃપરંપરાથી અમને જે દ્વેષભાવ વારસામાં મળ્યા હોય અને અમારાથી અપરાધ થયા હોય તેમાંથી હે વરુણ, અમને મુક્ત કરો.' આમાંથી એટલું અવશ્ય ફલિત થાય છે કે વ્યક્તિ જે કુટુંબમાં અને સમાજમાં જન્મે છે, વિકસે છે, તેના ધોરણો (Norms)ની અસર તેના પર થાય છે. અર્થાત્ વ્યક્તિના સમાજીકરણ દરમિયાન તે અમુક પૂર્વગ્રહો પણ જાણ્યે-અજાણ્યે સંપાદિત કરે છે. અમેરિકામાં વસતા લઘુમતી જૂથોના અભ્યાસમાં જોવા મળ્યું છે કે આ લોકોમાં ૪૦ વર્ષના ગાળામાં સમાન પૂર્વગ્રહો અસ્તિત્વમાં હતા. સમાજીકરણને લીધે જ આવું બની શકે, કારણ કે બાળક માતાપિતા અને અન્ય વ્યક્તિઓનું અનુકરણ કરે છે અને તેમની સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે કેટલાક પૂર્વગ્રહો પણ તેના વ્યક્તિત્વમાં વણાઈ જાય છે.

**પૂર્વગ્રહો ઘટાડવાની રીતો :**

પૂર્વગ્રહોને લીધે જૂથસંઘર્ષોનું પ્રમાણ વધે છે. આ પરિસ્થિતિ જે તે રાષ્ટ્ર માટે હાનિકારક છે. તેથી પૂર્વગ્રહો દૂર કરવા જરૂરી છે. કદાચ દૂર ન કરી શકાય તો ય ઘટાડી તો શકાય જ. આ માટે પ્રો. બી. કુપ્પુસ્વામી કેટલીક રીતો સૂચવે છેઃ

(૧) જ્યારે વ્યક્તિ હતાશા કે માનસિક સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે, ત્યારે અન્ય જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવતી થઈ જાય છે. તેના આ નકારાત્મક વર્તનને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી દૂર કરી શકાય. આવી રીતને **મનોપચાર** કહે છે. આગળ કહ્યું તેમ, Id, ego અને Super egoની અવ્યવસ્થા પૂર્વગ્રહો નોતરે છે. તેથી મનોપચાર દ્વારા વ્યક્તિને આવી મનઃસ્થિતિમાંથી મુક્ત કરવામાં આવે તો પૂર્વગ્રહો ઘટાડી શકાય.

(૨) વ્યક્તિ પોતે પૂર્વગ્રહના ઉદ્ભવનાં કારણે સમજતી થાય તો પોતાના પૂર્વગ્રહો ઘટાડી પણ શકે. તેનામાં આવી **આંતરસૂઝ** ખીલે તે માટે તાલીમ આપવી જોઈએ. જેમ કે, પૂર્વગ્રહનું એક કારણ, આગળ કહ્યું તેમ, બચાવપ્રયુક્તિઓનો ઉપયોગ છે. કાટ્ઝ અને તેના સાથીઓએ એક પ્રયોગ કર્યો હતો. તેમણે બચાવપ્રયુક્તિઓ અને પૂર્વગ્રહોનો સંબંધ દર્શાવતો એક નિબંધ પ્રયોગમાં શામેલ વ્યક્તિઓને વાંચવા આપ્યો. નિબંધમાં એક Case Study પણ હતો. પરિણામમાં જોવા મળ્યું કે નિબંધ વાંચ્યા બાદ વ્યક્તિઓ પોતે અંતર્મુખ થઈ પૂર્વગ્રહોથી ઊલટી સાચી હકિકતો સ્વીકારવા તરફ વળી.

(૩) માતાપિતાએ **યોગ્ય બાળઉછેર** પર ધ્યાન આપવું જોઈએ. તેઓ આપખુદ બની અતિશય સખતાઈનો આગ્રહ રાખે તો બાળકના માનસમાં પૂર્વગ્રહો સ્થાપિત થવાની વધુ શક્યતા રહે છે, કારણ કે આવા વાતાવરણમાં બાળક બિનસલામતી અનુભવે છે, જે હતાશા ઉત્પન્ન કરે છે અને હતાશા પૂર્વગ્રહની જનની છે.

(૪) સમાજમાં જેટલી સામાજિક–આર્થિક અસમાનતા, તેટલા પૂર્વગ્રહો પણ વધારે. આ માટે બેટલહેઈમ **આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં સુધારણા** કરવાનું સૂચવે છે. ભારતમાં આવી વિષમતા ભરપૂર જોવા મળે છે. તેથી સરકાર આશાસ્પદ યોજનાઓ ઘડે છે અને વર્ગીય અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરે છે.

(૫) પૂરતી માહિતીનો અભાવ પૂર્વગ્રહનું મુખ્ય કારણ હોય છે. **જરૂરી માહિતી પૂરી પાડવાથી** પૂર્વગ્રહો ઘટી શકે છે. વ્યક્તિને બે રીતે માહિતી આપી શકાય–પ્રચાર દ્વારા અને શિક્ષણ દ્વારા. સમૂહ માધ્યમો મારફતે પ્રચારની વિવિધ ટેકનિકો થકી લોકસમુદાયને માહિતી આપી શકાય છે. રેડિયો, ટી.વી., કૉમ્પ્યુટર્સ, અખબાર દ્વારા માહિતીનો પ્રચાર થાય છે. શિક્ષણ પણ માહિતીનું અસરકારક સાધન છે. તેથી જ શિક્ષિત લોકોમાં નિરક્ષર લોકો કરતાં ઓછા પૂર્વગ્રહો જોવા મળે છે. સ્ટેમ્બર કહે છે કે અશિક્ષિત લોકો પરંપરાગત માન્યતાઓને વળગી રહે છે, જ્યારે શિક્ષિત લોકો વિશાળ દૃષ્ટિ ધરાવે છે. ઉલ્લેખનીય બાબત એ છે કે માહિતી આપનાર વ્યક્તિ પોતે પૂર્વગ્રહથી પીડિત ન હોવી જોઈએ. રોઝેનથેલ અને જેકબસનનો અભ્યાસ

દર્શાવે છે કે જ્યારે શિક્ષક વર્ગમાં લઘુમતી જૂથની ટીકા જ કર્યા કરે છે, ત્યારે સ્વાભાવિક રીતે બહુમતી જૂથના વિદ્યાર્થીઓના પૂર્વગ્રહો (લઘુમતી જૂથ પ્રત્યેના) વધુ દૃઢ બને છે.

(૬) એક જૂથના સભ્યો બીજા જૂથ સાથે **પ્રત્યક્ષ સંપર્ક**માં આવે તો પરસ્પરના સારાં પાસાં જાણવા મળે છે. પરિણામે પૂર્વગ્રહો ઘટે છે. એકોર્ડ અને બેકમેન કહે છે કે અમેરિકાના ગોરાઓ નીગ્રોને પછાત માને છે, પરંતુ વ્યવસાયમાં સહકર્મચારી તરીકે નીગ્રો સારી છાપ પાડે છે ત્યારે ગોરાઓના પૂર્વસ્થાપિત ખ્યાલો બદલાય છે.

(૭) બોધનાત્મક, ભાવાત્મક અને વાર્તનિક–એમ વ્યક્તિત્વનાં ત્રણે પાસાં વચ્ચે સુમેળ હોય તો તે સુગ્રથિત વ્યક્તિત્વ કહેવાય છે, પણ કેટલીક વાર એવું બને છે કે વ્યક્તિમાં બોધનાત્મક કક્ષાએ પૂર્વગ્રહ ન હોય, છતાં વાસ્તવિક વર્તન પૂર્વગ્રહયુક્ત હોય. આવી **અસંગતતા ક્રમશઃ દૂર કરવી જોઈએ.** હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર કરવા ગાંધીજીએ આ માર્ગ અપનાવ્યો હતો. તેમણે સૌ પ્રથમ આશ્રમવાસીઓના પૂર્વગ્રહો બોધનાત્મક કક્ષાએથી દૂર કર્યા. જો કે પૂર્વગ્રહો સમૂળગા દૂર થયા નહોતા. એટલે ગાંધીજીએ આશ્રમવાસીઓને હરિજનો સાથે જ રાખ્યા. પરિણામે એમના (આશ્રમવાસીઓના) પૂર્વગ્રહો દૂર થયા. આની અસર એટલી પ્રભાવક હતી કે વ્યાપક સમાજમાંથી હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર થયા.

(૮) સમાન લક્ષ્યની પ્રાપ્તિ માટે બે જૂથો સહકારથી સહિયારા પ્રયત્નો કરે છે ત્યારે તેમની વચ્ચે પૂર્વગ્રહની દિવાલ રહેતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, એક જૂથે બીજા જૂથ પર આધારિત રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ જરૂરી છે. આમ **જૂથોની આંતરઅધીનતા** પૂર્વગ્રહો ઘટાડે છે. આગળ મુઝફર શેરીફના પ્રયોગમાં જોયું કે શિબિરની અંદર કિશોરો સ્પર્ધાત્મક આંતરક્રિયાઓમાં પ્રવૃત્ત થયા ત્યારે બે જૂથો વચ્ચે દુશ્મનાવટ ઊભી થઈ, પરંતુ સહકારની ભાવનાનું નિર્માણ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરાતાં તેમનામાં સંપ–સુલેહ જોવા મળ્યા. સમાન લક્ષ્ય સિદ્ધ કરવાના કાર્યમાં સૌ સાથે જોડાયા અને પરસ્પરના પૂર્વગ્રહો ઘટ્યા. ✱✱✱

એ-૬, ગુરુકૃપા, મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા–૩૯૦ ૦૦૬. ટેલિફોન : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/- છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે પ્રબુદ્ધ જીવન દ્વારા એ સર્વે મહાનુભાવોને વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રકમ | નામ | રકમ | નામ | રકમ |
|---|---|---|---|---|---|
| અનંતરાય ખેતાણી | ૨૫૦૧ | ખીમજી શીવજી શાહ | ૪૫૦૦ | વિનોદભાઈ જવેરલાલ વસા | ૪૭૫૦ |
| તરૂલતાબેન વિપિનભાઈ શાહ | ૨૫૦૦ | પ્રેમજી શીવજી શાહ | ૪૨૫૦ | પાર્થ જયંતીલાલ ટોલીયા | ૨૫૦૦ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ | કચરાલાલ ચુનીલાલ શાહ (K.C.) | ૨૫૦૦ | નકુલ એચ. શાહ | ૨૫૦૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ | બંસરીબેન પારેખ | ૨૫૦૧ | મંજુલાબેન રમેશભાઈ પારેખ | ૧૦૦૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ | ઉષાબેન દિનેશભાઈ શાહ | ૨૫૦૦ | ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા | ૪૭૫૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ | દેવચંદ જી. શાહ | ૧૦૦૦ | જયંતિલાલ જે. ગાંધી | ૪૦૦૦ |
| મહાસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ | આર. જે. કાપડિયા | ૨૦૦૦ | સુરેન્દ્ર એસ. શાહ | ૪૨૫૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ | ચીમનલાલ જે. ગલીયા | ૪૭૫૦ | પ્રદીપભાઈ એ. શાહ | ૪૭૪૯ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ | એચ. એસ. ધીઆ | ૪૭૫૦ | સુરેશ સંઘરાજકા | ૪૭૫૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ | મનસુખલાલ એ. સંઘવી | ૪૫૦૦ | કિશોર શેઠ | ૧૦૦૦ |
| પ્રવીણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ | વિનોદ વી. શેઠ | ૪૭૫૦ | અરવિંદ ધરમશી લુખી | ૧૦૦૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ | ચંપકલાલ એચ. અજમેરા | ૨૫૦ | પોપટલાલ જેશીંગભાઈ શાહ | ૪૭૪૯ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ | ભરત એન. શાહ | ૪૭૫૦ | પન્નાલાલ છેડા | ૪૭૫૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ | લલીત પી. શાહ | ૪૭૫૦ | જયકુમાર ભગવાનજી ગાલા | ૫૦૦૦ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ | જયંતીલાલ પી. શાહ | ૪૭૫૦ | દમયંતીબહેન એન. શાહ | ૪૫૦૦ |
| અશોક ડી. દોશી | ૪૭૫૦ | પ્રવીણભાઈ કે. | ૪૭૫૦ | મહેશ પી. શાહ | ૪૫૦૦ |
| સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ | સુરેશ વી. સોનાવાલા | ૪૭૫૦ | | ૧૭૯૮૫૩ |
| ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ | ઈન્દિરા સુરેશ સોનાવાલા | ૪૭૫૦ | | |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર–૨૩૮૨૦૨૯૬/9222056428) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રેકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન. ❑ મેનેજર

# સાચા અર્થમાં શાસનસમ્રાટ

❑ ડૉ. ગંભીરસિંહ ગોહિલ

પૃથ્વી પટે જ્યારે મોટા કામ થવાના હોય ત્યારે તેવા પુરુષાર્થ કરનારા સમયે સમયે પ્રગટતા હોય છે. જૈન સમાજના ઈતિહાસમાં શ્રમણ પરંપરા ચાલેલી છે. તેમાં સદીએ સદીએ કોઈ વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ પાકેલ છે. તેમણે જૈન શાસનને ઉન્નત બનાવા આગવા પ્રયાસો કર્યા છે. તે રીતે ૧૬મી સદીમાં આનંદ-વિમળસૂરિજી, ૧૭મી સદીમાં જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી, ૧૮મી સદીમાં ઉપાધ્યાય યશોવિજયજી તથા ક્રિયોદ્ધારક શ્રી સત્યવિજયજી ઉત્પન્ન થયા હતા. તે રીતે ૨૦મી સદીમાં જૈન શાસનની સર્વોતોમુખી પ્રભાવના કરનાર વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ છે જેઓ તેમના કાર્યોના પરિણામે શાસનસમ્રાટ કહેવાયા હતા.

શાસનસમ્રાટના જીવનચરિત્રના પ્રસ્તાવનાકાર લખે છે કે જે કાળે સાધુઓની સંખ્યા અલ્પ હતી, અતિ પ્રાચીન ગણાતા તીર્થો જીર્ણશીર્ણ હતાં, પ્રાચીન ગ્રંથો કોથળા ને કોથળા ભરી વેચાતા હતા, યોગાદ્વહનની ક્રિયા નષ્ટ થઈ ગઈ હતી, પઠનપાઠન શાસ્ત્રાભ્યાસ મંદ સ્થિતિમાં હતાં, ઉપદેશવ્યાખ્યાનકળા નિસ્તેજ બનતી જતી હતી, રાજકીય અને સામાજિક ક્ષેત્રે જૈન શાસનની પ્રતિભા ક્ષીણ થઈ રહી હતી, રાજાઓ અને શ્રીમંતો ઉપર પ્રભાવ પાડી ધર્મમાર્ગે વાળનાર વ્યક્તિઓ વિરલ બનતી જતી હતી, સામાન્ય જનતામાં ઉત્સાહ પ્રેરે તેવા ઉત્સવો બહુ વર્ષોના અંતરે થતા હતા, જૈન શાસન ઉપર થતા પ્રત્યાઘાતોનો પ્રત્યુત્તર આપનાર વ્યક્તિ જડતી ન હતી તે વખતે આ મહાપુરુષ જૈન શાસનને સાંપડ્યા.

ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, માળવા, બંગાળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વગેરે ચારે તરફ પથરાયેલ જૈનોની વસતીમાં મોટાં શહેરોમાં ભાગ્યે જ એકબે સાધુઓ મળતા. તે સાધુઓ પણ કલ્પસૂત્ર વાંચે તો મહાવિદ્વાન ગણાય. તે વખતે તેમણે ઉત્તમ કુટુંબના નબીરાઓને દીક્ષા આપી, સાધુસંસ્થા વધારી. એટલું જ નહિ તેમણે પઠન–પાઠનનો નાદ ગજવ્યો. જૈન આગમગ્રંથો, ન્યાયના પ્રકાંડ ગ્રંથો, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષશાસ્ત્રના આકરગ્રંથોનો અભ્યાસ શરૂ કરાવ્યો. જૈન સમાજમાં જ નહિ જૈનેતરોને પણ પૂછવા યોગ્ય વિદ્વાન મુનિઓ તૈયાર કર્યા.

સરળ અને સુલભ થયેલી પરિપાટીને બદલી આખા જૈન શાસનને વિહિત કઠિન માર્ગે વળાંક આપવો તે તેજસ્વી અને પ્રભાવક પુરુષ વિના બની શકે નહિ. માટે જ આ કાળના તેઓ પ્રથમ આચાર્ય, સૂરિસમ્રાટ કે સૂરિચક્રવર્તી ગણાયા તે યોગ્ય લોકવિચારણા હતી.

તેમનો જન્મ મહુવા ખાતે સં. ૧૯૨૯ ઈ. સ. ૧૮૭૨માં થયો હતો. પિતા લક્ષ્મીચંદ દેવચંદ. ધંધો ભાવનગરી પાઘડી બાંધવાનો. માતાનું નામ દિવાળીબેન. બાળક નેમચંદ ભણવામાં હોંશિયાર અને તેજસ્વી. ૧૬મા વર્ષે જાતે ભાવનગર જઈ મુનિશ્રી વૃદ્ધિચંદ્રજી પાસે દીક્ષા લીધી. માતાપિતાને ગમ્યું નહોતું પણ ટૂંક સમયમાં પ્રતિભા વિકાસ જોઈ ધન્ય થયા.

ટૂંક સમયમાં જ જૈન સમાજને જુદી દિશામાં વાળવાના પ્રયાસો તેમના દ્વારા થવા લાગ્યા. તેમની નજર જૈન શાસનના સર્વ અંગો પર પડતી. જે અંગ શિથિલ કે વિરૂપ હોય તેને ઉત્તેજિત કરી સાચે માર્ગે લાવવામાં સદા તેમનું લક્ષ્ય રહેતું. કદંબગિરિ, શેરીસા, તળાજા, રાણકપુર, માતર, કુંભારિયાજી વગેરે તીર્થોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો. તેર તીર્થોના ઉદ્ધાર તો તેમના હાથે સ્વતંત્ર રીતે થયેલ છે. ભારતના તમામ જૈન તીર્થોની રક્ષા અને વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સદીઓથી સંભાળે છે. તેમાં હંમેશાં તેઓની દોરવણી, સલાહ અને સૂચના અગ્રપણે રહ્યાં છે.

જૈન શાસનની સંપત્તિ મંદિરો, ભંડારો, ઉપાશ્રયો વગેરે છે. તેની મિલ્કતનો વહિવટ શ્રાવક વર્ગ કરે, પણ તે કઈ રીતે કરવો, તેની રક્ષા અને સંવર્ધન કઈ રીતે કરવા તેની યોગ્ય દોરવણી મળતી નહોતી. પણ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી જૈન શાસનને સાંપડ્યા તે પછી તેમણે દરેક અંગને સુદૃઢ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો. તેના પરિણામે શત્રુંજય, ગિરનાર, તારંગા, શિખરજી વગેરે તીર્થોમાં જે કોઈ બિનહક્કથી પગપેસારો કરતા હતા અને માલિકીનો દાવો કરતા હતા તેઓ અટક્યા. આગેવાનો તીર્થોના વહિવટમાં કટિબદ્ધ બન્યા, કલ્યાણજી આણંદજીની પેઢીનું બંધારણ પુનઃ ઘડાવ્યું, જૈન સમાજના મતાંતરોનો નીવેડો લાવવામાં અગ્ર ભાગ ભજવ્યો, દીક્ષાના કાયદા અને દેવદ્રવ્યના પ્રશ્ને અમદાવાદમાં અભૂતપૂર્વ તેવું મુનિ સંમેલન મળ્યું.

જૈન સમાજનું સાંકડું દેખાતું વિશ્વ તેમના સમયમાં વિશાળ બન્યું. ઉદેપુરના મહારાણા, જામસાહેબ, ભાવનગર નરેશ, પ્રભાશંકર પટ્ટણી, યુરોપિયન કમિશ્નર પ્રાટ વગેરે તેમનાથી પ્રભાવિત થયા. પંડિત મનમોહન માલવિયા, આનંદશંકર ધ્રુવ, કવિ ન્હાનાલાલ વગેરે આદરપૂર્વક તેમની પાસે આવતા. આંતરરાષ્ટ્રીય કક્ષાના તત્ત્વવિદ ડૉ. હરમન જેકોબી તેમને શંકાઓના સમાધાન માટે મળે છે, ૧૩૦૦ લખેલા પ્રશ્નોમાંથી એક જ દિવસમાં ૫૦૦ના સંતોષકારક ઉત્તરો મેળવે છે અને રાજી થઈને જાય છે. શત્રુંજય તીર્થ અંગે પાલીતાણા નરેશ સાથે અણબનાવ થતાં તેમની હાકલથી સતત બે વર્ષ સુધી શત્રુંજયની યાત્રા બંધ રહી અને અંતે સમાધાન થયું જેમાં સિમલા ખાતે વાયસરોયે દરમ્યાનગીરી કરી હતી. દુષ્કાળરાહત, જીવદયા, ધર્મશાળા, પાઠશાળા, આયંબિલ શાળા, જ્ઞાનપ્રકાશન સંસ્થાઓ વગેરે અગણિત ઉત્તમ કાર્યો તેમના હસ્તે થયાં છે.

તેમના દ્વારા થયેલ તીર્થોદ્ધારમાં પાલિતાણા પાસેના કદંબગિરિ તીર્થના ઉદ્ધારનું ઉદાહરણ રસપ્રદ બની રહેશે. કદંબગિરિ મહાતીર્થ

શત્રુંજયના પાંચ સજીવન શિખરોમાંનું એક છે. છેક ટેકરી પર ફક્ત શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી કદંબ ગણધરની ચરણ પાદુકાની નાનીશી પુરાણી દેરી એટલું જ ત્યાં હતું. નીચે ગિરિરાજની તળેટી પાસે એક નાનો શો નેસડો. બોદાના નેસ તેનું નામ. અલ્પ વસતીવાળું તે ગામડું નેસડામાં કામળિયા દરબારોના થોડાંક ખોરડાં હતાં. તેઓ અજ્ઞાન હતા, વ્યસનોમાં સબડતા હતા. નેસડા પાસે શેઠ હેમાભાઈની પડાખીવાળી ધર્મશાળા. દેરી અને ધર્મશાળા બંનેનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે.

૧૯૧૦ની સાલમાં આચાર્યશ્રીએ કદંબગિરિ તીર્થની મુલાકાત લીધી. તીર્થની પરિસ્થિતિ નજરે નિહાળીને તેમના રોમેરોમ ખડાં થઈ ગયાં. તીર્થના ઉદ્ધાર માટે પ્રાણના ભોગે પણ પ્રયત્ન કરવો જ જોઈએ. પ્રથમ તો તેમનો વિચાર એક નાનું સરખું દેરાસર બાંધવાનો હતો કે જેથી યાત્રિકોને પ્રભુ દર્શન-પૂજનનો લાભ મળી શકે.

તેમ છતાં જમીન ખરીદીના પ્રયત્નો શરૂથી જ કરાયા હતા. કામળિયા દરબારોને આચાર્યશ્રીએ વ્યસનો છોડવા ઉપદેશ કર્યો હતો. તેમાં સફળતા મળી હતી. દરબારોને લઈને તેઓ જાતે ગિરિરાજ પર ગયા. ત્યાં પોતાની ઈચ્છા જમીન લેવા માટેની જણાવી. દરબારોએ કહ્યું કે અમારે જમીન વેચવી નથી, ભેટ આપીશું. ધાર્મિક નિયમો પ્રમાણે તેમ કરવાની ના કહેવામાં આવી. છેવટે નિર્ણય થયો કે પૂજ્યશ્રીએ અમોને (કામળિયા દરબારોને) ઉપદેશ આપીને અમારા દુર્વ્યસનો છોડાવ્યાં છે એવી હકીકત દસ્તાવેજમાં આવે તો અમારે આ દસ્તાવેજ કબૂલ છે. તે પ્રમાણે પસંદ કરાયેલા ૯ પ્લોટો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને વાજબી કિંમતે વેચાણથી અપાયા. દસ્તાવેજ લખાયો.

પરંતુ આ પછી ૨૦ વર્ષ પસાર થઈ ગયાં. અનેક રીતે પરિસ્થિતિ બદલાઈ ગઈ. દરમ્યાન વાત આવી કે બોદાના નેસમાં તીતા કોળીને સ્વપ્ન આવ્યું: 'એક મોટી જમીન છે. એની અંદર મોટું ગોળ કુંડાળું છે. એ કુંડાળામાં વાણિયાના ભગવાન બેઠા છે. આજુબાજુ ઘીના દીવા બળે છે. એ દીવા પાસે ઘી ઢોળાયાના ડાઘા છે.' તપાસ થઈ, તીતા કોળીએ જમીન બતાવી. વાત સાચી નીકળી. આચાર્યશ્રીએ આ જમીન જોયેલી ખરી. તેમને ગમી હતી. ફરી વાત કહેવાતાં તે જમીન લેવા તેમણે આદેશ કર્યો. હવે મોટું તીર્થધામ બંધાવવાની વાત હતી.

બોદાના નેસ સૌરાષ્ટ્રના સૌથી નાના રાજ્યોમાંનું એક હતું. તેમાં ૧૯ કામળિયા દરબારો ભાગીદાર હતા. સૌના નામ મેળવાયાં. મુખ્ય આપાભાઈ સંમત હતા. પણ એક દરબાર આડા ફાટ્યા હતા. આથી આપાભાઈએ પોતાની અન્ય જમીન આપી. ત્યાં ખનન મુહૂર્ત થતું હતું. વાંધો લેનાર દરબાર આવ્યા. વિઘ્ન ઊભું કર્યું. તેમને જેમ તેમ મનાવ્યા.

હવે ? પોલિસ પટેલ જાદવજીની સૂચના મુજબ સ્થાનિક થાણદાર નરભેરામ સાથે આગેવાનો બોદાના નેસ ગયા. વાંધાવાળા દરબારને ત્યાં જ ગાડાં છૂટયા. ભોજનનો સામાન સાથે હતો. દરબાર તો દોડતા બહાર આવ્યા. કેમ કે થાણદાર ત્યાં મોટા હાકેમ ગણાતા. જાદવજી તેમને બાજુએ લઈ જઈ કહે, 'દરબાર, તમારા ભાગ્ય ઊઘડી ગયા છે. થાણદાર વગર આમંત્રણે તમારે ત્યાં પધાર્યા છે. વાત માત્ર થોડી જમીનની છે. તેની તમે હા પાડી દો તો તમારું માન વધી જાય.' દરબાર સંમત થઈ ગયા. જાદવજીએ પૂછ્યું કે તમારે પોતાને શું જોઈએ તે કહો. તેમણે એક કળશી જાર માગી. કળશી એટલે વીસ મણ. તે તરત અપાવી દીધી. હવે સૌ સંમત થઈ ગયા. સમૂહને પૂછ્યું: 'તમારે શું જોઈએ ?' તો કહે અમારા ગામમાં ચોરો નથી. ચોરો કરાવી આપો. તે કામ પણ યથાસમયે થયું. તેનો ૪૦૦ રૂપિયા જેટલો ખર્ચ થયો. તીતાકોળી વાળી સહિતની જમીનો મળી. કામ રંગેચંગે પાર પડ્યું.

આચાર્યશ્રીને કદંબગિરિ તીર્થનો મહિમા સ્મરણમાં આવ્યો. શ્રીનાભ ગણધર ભગવંતના મુખેથી આ ગિરિવરનું મહત્ત્વ જાણીને શ્રી ભરત મહારાજાએ શ્રી મહાવીર પ્રભુનો ભવ્ય પ્રાસાદ અહીં કરાવ્યો હતો. એટલે તેઓશ્રીને લાગ્યું કે એ ભવ્ય પ્રાસાદની સ્મૃતિ કરાવે એવો શ્રી મહાવીર પ્રભુનો ૭૧ દેવકુલિકાઓ સમેત મહાન પ્રાસાદ બંધાવવો. આ વિચાર જાહેર થતાં જ દાનપ્રવાહ ચાલ્યો. શિલ્પવિધાન માટે પાલિતાણાના જ મંદિર સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાની વરણી થઈ.

દરમ્યાન બોટાદના ચાતુર્માસ દરમ્યાન ભાવનગરના મહારાજા દર્શને આવ્યા. આચાર્યશ્રીના આગમને ઊભા થયા, ઊભા જ રહ્યા. વંદન કરી તેઓશ્રીને ગાદી પર બેસવા વિનંતી કરી. ત્યારે તેમણે કહ્યું કે સાધુકર્મ પ્રમાણે અમારાથી તેના પર પગ પણ ન મૂકાય. તેઓ તો ભૂમિ પ્રમાર્જનપૂરક ભૂમિ પર પાથરેલા સાદા આસન પર બેસી ગયા. મહારાજાને આશ્ચર્ય સાથે માન થયું. પોતે પણ જમીન પર જ બેસી ગયા. આગેવાન શ્રાવકોએ ગાદી પર બેસવા આગ્રહ કર્યો તો કહે, 'ગુરુ મહારાજશ્રીથી ઊંચા આસને મારાથી ન બેસાય.' નીચે જ બેઠા. બેથી અઢી કલાક સુધી ધર્મોપદેશ સાંભળ્યો.

કદંબગિરિના મહાપ્રાસાદોની પ્રતિષ્ઠાનો સમારંભ ભવ્ય રીતે થયો. ૨૫,૦૦૦ જેટલી મેદની થઈ. તેમના રહેવા, જમવા વગેરેની વ્યવસ્થા ઉત્તમ રીતે થઈ. ઉત્સવ સત્તર દિવસ સુધી ચાલ્યો. ભાવનગર સ્ટેટ તરફથી વિના મૂલ્યે આપવામાં આવેલા શમિયાણા, તંબુઓ, રાવટીઓ વગેરેનું આયોજન રાજા-મહારાજાઓની છાવણીને ભૂલાવી દે તેવું હતું. ઘણાં લોકો કહેતાં કે આવી ભવ્યતા તો દિલ્હી દરબાર વખતે જ જોવા મળે.

૧૯૪૩-૪૪ના આ સમય દરમ્યાન નાનાં રાજ્યો, એજંસી હેઠળના તાલુકદારોનું ફેડરેશન થયું જેનાથી ચોકદાઠાના ૧૦૨ ગામો ભાવનગર રાજ્ય સાથે ભળી ગયાં જેમાં બોદાના નેસનો પણ સમાવેશ થતો હતો. પ્રતિષ્ઠા પછી મહારાજાએ કદંબગિરિ તીર્થની મુલાકાત લીધી ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે હવે આ તીર્થ ભાવનગર રાજ્યનું છે. એની દરેક પ્રકારે પ્રગતિ થાય તેવા પ્રયાસો રાજ્યે કરવા જોઈએ. મહારાજાએ પોતાની મનોકામના પ્રગટ કરી

કે હું ભાવનગરથી આ તીર્થને સાંકળી લે તેવી રેલ્વેલાઈનનું આયોજન કરીશ.

શ્રી આદિશ્વર પ્રભુની ભવ્ય મૂર્તિના દર્શન કરીને મહારાજા દસ મિનિટ સુધી ધ્યાનમગ્ન બની ગયા. અંતે બોલ્યાઃ 'દેવની મૂર્તિ તો આવી સૌમ્ય અને પ્રસન્ન ભાવવાહી હોવી જોઈએ.' ડુંગર પર ચડવા માટે પેઢીએ ડોળી વગેરે સાધનોની વ્યવસ્થા રાખી હતી. પણ મહારાજાએ કહ્યું કે હું માણસની કાંધે નહિ ચડું. પોતે ચાલીને જ ઉપર ગયા. તેમના સન્માન માટે ભાવનગર સહિતના ૪૦૦ જેટલા જૈન આગેવાનો હાજર રહ્યા હતા. તેમની સાથે દરેક દેરાસરના દર્શન કર્યા. પૂરી નિરાંતથી આખાયે તીર્થનું પ્રાકૃતિક તેમ જ આધ્યાત્મિક સૌંદર્ય નિહાળીને ઘણાં આનંદિત થયા. દેરાસરો, જ્ઞાનશાળા, ઉપાશ્રય વગેરે સ્થાનો જોઈ ભોજનશાળામાં આવ્યા. ભોજનશાળા માટે તેઓએ શેઠ કલ્યાણજી આણંદજીની પેઢીને રૂા. ૧,૦૦૦ ભેટ આપ્યા.

આચાર્યશ્રીએ ગુજરાતમાં અને બહારના પ્રદેશોમાં વિહાર કરતા રહી જૈન સમાજ અને ધર્મના ઉત્કર્ષ માટે અનેક મહાન પ્રયાસો કર્યા. સં. ૧૯૨૯ ઈ. ૧૮૭૨માં મહુવામાં જન્મ્યાં હતા, મહુવામાં જ સં. ૨૦૦૫ ઈ. ૧૯૪૯માં અંતિમ વિદાય લીધી. મહાન પુરુષોની જીવનની લીલાઓ અકળ હોય છે. તેઓશ્રી બેસતા વર્ષે જન્મ્યા હતા, બેસતા વર્ષે વિદાય લીધી, શનિવારે જન્મ, શનિવારે પૂર્ણ દેહવિલય. ૨૦ ઘડી, ૧૫ પળે જન્મ ને તે જ સમયે પૂર્ણ વિલય. પૂજ્યશ્રીના વિનશ્વર પાર્થિવ દેહે બરાબર ૭૭ વર્ષ પૂરાં કર્યાં. સેંકડો વર્ષોમાં ક્યારેક જ બને તેવી ઈતિહાસની અનેક નવીનતાઓમાંની તે એક નવીન નોંધપાત્ર ઘટના હતી.

૧૯૭૨માં આચાર્યશ્રીની જન્મશતાબ્દી ઊજવાઈ હતી. તે પ્રસંગે તેમનું જીવનચરિત્ર 'શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજની જીવનકથા' એ નામથી બહાર પડ્યું. મુનિશ્રી શીલચંદ્ર-વિજયજીએ સાધકબાધક અનેક સામગ્રી એકત્ર કરી તટસ્થભાવે તેમનું જીવનચરિત્ર આલેખ્યું છે. પં. મફતલાલ ઝવેરચંદ જેવા વિદ્વાને લખેલી આ ગ્રંથની પ્રસ્તાવના વિષયની સુંદર ભૂમિકા પૂરી પાડે છે. વિગતવાર પરિશિષ્ટો સાથે ઉપયોગી સંદર્ભો અપાયા છે. ગ્રંથના અંતે આપેલા ફોટોગ્રાફ અને ફોટોપ્રિન્ટો વિષયને આમૂલ ઉજાગર કરે છે. તેમના કાળધર્મ પ્રસંગે ઉચ્ચારાયુંઃ

નેમિ નેમસમ્રાટ, જડ્યો ન દૂજો માનવી,
જનની જણે હજાર, પણ એકે એવો નહીં.

(ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના જીવનચરિત્ર માટેના સંશોધનના અનુસંધાને લખાયેલી નોંધ) ✱✱✱

ડી-૧૪૦, કાલવી બીડ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

## (૨)

❑ કેતન જાની

(સપ્ટેમ્બર માસના અંકથી આગળ)

**કર્મ કે ભાગ્યને ભરોસે બેસવાને બદલે આપણે દર્શનને સમજીએ તો બધું આપણા જ હાથમાં છે**

તા. ૨૦-૮ના **'કર્મનું વિષચક્ર'** વિશે વ્યાખ્યાન આપતા **ડૉ. રશ્મિભાઈ ઝવેરી**એ જણાવ્યું હતું કે આપણને કર્મ જ સંસારમાં નચાવે અને રખડાવે છે. સારા કર્મ અને ખરાબ કર્મ ભોગવવા પડે છે. કર્મ કે ભાગ્યને ભરોસે બેસવાને બદલે આપણે દર્શનને સમજીએ તો બધું આપણા હાથમાં જ છે. કર્મ હંમેશાં કર્મને અનુસરે છે. ભગવાન મહાવીર અને શ્રેણિક રાજાને પણ કર્મએ મૂક્યા નથી. કર્મ કરતી વખતે આપણે પોતાને બદલી શકીએ છીએ. જૈન ધર્મમાં કહેવાયું છે કે નાણાં રળો પણ તેમાં નીતિ રાખો. બિનઆવશ્યક ખર્ચ ન કરો. જેની સાથે કોઈ લેવાદેવા કે સંબંધ ન હોય એવી ટીપ્પણ પણ ન કરો. દિલ માટે આપણે દીવો થઈને કામ કરવાનું છે. ઈન્દ્રિયોને નોકરની જેમ વશમાં રાખવાની છે. તેઓ આપણા મનને ચલાવે છે.

**દર્શની કર્મ** આત્માની ઓળખ થવા દેતા નથી. ચારિત્રકર્મ કષાયની પ્રવૃત્તિ કરાવે છે. મન, વચન અને કર્મ એ ત્રણ માધ્યમથી પ્રવૃત્તિ થાય એટલે કર્મ થાય. શ્રીમદ્ રાજચંદ્રના કહેવા અનુસાર સમવર એટલે સમતાના ભાવથી કર્મનિર્જરા થાય છે. દરેક સ્થિતિમાં રાગદ્વેષથી પર રહેવું જોઈએ. ચિંતા કે તાણ અનુભવ્યા વિના પરિસ્થિતિનો સ્વીકાર કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવવો જોઈએ. સામાયિક કરતી વેળાએ પાપની પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને તેનો પ્રભાવ આખો દિવસ

### પર્યુષણ વ્યાખ્યાનમાળા વેબ સાઈટ ઉપર

તા. ૧૬-૮-૨૦૦૯ થી તા. ૨૩-૯-૨૦૦૯ સુધી યોજાયેલ ઉપરોક્ત વ્યાખ્યાનમાળાનું સંસ્થાની વેબસાઈટ website:www.mumbai_jainyuvaksangh.com. ઉપર નિયમિત પ્રસારણ થઈ રહ્યું છે. આ વિશે કાંઈ પણ માર્ગદર્શનની જરૂર પડે તે વેબસાઈટના માનદ્ સંપાદક શ્રી હિતેશભાઈ માયાનીનો મોબાઈલ નં. ૯૮૨૦૩૪૭૯૯૦ ઉપર સંપર્ક કરવા વિનંતિ. **-મેનેજર**

રહે છે. કાયોત્સર્ગમાં મન, વચન, અને કાયાને શિથિલ કરીને ધ્યાનમાં ઉતરવાનું હોય છે. ચિત્તને નાકની ઉપર કપાળમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેથી મન કાબૂમાં આવે છે. વર્ષીતપ સારું છે પણ એક વર્ષ માટે ક્રોધનું વર્ષીતપ કરો તો વધારે સારું છે. ક્રોધ અને આવેશથી મનને નુકશાન થાય છે. કર્મના વિષચક્રને તોડવા ભાવના બદલવી જોઈએ. લોગ્ગસનો પાઠ કરવાથી આરોગ્ય પ્રાપ્તિ થાય છે. નિદ્રા, ભૂખ, સ્વાદ અને ઈન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ.

(રશ્મિભાઈ ઝવેરી જૈન ધર્મના અભ્યાસુ, પ્રેક્ષાધ્યાનના સાધક અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.)

X X X

**ફળની આશા રાખ્યા વિના કર્મ કરવાથી શાંતિ મળે**

**'ત્યાગાત શાંતિ અનંતરમ્'** એ વિશે વ્યાખ્યાન આપતા ડૉ. જે. એમ. દવેએ જણાવ્યું હતું કે વ્યક્તિ જ્યારે ફળની આશા ત્યજીને કર્મ કરે છે ત્યારે જ તેને શાંતિ મળે છે. ઈશ્વરે આપણને જે આપ્યું છે તેનાથી પામ. કોઈની વસ્તુ લેવાનો પ્રયત્ન નહીં કરે તો જ શાંતિ પ્રાપ્ત થશે. આ પ્રકારનો સૂર બધા જ ભારતીય ધર્મમાં વ્યક્ત થયો છે. પાશ્ચાત્ય દેશોમાં ધર્મની વ્યાખ્યા એવી છે કે જેનો કોઈ મુખ્ય ધર્મગુરુ હોય, ગ્રંથ હોય અને જેના કોઈ સ્થાપક હોય એ ધર્મ કહેવાય. જો કે હિન્દુ ધર્મ એવી કોઈ વ્યાખ્યા અનુસારનો ધર્મ નથી. હિન્દુ એક જીવનશૈલી છે તેમાં સમાજ, અર્થ, પ્રેમ અને શિક્ષણ બધાનો સમાવેશ થાય છે. જૈન ધર્મના વિદ્વાન ન્યાયવિજયજી મહારાજે એક પુસ્તકમાં લખ્યું છે કે જૈન સંઘમાં રહીને જે સાધુ કે શ્રાવક નિયમો પાળતા નથી તે જૈન નથી. જેઓ જૈન નથી પણ અહિંસા કે અનેકાંતવાદ જેવા સિદ્ધાંતોમાં દૃઢ વિશ્વાસ રાખે છે તે જૈન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે જે વ્યક્તિ બીજા દેવનું શ્રદ્ધાથી ભજન કરે છે તે પરોક્ષ રીતે મારું જ પૂજન કરે છે. જે અહિંસાને સાચા ભાવથી અનુસરે છે તે અરિહંતને ભજે છે. શ્રદ્ધાપૂર્વક ઈન્દ્રિયો પર સંયમ રાખે તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ તેને કાયમી અને તુરત જ શાંતિ મળે છે. અર્જુનને ઉપદેશ આપ્યા પછી શ્રીકૃષ્ણે ગીતાના ૧૮મા અધ્યાયના ૬૩મા શ્લોકમાં કહ્યું છે કે મેં તને ગુઢ જ્ઞાન આપ્યું છે. તેનું પૃથ્થકરણ કરીને તને જે યોગ્ય લાગે તે કર.

ડૉ. જ્યોતીન્દ્ર દવેએ સંસ્કૃતમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી છે. હાલ તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ગાંધીનગર અને દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરના સી. ઈ. ઓ. છે. ✷ ✷ ✷

**(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા અન્ય વ્યાખ્યાનો હવે પછી)**

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૩

**❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી**

**ત્રયોદશ અધ્યાય : સત્સંગ યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં તેરમો અધ્યાય 'સત્સંગ યોગ' છે. આ પ્રકરણમાં ૯૦ શ્લોક છે.

સત્સંગનો ઘણો મહિમા છે. સત્સંગથી ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે. ભારતીય ધર્મો સત્સંગને જીવનના ઉત્કર્ષ માટેનું શ્રેષ્ઠ સાધન માને છે. એક શ્લોક મળે છેઃ

गंगापापं शशितापं, दैन्यं कल्पतरुस्तथा।

पापंतापं च दैन्यं च हरति संत समागमः।।

એનો અર્થ એવો છે કે ગંગા પાસે જઈએ તો પાપ ધોવાય છે, ચંદ્રમા પાસે જઈએ તો તાપ દૂર થાય છે, કલ્પવૃક્ષ પાસે જઈએ તો દારિદ્રય દૂર થાય છે પરંતુ સંતનો સમાગમ કરીએ તો પાપ, તાપ અને દારિદ્રય, ત્રણેય એક સાથે દૂર થાય છે.

સત્સંગનો અપૂર્વ મહિમા છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'સત્સંગ યોગ'ના પ્રથમ શ્લોકમાં જ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સત્સંગનો જે પ્રભાવ દર્શાવે છે તે અદ્ભૂત છેઃ

अनेक भवसंबद्ध कर्माणि साधुसंगतेः।

क्षणार्ध्देने क्षयं यान्ति, परमाच गर्त जनाः।।

(સત્સંગયોગ, શ્લોક–૧)

**'સાધુ સાથેના એક જ ક્ષણના સત્સંગથી લોકોના અનેક જન્મના કર્મોનો ક્ષય થાય છે અને તેઓ પરમગતિ પ્રાપ્ત કરે છે.'**

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી માત્ર જૈન ધર્મ પૂરતું નહીં પરંતુ તમામ ભારતીય ધર્મો સત્સંગનો જે પ્રભાવ કહે છે તેનું અનુસંધાન આ 'સત્સંગ યોગ'માં સાથે જોડે છે અને તેથી આ પ્રકરણનું મૂલ્ય ઘણું વધી જાય છે. શ્રી આનંદઘનજીએ કહ્યું હતું કે–

**સાધુ સંગતિ બિનૂ કૈસે પૈયે પરમ મહારસ ધામરી!**

શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી યશોવિજયજી, શ્રી સમયસુંદરજી વિગેરે તમામ જ્ઞાની પુરુષો સત્સંગનો અદ્ભૂત મહિમા સદાય કહેતા રહ્યા છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'સત્સંગ યોગ'ના પાંચમા શ્લોકમાં જે કહે છે તે ધ્યાન દઈને સાંભળવા જેવું છેઃ

**'સર્વ કાર્યો ત્યજીને પણ સદ્ગુરુનો સમાગમ કરવો જોઈએ. ભક્તોએ આત્મજ્ઞાન પામવા માટે રાતદિવસ સત્સંગ કરવો જોઇએ.'**

(સત્સંગયોગ, શ્લોક–૫)

ભારતીય ધર્મોની ભૂમિકા એ છે કે સદ્ગુરુના સંગમાં જ આત્મ-કલ્યાણ સંભવે છે. દેહમાં દેહી બિરાજે છે. અંતરમાં બિરાજમાન પરમાત્મા સ્વરૂપ આત્માને તેની જ્યોતિર્મય અવસ્થા સુધી પહોંચાડવા માટે સત્સંગ વિના આરો નથી. જૈન ધર્મ માને છે કે

અનાદિકાળથી પરિભ્રમણ કરી રહેલા આત્માને સન્માર્ગે રાખવા માટે, સદ્‌ગતિમાં પહોંચાડવા માટે અને સાક્ષાત્ પરમાત્મા બનાવવા માટે સદ્‌ગુરુનું શરણ સૌથી શ્રેષ્ઠ આધાર છે. ગુરુની કૃપાનું એકાદ કિરણ પણ શિષ્ય ઉપર પડી જાય તો તેનો ઉદ્ધાર થઈ જાય. ભક્તની ભક્તિ અને ભક્તની વિનમ્રતા પારદર્શક જોઈએ. જે ભક્તનું હૃદય આરપાર દેખાય છે તેને સત્સંગ તત્ક્ષણ ફળે છે. આવા ભક્તે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સતત મંડ્યા રહેવું પડે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે,

**'જ્યાં જ્યાં આત્મજ્ઞાન વિશે વાર્તા-કથા અને ચર્ચા થતાં હોય ત્યાં ત્યાં ભક્તજને સેંકડો કાર્યો પડતા મૂકીને પણ જવું જોઈએ.'**

(સત્સંગયોગ, શ્લોક–૬)

સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી સહેલી નથી. અનેક જન્મોના પરિશ્રમનું ફળ છે કે સદ્‌ગુરુ મળે છે. સદ્‌ગુરુ એટલે શું? સદ્‌ગુરુ એટલે પરમાત્મા. જે નિરંતર પરમાત્મામાં જોડાયેલા રહે છે અને આપણને પરમાત્મા પાસે લઈ જાય છે એ સદ્‌ગુરુ છે. એવા સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી સરળ નથી, પણ જો થઈ જાય તો એ જીવનનું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનની પ્રત્યેક ક્ષણ કિંમતી છે. આ જીવનને ઉત્કર્ષના માર્ગે લઈ જવા માટે સત્સંગ ખૂબ જ ઉપયોગી છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'સત્સંગયોગ'માં જે વિચાર પ્રગટાવે છે તે આપણને એક વિરાટ આકાશ સુધી દોરી જાય છે. જુઓ:

**'મારા નામનો જાપ કરનારાઓના દર્શનથી જેના રૂંવાડાં ઊભા થઈ જાય તે મને પ્રિય છે.'**

(સત્સંગયોગ, શ્લોક–૧૨)

ભગવાનને કેવો ભક્ત વહાલો હોય છે તે આમાંથી સમજાય છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. ભાવનાથી ભવનો નાશ થાય છે. સાંસારિક જીવનમાં પણ સારી ભાવનાનો પડઘો પડે છે તો ભગવાનના દરબારમાં સારી ભાવનાનો પડઘો કેમ ન પડે?

**'જે જૈન સાધુઓને જોઈને પૂર્ણ આનંદવાળા બને છે તે લોકો મને-પ્રભુને–પામીને જ્ઞાનયોગીઓ બને છે.'**

(સત્સંગયોગ, શ્લોક–૧૫)

પંચમહાવ્રત ધારી સાધુ ભગવંતને જોઈને અપાર હર્ષ થવો જોઈએ. સાધુ એ આ વિશ્વની અણમોલ સંપત્તિ છે. સાધુના શરણમાં રહેવું, તેમની ભક્તિ કરવી, તેમના પ્રત્યે સંપૂર્ણ આદર અને સત્કાર રાખવા એ ભક્તનું કર્તવ્ય છે. સાધુ શું કરશે તેનો વિરાટ આલેખ 'સત્સંગયોગ'માં મળે છે:

**'કેટલાંક લોકો જૈન ધર્મની વૃદ્ધિ માટે કળિયુગના ધર્મ અનુસાર નવા જ્ઞાનનો પ્રકાશ કરે છે અને નવા શાસ્ત્રો રચે છે. (શ્લોક, ૨૦). કેટલાંક લોકો સમુદ્રનું ઉલ્લંઘન કરીને એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં જાય છે અને વિદ્યામંત્રના પ્રભાવ વડે ધર્મનો ઉપદેશ આપે છે. (શ્લોક–૨૧). કેટલાંક લોકો એક સ્થાનમાં રહે છે અને કેટલાંક લોકો અનેક સ્થાનમાં રહે છે. કેટલાંક લોકો પ્રવૃત્તિ કરનારા છે તો કેટલાંક લોકો નિવૃત્તિ કાર્યો કરનારા છે. (શ્લોક–૨૨). કેટલાંક મંત્રયોગ કરે છે. કેટલાંક સમાધિયોગમાં તત્પર છે. કેટલાંક શાસ્ત્રાભ્યાસમાં રત છે તો કેટલાંક જૈન ધર્મનો પ્રચાર કરે છે. (શ્લોક, ૨૩). કેટલાંક યોગીઓ કળિયુગમાં ગુપ્તરૂપમાં હિમાલયની ઉત્તરમાં શ્વેત દ્વીપમાં નિવાસ કરે છે. (શ્લોક, ૩૧). કેટલાંક મધ્યખંડમાં સાગર દ્વીપમાં પૂર્વ-પશ્ચિમ દેશમાં અથવા દક્ષિણમાં નિવાસ કરે છે. (શ્લોક, ૩૨). જૈનોના આફતકાળ વખતે કળિયુગમાં ધર્મ પ્રભાવક એવા સંતો પોતાની જાતનો પાદુર્ભાવ કરે છે. (શ્લોક, ૩૩). તેઓ પૃથ્વી ઉપર મેં કહેલા જૈન ધર્મના બ્રાહ્મી લિપિમાં લખાયેલા ગ્રંથોનો પ્રયત્નપૂર્વક ઉદ્ધાર કરે છે. (શ્લોક, ૩૬). વિકળ દેખાતા સંતોને બધા ઉપચારથી સેવવા જોઈએ કારણ કે પ્રભુલીન યોગીઓની વિકળતા માત્ર દેખાવ પૂરતી જ હોય છે. (શ્લોક, ૪૩). તેમનામાં વેષ અને આચારની નિત્યતા હોતી નથી. તેઓ પરોપકારમાં તત્પર અને આત્મજ્ઞાનની સમાધિમાં મસ્ત રહે છે. (શ્લોક, ૪૫). વિતરાગની દશાને પામેલા તેઓ અરિહંત અને જિનેન્દ્રના ભક્તો છે. તેઓ કળિયુગમાં વિશ્વશાંતિ કરવા જન્મેલા છે (અને ભવિષ્યમાં પણ) જન્મ લેશે. (શ્લોક, ૪૬).**

આ સંપૂર્ણ આલેખ આપણને ચિંતનની ઊંડી દુનિયામાં દોરી જાય છે. પરંતુ આ સમગ્ર કથન એક મહાન સાધુ પુરુષનું હોવાથી આપણે વિચારતા થઈ જઈએ છીએ અને તેમાંથી વિશિષ્ટ મર્મ પામવાની કોશિશ કરવા લાગીએ છીએ.

સંતો પ્રત્યે અપાર ભક્તિ જોઈએ. સંતોનું વર્તન સદાય વિલક્ષણ હોય છે. તેમની દુનિયા જ અગમનિગમની દુનિયા છે. સંતો માત્ર સંસાર છોડીને અને વેષ પરિવર્તન કરીને નીકળી પડે તે જ કહેવાતા નથી. પરંતુ ક્યારેક સંસાર જીવનમાં રહીને પણ પવિત્ર અને ઉત્તમ જીવન જીવતા સજ્જનો સંત સમાન બની જાય છે. તેઓ ગૃહસ્થ જીવનમાં રહીને પણ અનાસક્ત રહે છે, સાત્વિક ભોજન કરે છે, અધ્યાત્મના પંથે ચાલે છે, અને તેવું જીવન જીવીને સહુના આદરપાત્ર બને છે. સંતત્વ વેષ પરિવર્તન કરવાથી જ આવે છે એવું નથી પરંતુ અંતર પરિવર્તન કરવાથી સાચું સંતત્વ પ્રગટ થાય છે તે ભૂલવું ન જોઈએ. આવા જે કોઈ સજ્જનો છે અને આવા જે કોઈ સંતપુરુષો છે તે સહુ માટે સદાય આદર અને ભક્તિ કેળવવા જોઈએ, કેમકે જે સામાન્યજનો નથી કરી શકતા તે એમણે સિદ્ધ કર્યું છે.

ગણધર ગૌતમ સ્વામીના સંગમાં અતિમુક્ત મુનિ ક્ષણમાત્રમાં વૈરાગ્ય પામી ગયેલા. મહાન સાધ્વી ચંદનબાળાના સંગમાં મહાન સાધ્વી મૃગાવતી ક્ષણમાત્રમાં આત્મકલ્યાણ પામી ગયેલા. ગણધર સુધર્મા સ્વામીના સંગમાં મહાન જમ્બૂ કેવળી ક્ષણમાત્રમાં વૈરાગ્ય

પામી ગયેલા. ગુજરાતના મહાન મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળે શ્રી વર્ધમાન સૂરિ મહારાજના સંગમાં પાલીતાણા તીર્થનો ઐતિહાસિક સંઘ કાઢેલો. મહાન જાવડશાએ જૈન સાધુઓની પ્રેરણાથી ગુજરાતને દુકાળને પેલે પાર લાવી મૂકેલું. મહાન અકબર બાદશાહે શ્રી હીરવિજય સૂરિના સંગમાં ભારતભરમાં છ મહિના સુધી કતલખાના બંધ કરેલા. આ બધી ઘટનાઓ આપણને 'સત્સંગયોગ'માં પ્રવેશ કરાવે છે. સાધુનું કાર્ય તો સદ્આકાશ તરફ ઈશારો કરવાનું હોય છે. આપણું કાર્ય એ પંથે ચાલવાનું હોય છે. માત્ર ભારતમાં જ નહીં, દેશ અને દુનિયામાં અનેક સદાચારી સંતો થયા છે. જેમના સંગમાં આ ધરતીના અસંખ્ય લોકો કલ્યાણ પામ્યા છે. ક્યારેક એવું નથી લાગતું કે આ ધરતી આવા સંતોના પ્રતાપે જ ટકી છે?

સાધુ એટલે કરુણાનો દરિયો. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનની જ એક ઘટના તેમની ડાયરીમાં નોંધાયેલી મળે છે. વિ. સં. ૧૯૭૧ના ભાદરવા વદી એકમના દિવસે તેમની ડાયરીમાં તેમણે એક કાવ્યરચના કરી છે. તે સમયે ગુજરાતમાં વરસાદ પડ્યો નહોતો. દુકાળના વાવડ હતા. આચાર્યશ્રીએ કરુણાભર્યા હૃદયથી એક કાવ્યની રચના કરી અને પ્રાર્થના કરી કે જલ્દી મેઘ પધારો અને સહુને શાંતિ આપો. તે જ સમયે વર્ષા થઈ અને ગુજરાતમાં સુકાળ પ્રવર્ત્યો. વર્ષા થઈ તેની નોંધ પણ અને સુકાળ થયો તેની નોંધ પણ તેમણે ડાયરીમાં કરી!

થોડાંક શ્લોકાર્થ જોઇએ:

**'જ્ઞાની પુરુષ શુદ્ધ ઉપયોગ દ્વારા રાગ દ્વેષમય ચિત્તને કર્મબીજના અનાદિપણાથી શુદ્ધ કરે છે.'**

(ગાથા-૬૯)


**'જ્ઞાન અને વૈરાગ્ય ધારણ કરનારા સંતો સર્વત્ર શાંતિ કરનારા છે. તેઓ વિશ્વના ઉદ્ધારમાં પરાયણ અને અનંત સુખથી સંપન્ન હોય છે.'**

(ગાથા-૭૦)

સાધુની અનુકંપાની કોઈ સીમા હોતી નથી. એમની કરુણા સહેજે બંધિયાર હોતી નથી. એમની અનુકંપા જ્યારે જીવોની વેદના જોઈને આત્મામાં અજંપો જગાડે છે ત્યારે એનું સ્વરૂપ કેવું હોય છે એની અનુભવપૂર્ણ પ્રતીતિ આ કાવ્યમાં આલેખાય છે. સાધુ જીવનમાં જીવ માત્ર પ્રત્યે કરુણા હોય છે એટલું જ નહીં પણ એના આચરણમાં અસીમ અનુકંપા હોય છે.

અહીં દુષ્કાળમાં તરફડતા માનવજીવન અને પશુજીવન માટે આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબે પ્રાર્થના કરી છે. વિ. સં. ૧૯૭૧ના ભાદરવા વદી એકમના દિવસે આ કાવ્યરચના થઈ અને થોડા જ સમયમાં વર્ષા થઈ. કાવ્યની બાજુમાં જ યોગનિષ્ઠ આચાર્યશ્રીએ એની નોંધ પણ કરી છે.

**પૂ. બુદ્ધિસાગરજી મહારાજસાહેબના હસ્તાક્ષર**


અહીં ઝટ મેઘ વર્ષાવો.
વિનંતિ સર્વ દેવોને - જીગરથી ધર્મ થોતાર્થે.
કરૂં તે ધ્યાનમાં લઈને. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧
તપસ્વી ઓ તપઃ તપતા - તપો મહિમા બળે વેગે -
અહો શાસન સુરો પ્રેમે. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૨
જગત્‌માં ધર્મિ જીવોના - ખરા પુણ્યે દયા લાવી.
પજુસણ પર્વમાં યત્ને. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૩
ગયાં પર્વો ઘણાં ખલી - અરે વૃષ્ટિ વિના જાણી.
હવે પર્યુષણે નક્કી. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૪
સુધારો પર્વ આ છેલ્લું - ખરા ઉપકારને માટે.
કરોડો વિઘ્ન વારીને. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૫
મહત્ત્વે સન્તના પુણ્યે - ઘણા પ્રેરાઈને મનમાં.
બની એ જુક્તાથી ગુરુભાવે. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૬
તમો છો વિશ્વમાં સાચા - જગત્ નિશ્ચય કરાવાને.
જિનેશ્વર ધર્મ રક્ષાર્થે. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૭
વિનંતિ ખાલી ના જાતી. ખરેખર સન્ત રસિયોજી.
ખરો નિશ્ચય કરાવાને. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૮
કદાપિ સન્તનાં કાવ્યો. નહીં નિષ્ફળ થતાં જગમાં.
અહો એની પ્રતિજ્ઞાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૯
તમારી લાજને માટે = પ્રભાવકતા ધરી મનમાં -
ગમે તે યુક્તિ શક્તિથી. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૦
હવે તો હદ વળી સમજો. લગાડો વાર ના કિંચિત્.
સુકાળ જ શાન્તિના માટે. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૧
કહું આ કાવ્ય પરમાર્થે - પરોના વેગ જોતાવે.
અહો એ સત્ય કરવાને. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૨
કર્યું આવશ્યક કાર્ય જ - નિહાળી કાવ્ય કીધું આ.
બુદ્ધ્યબ્ધિ ધર્મ લજ્જાર્થે. અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૩
ૐ શાન્તિઃ ૨

**'હંમેશાં પૂર્ણરાગથી રાત્રિદિવસ સંતોની સેવા કરવી જોઈએ. કરોડો કાર્યોનો ત્યાગ કરીને સાધુઓની સંગતિ કરવી જોઈએ.'**

(ગાથા-૮૫)

**'મારામાં પ્રેમ રાખનારા સાધુની સેવા કરીને મારા લોકો જ્ઞાન પ્રાપ્ત કરે છે અને પછી શુદ્ધ આત્મા પ્રાપ્ત કરી શકે છે.**

(ગાથા, ૮૬)

**'સાધુઓના સમભાવ વડે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સંતોની સેવા કરીને દોષ છોડવા જોઈએ અને ગુણ ગ્રહણ કરવા જોઇએ.'**

(ગાથા-૮૭)

**'કળિયુગમાં મારા લોકોએ સજ્જનોમાં પૂર્ણરાગ કરવો જોઈએ. સાધુઓ પ્રત્યેના પૂર્ણરાગથી જ્ઞાન વિગેરેની શુદ્ધતા થાય છે.'**

(ગાથા-૮૮)

**'લોકોએ સાધુઓનું હંમેશાં દર્શન કરવું જોઈએ. સાધુઓના દર્શનથી પુણ્ય અને સંગથી શુભ ફળે છે.'**

(ગાથા-૮૯)

**'સ્થાવર તીર્થની સેવા કરતાં જંગમતીર્થની સેવામાં અનંત કોટિ ગણું ફળ મળે છે એમ જાણવું.**

(ગાથા-૯૦)

સત્સંગની જેટલી વાત કરીએ એટલી ઓછી છે. કલ્પવૃક્ષ તો કોણે જોયું તેનું ખબર નથી પણ આ ધરતી પર વિચરતા સંતો કલ્પવૃક્ષ નથી તો શું છે? જે એની શીળી છાયામાં જાય છે તે સદાય સુખ પામે છે. સદાય કલ્યાણ પામે છે.

(ક્રમશઃ)

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
જૈન જ્ઞાનમંદિર, જ્ઞાનમંદીર રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૨૮.

✶ ✶ ✶

# જયભિખ્ખુ જીવનધારા : ૧૨

**□ ડૉ. કુમારપાળ દેસાઈ**

*[બાળપણની ઘટનાઓ ચિત્ત પર સદાને માટે અંકિત થઈ જતી હોય છે. ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કરનાર સર્જક જયભિખ્ખુના બાળપણની આ ઘટનાઓ આજથી નેવું વર્ષ પહેલાનાં ગ્રામજીવનનો ચિતાર આપે છે. આ ઘટનાઓ એમના સાહિત્યસર્જનમાં એક યા બીજારૂપે ગૂંથાયેલી દૃષ્ટિગોચર થાય છે. ગતાંકમાં પાલી કાકીના શૌર્યભર્યા વ્યક્તિત્વનો એક અંશ જોવા મળ્યો, જેણે લેખકને તેજસ્વી નારીપાત્રોના સર્જન માટેની કેટલીક સુંદર રેખાઓ આપી. બાળપણનો એક બીજો અનુભવ જોઈએ જયભિખ્ખુના ચરિત્રને આલેખતા બારમા પ્રકરણમાં.]*

## મારો દીકરો આવો ન હોય!

આજથી એકસો વર્ષ પૂર્વે ગુજરાતના ગામડાંઓની રાત બહારવટિયાઓના ભયના ફફડાટમાં વીતતી હતી. એમની કથાઓ લોકમાનસમાં ભય જગાવતી હતી. ચોમેર ફેલાયેલી અને ફેલાતી જતી દંતકથાઓ એમાં ઉમેરણ કરતી હતી. એવા સમયે વરસોડા ગામને ઝાંપે મીરખાં બહારવટિયાએ જાસાચીઠ્ઠી ચોંટાડી અને એમાં લખ્યું કે ત્રણ દિવસમાં ત્રણ હજાર રોકડા, દસ બોકડા, બે દેગડા દારૂ અને પાંચ મણ મીઠાઈ પુનિયા પટેલના ખેતરના શેઢે મૂકી જજો, નહીં તો બુધવારની સાંજે તમારું ગામ ભાંગીશ. એની નિશાનીમાં ઘાસના પૂળાંઓ સળગશે એ જાણજો.

બુધવારની સાંજ પડી ચૂકી હતી. ગામના પાદર પર રણજંગનો રંગ જામ્યો હતો. એકેએક કોમના યુવાનો મરવા કે મારવા નીકળ્યા હતા. ડરનારા લોકો ગામ છોડીને ચાલ્યા ગયા હતા. બીકણ યુવાનો એક યા બીજા બહાને પરગામ જતા રહ્યા હતા અને હવે ગામના રજપૂત ગરાસિયા, મુસલમાન, વાણિયા અને મોઢના યુવાનો કમર કસીને ઊભા હતા. એમને મરવાની બીક નહોતી, અને ગામની લાજ લૂંટવા આવનારને પદાર્થપાઠ શીખવવાની ઈચ્છા હતી. બહારવટિયાની જાસાચીઠ્ઠીનો પોલીસ થાણામાં રિપોર્ટ થયો હતો એટલે પાંચથી દસ પોલીસ ગામમાં બંદૂકભેર આવી હતી. આ ગામને પાદર આડાં ગાડાં ગોઠવીને રૂના ગાદલાં ભરાવી સિપાહીઓ ભરી બંદૂકે બંદૂકે બેસી ગયા હતા.

જે ભય હતો એ આખરે નજર સામે આવીને ઊભો થયો. ગામને પાદર દૂર ખેતરમાં ઘાસનો સાલો (પૂળાઓ) સળગવા લાગ્યો. સહુની આંખો એ તરફ મંડાઈ, પરંતુ જોયું તો એ તરફથી બહારવટિયા ગામમાં ધાડ પાડવા આવતા દેખાતા નહોતા. પહેલાં એમ લાગ્યું કે થોડીવારે આવશે, પછી એમ થયું કે સામા માર્ગે આવવાને બદલે સહેજ આડા ફંટાઈને આવશે. વખત વીતતો ચાલ્યો, પણ સામે કોઈ દેખાયું નહીં. બહારવટિયાઓની ગામ ભાંગવાની નિશાની જોવા મળી, પણ બહારવટિયા ક્યાંય નજરે પડ્યાં નહીં!

આખરે કેટલાંક જુવાનિયાઓએ સામે ચાલીને તપાસ કરવાનો વિચાર કર્યો. આને માટે એમની સાથે બે પોલીસ પણ હતા. આ બધાને એ તરફ જતા જોઈને બીજાઓને પણ હવે શૂરાતન ચડ્યું. જે દૂર ઊભા રહીને જોતા હતા તે નજીક આવ્યા. જે નજીક હતા એ એમની પાછળ ચાલ્યા. ધીરે ધીરે દબાતે પગલે, ચારે બાજુ નજર ફેરવતાં આ યુવાનો ઘાસની ગંજી બળી રહી હતી એની નજક આવ્યા અને જોયું તો નજીકમાં કોઈ ઊભેલું દેખાયું.

એને જોતાં જ ગામનો યુવાન બોલી ઊઠ્યો. 'અરે આ તો આપણા અમથુજી પટાવાળાનો મગન લાગે છે. એ વળી અહીં ક્યાંથી?'

એને ડોલતો જોઈને અને એની ઘેરાયેલી આંખો પરથી કૅમ્પમાંથી પોલિટિકલ ખાતા તરફથી આવેલા પોલીસોએ કહ્યું,

'અરે આ તો પીધેલો લાગે છે.'

બધા આગળ વધ્યા. પોલીસોએ મગનને બાવડેથી બરાબર પકડ્યો. એના બે હાથ બરાબર પકડીને કહ્યું, 'એ ય! મીરખાં ક્યાં છે? આ ગંજી કોણે સળગાવી હતી?'

દારૂના નશામાં ડોલતો મગન રાજાપાટમાં આવીને બોલ્યો, 'જુઓ, હું છું મીરખાં મૂછાળો. અમે સળગાવ્યો છે આ ઘાસનો સાલો. બોલો, તમારે ડરપોકોને શું છે?'

મગનને પકડીને પોલીસ ગામમાં લઈ આવી. ગામલોકો એકઠા થયા. હજી મગનનો નશો ઊતર્યો નહોતો. દરબાર ગઢમાંથી જાસાચીઠ્ઠી મંગાવી અને એના અક્ષરો મેળવ્યા, તો એ મગનના જ હતા! વાતની કડી સહુને મળી ગઈ. પછી કોઈ રાહ જુએ ખરા!

આખા ગામને ઉપરતળે કરનાર મગન પર મુક્કાઓ અને ધક્કાઓનો વરસાદ વરસ્યો. ઘરડી સ્ત્રીઓએ શાપ આપ્યા, કેટલીક મારવા ધસી આવી. બધાએ ભેગા મળીને કપડાં ધૂએ એમ મગનને ધોઈ નાખ્યો. ગામના વડીલોએ આવીને મગનને મરતો બચાવ્યો. એનું કારણ એટલું હતું કે મગનનો બાપ લાખ રૂપિયાનો આદમી હતો. એ દરબારનો હજૂર પટાવાળો હતો. ગામમાં એની ઘણી મોટી આબરૂ હતી અને ભારે હોંશથી એણે એના દીકરા મગનને પાંચ ચોપડી સુધી ભણાવ્યો હતો.

અભણ બાપને થયું કે છોકરો ભણશે-ગણશે તો કંઈક નામ ઉજાળશે, આથી એને બહાર ભણવા મોકલવાનું વિચારતા હતા. મગનની ઈચ્છા પણ શહેરમાં જઈને કમાણી કરવાની હતી. બાપે જીવનભર ગામમાં રહીને નિમકહલાલીથી દરબારની સેવા કરી હતી.

પણ વિચાર્યું કે છોકરાને ગામની ભૂમિમાં શું કામ દાટી દેવો? ભલે, એને શહેરમાં જવું હોય તો જાય. મગન શહેરમાં ગયો. એના પિતા પાસેથી વિનય-વિવેક શીખ્યો હતો, એ વિનય-વિવેક સાથે શેઠને ત્યાં કામ કરવા લાગ્યો. ઠાવકો, કહ્યાગરો અને ઉદ્યમી મગન પહેલાં પરચૂરણ કામ કરતો હતો. કામ કરવામાં એવો પાવરધો કે શેઠ-શેઠાણી કંઈક કહે એ પહેલાં એણે એ કામ કરી રાખ્યું હોય. આથી શેઠે એને પોતાની બે ઘોડાની ફેટિન પર કોચવાન બનાવ્યો. પછી તો ફેટિન ચલાવવામાં મગનનો હાથ બેસી ગયો. ગામમાં વસતા બાપને મગન સમાચાર મોકલતો અને પોતાની સુખ સાહ્યબીની વાત જણાવતો. અમથુજી ભગવાનનો પાડ માનતા હતા. હૈયું ઠારે એવો દીકરો મળ્યાનો એમને આનંદ હતો.

દેખાવડા મગનને ખુશ થયેલા શેઠે કપડાં માટે પૈસા આપ્યા. કેસરી ફેંટો, ચપોચપ શૂરવાલ અને શિકારી કોટમાં મગન ભારે ભપકાથી રહેવા લાગ્યો. એમાં વળી કોટ પર લશ્કરી બટન લગાડ્યા. દેખાવ જુઓ તો કોઈ મોટા ધનપતિ જેવો! શેઠ-શેઠાણીની રજા લઈને મગન ગામમાં આવતો, ત્યારે એનો રુઆબ જ જુદો હોય. એનો ભપકો એવો કે એની આગળ ભલભલા ઝાંખા લાગે. કામિનીઆ તેલ નાખીને ઓળેલા વાળ અને લહેકાદાર ચાલ. ગામમાંથી મગન નીકળે એટલે સહુ એને દોડીને ખબરઅંતર પૂછે. મગન શહેરની જાહોજલાલીની મોટી મોટી વાતો કરે, ગામના છોકરાઓ અને જુવાનિયાઓ એની આસપાસ ટોળે વળે. સહુને એમ કે મગન આપણને શહેરમાં લઈ જાય તો કેવું સારું? એના જેમ રૂઆબથી રહેવા મળે, ભપકાથી જીવવા મળે.

મગનનું જીવન બરાબર ચાલતું હતું. પરંતુ એ જમાનામાં શહેરની મોહિની સાવ જુદી હતી. ધીરે ધીરે એને જુદા જુદા શોખ જાગવા લાગ્યા અને મગન સિનેમા અને નાટક, તેલ અને અત્તર, બુટપાલિશ અને રેશમી રૂમાલ, હોટલ અને લોજ–એમ જુદા જુદા શોખમાં આગળ વધતો ગયો. શોખ અને વ્યસન લાગુ પડે એટલે સદાય વધતા રહે અને ધન ઘટતું રહે. ગામડામાં ક્યારેય ચા નહીં પીનારો મગન શહેરમાં પાંચ-પાંચ વખત ચા પીવા લાગ્યો. એ જમાનામાં ભાગ્યે જ લોકો ચા પીતા, તેથી મગનનો આ શોખ એની શાન બની ગયો. પછી તો સાત વાર પાન જોઈએ અને સીગારેટનો તો ઘાણ કાઢે.

વ્યસનની ગંધથી મિત્રો ખેંચાઈ આવે છે. શોખના આકર્ષણથી દોસ્તો સામા મળી આવે છે અને એ રીતે મગનને સ્વાર્થી અને ખુશામતીયા દોસ્તો મળ્યા અને એમણે મગનના મોજીલાપણાને દાદ આપીને એને ફોલી ખાધો. માથે દેવું થયું, હાથ તંગીમાં પડ્યો. દોસ્તોએ કહ્યું કે દેવાથી ડરવાનું શું? આજે દેવું હોય અને આવતીકાલે નસીબ આડેનું પાંદડું ખસી જાય તો માલામાલ થઈ જવાય, આથી કેટલાકે નસીબ અજમાવવા જુગાર રમવાનું કહ્યું. મગન જુગારના છંદે ચડ્યો. શહેરમાં એને કોણ વારે? ગામમાં તો એકબીજાની શરમ અડતી હોય, પણ શહેરમાં તો કોઈની ય શરમ અડે નહીં. ધીરે ધીરે એ દારૂની લત પર ચડ્યો. એના શેઠને આ ખબર પડી. એમણે મગનને પહેલાં ધમકાવ્યો અને સીધા રસ્તે ચાલવા સલાહ આપી. પણ મધમાખીઓ કંઈ મધપૂડાને એમ છોડે ખરી?

મિત્રોએ મગનને વધુ ને વધુ વ્યસન સેવતો કર્યો. એકવાર એના શેઠે જોયું કે મગન દારૂ પીને આવ્યો છે એટલે એને નોકરીમાંથી રૂખસદ આપી. ઘણે ઠેકાણે ફર્યો પણ બીજી નોકરી મળી નહીં. દેવાદાર મગનના મિત્રો ધીરે ધીરે અદૃશ્ય થવા લાગ્યા. મગન એકલો પડી ગયો. મનમાં વિચાર્યું કે ભલે બાપે અનેક આશા-અરમાન સાથે શહેરમાં મોકલ્યો હતો પણ મારે માટે શહેરમાં જીવવું મુશ્કેલ છે. દેવું પણ એટલું બધું વધી ગયું છે કે દેવાદારો એને સુખેથી રહેવા દેતા નથી. આથી મગને શહેરને તિલાંજલિ આપીને પાછું પોતાના ગામમાં આવીને વસવાનું નક્કી કર્યું.

શહેરની રોનકથી અંજાઈને ગામ છોડી ગયેલા ઘણા યુવાનોએ શહેરી જીવનની ઝાકઝમાળ ભૂલીને ગ્રામજીવન શરૂ કર્યું હતું, પણ મગન શહેરને ભૂલી શકતો નહોતો કારણ કે એના સઘળા શોખ શહેરને પોષાય તેવા હતા. ગામમાં ખેતી કરવી પડે, નોકરી કરવી પડે, દુકાનદારી કે મજૂરી કરવી પડે. મગન આમાંથી એકેયને માટે તૈયાર નહોતો. એને એના રૂઆબમાં રસ હતો. આસપાસ ખુશામતીયાઓની મંડળી પસંદ હતી.

આથી એણે ગામમાં હોટલ શરૂ કરી. નેવું વર્ષ પહેલાં વરસોડા ગામને માટે આ એક સમાચાર બન્યા. ગામમાં હોટલ હોય અને એમાં ચા-નાસ્તો મળે તેવી ઘણાએ કલ્પના પણ કરી નહોતી. એ જમાનામાં માત્ર ઘરમાં ચાનો વપરાશ હતો. મગને હોટલ કરી અને એક બંગડીવાજુ લાવ્યો. ધીરે ધીરે હોટલ પર કામવિનાના અને તોફાની યુવાનોની મંડળી જામવા લાગી. યુવાન વહુ-દીકરીઓએ ત્યાંથી નીકળવું બંધ કર્યું. પણ મગનને કોણ વારે? કોઈને એમ થયું કે એના બાપ અમથુજીને વાત કરીએ, પરંતુ ગામમાં અમથુજી એવો ભલો, આબરૂદાર અને મોભાદાર માણસ કે એને આવી વાત કરીને એનું મનદુઃખ કરવાનું કોઈ ઈચ્છે નહીં.

હોટલમાં આવારા યુવાનોની મંડળી મળવા લાગી. મગનને માથે કરજ તો વધતું હતું. કેટલાક મિત્રોએ સલાહ આપી કે ભવની ભૂખ માંગવી હોય તો હોટલ કરવાથી કંઈ ન વળે. મોટી ધાડ પાડવી જોઈએ. મગનને પણ થયું કે આ દેવાનો ડુંગર તો વધતો જાય છે. હોટલમાં મફત ચા-પાણી પીનારાઓ પડ્યા-પાથર્યા રહે છે. કોઈ મગનને કહે કે બંગડીવાજા પર અમુક ગીત વગાડ અને એમ કહીને કલાકો સુધી બેસી રહે છે. આમાં આવક કરતાં જાવક વધુ છે.

મગનના મનમાં એવો વિચાર જાગ્યો કે આખાય મુલકમાં

બહારવટિયા મીરખાંના નામનો ચારેબાજુ ભય ફેલાયેલો છે. એનાથી ભલભલા ધ્રૂજે છે અને એથી જો મીરખાંના નામે ગામ ડરીને રૂપિયા પહોંચતા કરી જાય, તો કામમાં ફતેહ મળી જાય. જિંદગીભરનું દેવું એક જ ઘાએ ચૂકવાઈ જાય.

પણ મગનની બાજી તો ધૂળમાં મળી ગઈ. વળી એણે દારૂના નશામાં પોલીસો અને ગામ લોકોને બધી વાત માંડીને કહી દીધી. એના સાથીદારોના નામ પણ આપ્યાં. એમને પણ પકડવામાં આવ્યા અને ઘાસની ગંજ બાળવા માટે લાવવામાં આવેલ ઘાસલેટ (કેરોસીન)નો ડબ્બો પણ ઝડપાયો. ગામના કયા વેપારીની દુકાનેથી એ લાવવામાં આવ્યો હતો એની પણ ભાળ મળી. આમ આખોય કેસ એવો મજબૂત હતો કે મગનનો કોઈ બચાવ કરી શકે તેમ નહોતું. પોલીસ એને પકડીને લઈ ગઈ. સહુએ માન્યું કે ગામનો એક કાંટો ગયો, નહીં તો કેટલાય યુવાનોનું જીવતર એણે બગાડી નાંખ્યું હોત.

મગનના બાપ અમથુજી દરબાર સાથે જાત્રાએ ગયા હતા. એમને ખબર મળી, ત્યારે એ અભણ માણસે પત્તામાં (પોસ્ટકાર્ડ)માં એટલું લખાવ્યું.

'જેનું અન્ન આપણા પેટમાં હોય અને એનું ખરાબ કરીએ તો ઈશ્વર ન સાંખે. મારો દીકરો આવો ન હોય. એને કાયદેસર જે સજા થતી હોય તે ભલે થાય. કદાચ એકવાર સજા કરવાથી એનું ભવિષ્ય સુધરી પણ જાય.'

કોઈ બીજો પિતા હોત તો એણે ઠેઠ સુધી લાંચ અને લાગવગ લગાવી હોત, પણ આ અભણ માણસ આબરૂ અને આમન્યાનો મહિમા જાણતો હતો. એણે ધાર્યું હોત તો દરબાર સાહેબની લાગવગથી સાક્ષીઓને કમજોર બનાવી નાખ્યા હોત અને પુત્રને શકનો લાભ અપાવી શક્યો હોત, પણ જીવનભર સચ્ચાઈ અને ખાનદાનીને વળગી રહેલા અમથુજીએ આ આફતના સમયમાં પણ એનો જ આશરો લીધો.

મગનને સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યો, ત્યાં સુધી એમણે ઉંબર બહાર પગ પણ ન મૂક્યો. જિંદગીની સંધ્યાએ લાગેલા ઘાએ અમથુજીના જીવને અંદરથી કોરી ખાધો. ગામમાં આબરૂને આત્મા સમાન માનતા અમથુજીને આબરૂ ગયા પછી જાણે એના દેહમાંથી આત્મા ઊડી ગયો હોય એમ લાગતું હતું. નિઃસાસો નાંખીને એ ઘણીવાર બોલતા,

'અરે, મારે ત્યાં ભગવાને કોઈ દુશ્મનને દીકરો બનાવીને મોકલ્યો! નક્કી પરભવનાં કોઈ પાપ નડ્યા.'

ગરીબ અને અભણ અમથુજીએ હોટલ વેચી દીધી. બંગડીવાજાની ખેરાત કરી નાંખી અને દીકરાનું જે દેવું હતું તે ટૂંકી કમાણીમાંથી કરકસર કરીને વાળ્યું.

મગને લખેલી જાસાચીઠ્ઠીની વાત ગામે જાણી. પોલીસ એને બેડીઓ પહેરાવી થાણે લઈ ગઈ. એ દિવસે આખા ગામે પેટ ભરીને ખાધું અને નિરાંતે ઊંઘ લીધી. બીજે દિવસે અનેક જગાએ સત્યનારાયણની કથાઓ અને શિવ-મહિમ્નસ્તોત્ર જપના પારાયણ આરંભાયા. થોડે દિવસે તો વરસોડા ગામ બહારવટિયા મીરખાંની વાત ભૂલી ગયું.

આ ઘટનાએ ભીખાલાલને વિચારતા કરી મૂક્યા. શહેરના આકર્ષણોથી થતી ગામડાંના યુવકોની બરબાદી એમણે મગનમાં જોઈ અને આ વાત એમણે એમની વાર્તાઓમાં વણી લીધી.

**(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મોબાઈલ:૦૯૮૨૪૦૧૯૯૨૫


### શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત

## વીસમો જૈન સાહિત્ય સમારોહ

રૂપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સૌજન્યથી ૨૦ મો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૦ માં જાન્યુઆરી ૨૯ અને ૩૦મી તારીખે રતલામ (મધ્ય પ્રદેશ) માં અને ૩૧ મી એ નાગેશ્વર (મધ્ય પ્રદેશ) માં યોજાશે.

આ સમારોહનું સંયોજન અને સંચાલન જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંત શાહ કરશે.

સમારોહનું વિષય શિર્ષક **'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'** છે.

સમારોહમાં ભાગ લેનાર વિદ્વાન મહાનુભાવોએ જૈન ધર્મના પ્રાચીન, મધ્યકાલિન અથવા અર્વાચીન કોઈપણ એક જૈન ગ્રંથ ઉપર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં વિગતે લઘુ નિબંધ તૈયાર કરી એ નિબંધનું ૨૦ મિનિટ વાંચન અને ચર્ચા કરવાની રહેશે. ગ્રંથોની યાદી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મુંબઈ શાખામાંથી પ્રાપ્ત થશે. (ફોન નં. ૨૩૭૫ ૯૧ ૭૯ / ૨૩૭૫ ૯૩ ૯૯ / ૬૫૦૪ ૯૩ ૯૭ / ૬૫૨૨ ૮૩૮૬, ફેક્ષ નં. ૨૩૭૨ ૯૨ ૪૨, ઈ. મેઈલ-hosmjv@rediffmail.com)

નિબંધ પ્રસ્તુત કરનાર મહાનુભાવ વિદ્વાનોને પોતાના સ્થાનેથી આવવા-જવાનો પ્રવાસ ખર્ચ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી અર્પણ થશે, તેમ જ રહેવા વગેરેની વ્યવસ્થા ઉપર જણાવેલ નિમંત્રક ટ્રસ્ટ કરશે અને નિબંધ લેખકનું માનદ્ પુરસ્કારથી સન્માન કરશે.

પ્રાપ્ત નિબંધો ભવિષ્યમાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થશે.

વિદ્વાન નિબંધ લેખકો ઉપરાંત જૈન ધર્મના અભ્યાસુ અને જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું રૂપ માણક ભંશાલી ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. એ સર્વેની સર્વ વ્યવસ્થા પણ આ નિમંત્રક ટ્રસ્ટ કરશે.

જે વિદ્વાનો અને જિજ્ઞાસુ અભ્યાસીઓ આ સમારોહમાં પધારવા ઈચ્છતા હોય એઓશ્રીએ પત્ર દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯ એ સરનામે જાણ કરવાની રહેશે તેમ જ ઉપરના ફોન નંબર ઉપર વિદ્યાલયના શ્રી હેમંતભાઈ બી. શાહને તા. ૩૦-૧૧-૨૦૦૯ સુધી સંપર્ક કરવા વિનંતી છે.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑક્ટોમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

૫૮૬. પ્રમાદ : પ્રમાદ એટલે આત્મ વિસ્મરણ અર્થાત્ કુશળ કાર્યોમાં આદર ન રાખવો, કર્તવ્ય, અકર્તવ્યની સ્મૃતિ માટે સાવધાન ન રહેવું તે.
आत्म विस्मरण अर्थात् कुशल कार्यों में अनादर, कर्तव्य-अकर्तव्य की स्मृति में असावधानी ।
The mental feeling to be looked for in this connection is made up of the various impulses of attachment and aversion as also carelessness is pramhada or negligence.

૫૮૭. પ્રમોદ (ભાવના): પોતાથી વધારે ગુણવાન પ્રત્યે આદર કરવો અને તેની ચડતી જોઈ ખુશ થવું તે.
अपने से अधिक गुणवान् के प्रति आदर रखना तथा उसके उत्कर्ष को देखकर प्रसन्न होना ।
Gladness means to evince respect for one superior to oneself in merit and to feel pleased on seeing him flourishing.

૫૮૮. પ્રયોગક્રિયા : શરીર આદિ દ્વારા જવા આવવા આદિ સકષાય પ્રવૃત્તિ કરવી તે.
शरीर आदि द्वारा आने-जाने आदि में कषाययुक्त प्रवृत्ति ।
Kriya of the form of a bodily operation like coming, going etc. vitiated by passion.

૫૮૯. પ્રયોગજ : જે શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે તે પ્રયોગજ કહેવાય છે.
जो शब्द आत्मा के प्रयत्न से उत्पन्न होता है वह ।
The sound produced through effort on the part of a soul is prayogaja or voluntary.

૫૯૦ પ્રવચનભક્તિ : શાસ્ત્રમાં શુદ્ધ નિષ્ઠાથી અનુરાગ રાખવો.
शास्त्र में शुद्ध निष्ठापूर्वक अनुराग रखना ।
Feeling of devotedness towards a scriptural text.

૫૯૧. પ્રવચનમાતા : પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પ્રવચનમાતા કહેવાય છે.
पाँच समिति और तीन गुप्ति को प्रवचनमाता कहते है ।
A common designation for the five samitis and three guptis.

૫૯૨. પ્રવચન વત્સલત્વ : વાછરડા ઉપર ગાય રાખે છે તેમ સાધર્મિક ઉપર નિષ્કામ સ્નેહ રાખવો, તે 'પ્રવચન વત્સલ્ય'.
जैसे गाय बछडे पर स्नेह रखती है वैसे ही साधर्मियों पर निष्काम स्नेह रखना।
Feeling of disinterested love towards the co-religionists.

૫૯૩. પ્રવીચાર : વિષય સુખનો ભોગ
विषय सुख का भोग ।
Sexual enjoyment.

૫૯૪. પ્રવ્રાજક : જે પ્રવ્રજ્યા આપે તે પ્રવ્રાજક તે આચાર્યનો એક પ્રકાર છે.
जो प्रव्रज्या देते है वो प्रव्राजक है । वह आचार्य का एक प्रकार है ।
He who offers pravrajya is called pravrajaka. It is one of the sub type of acharya.

૫૯૫. પ્રશંસા : સાચા કે ખોટા ગુણોને પ્રગટ કરવાની વૃત્તિ તે 'પ્રશંસા'.
सच्चे या झूठे गुणों को प्रकट करने की वृत्ति ।
To praise oneself means to publicity point out as belongings to oneself merits that might or might not exist in oneself.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન-સ્વાગત

પુસ્તકનું નામ :
**મારા મહાવીર, તારા મહાવીર**
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : **અમર ઠાકોરલાલ શાહ,** ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦.
મૂલ્યઃ રૂા. ૬૦/-, પાના ૮+૧૦૪, આવૃત્તિ પ્રથમ. ૨૦૦૪.

ભગવાન મહાવીરના નામે વર્તમાન યુગમાં ચાલતા અનિષ્ટોને લેખક રોહિત શાહ નીડરપણે આલેખી આપણને સૌને વિચારતા કરી મૂકે છે.

સામેની વ્યક્તિ સાચી હોઈ શકે એવા અનેકાન્તના ઉજાસમાં મહાવીરને પામવાનો પ્રયત્ન કરવો આપણા સૌના માટે જરૂરી છે. મહાવીર મળે તો મૈત્રીમાં મળે વૈમનસ્યમાં નહિ; સાધનામાં મળે આડંબરમાં નહિ, દિલમાં મળે દેરાસરમાં નહિ. મહાવીરને પામવાની સાચી મથામણનો પ્રારંભ જૈનોની એકતા દ્વારા જ થઈ શકશે, 'મારા મહાવીર, તારા મહાવીર' એવા વિભાજનમાં મહાવીરને શોધવાના ઉધામા કરીએ તો મહાવીરથી વેગળા જ થઈ જઈએ.

પુસ્તકના ઓગણત્રીસ લેખોના શીર્ષકો દ્વારા જ કેટલીક વાતો તો સમજાઈ જાય છે. કટાક્ષયુક્ત શૈલી દ્વારા લેખક બૌદ્ધિકોને સ્પર્શી જાય તેવી ઘણી વાતો કહી જાય છે અને મહાવીર સિદ્ધાંતોને સમજાવી જાય છે.

xxx

પુસ્તકનું નામ : **સાધનાનું શિખર**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
C/o. દિનેશ એચ. દેઢિયા, ૪૦૫, કમલા નગર, સામે, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ (૦૨૨) ૬૪૫૧૪૬૭૧.
પ્રાપ્તિસ્થાનઃ નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. મૂલ્યઃ રૂા. ૨૦/-, પાના ૬૪, આવૃત્તિ ત્રીજી ૨૦૦૮.

આધ્યાત્મમૂર્તિ પૂજ્ય મુનિવર શ્રી અમરેન્દ્ર-વિજયજી મહારાજ સાહેબની સર્વશ્રેષ્ઠ કૃતિ 'આત્મજ્ઞાન અને સાધના પથ' એ પુસ્તકમાંનું સાક્ષીભાવ-જ્ઞાતા દૃષ્ટાભાવની વિસ્તૃત છણાવટ કરતું આઠમું પ્રકરણ સ્વતંત્રરૂપે પ્રગટ કરવાની પૂજ્યશ્રીની ભાવના હતી. તે પ્રસ્તુત પુસ્તક દ્વારા પ્રસિદ્ધ થાય છે.

આત્મજ્ઞાનની કેટલીક વિચારણા કર્યા પછી લેખક મુનિવરશ્રી અંતિમ આલંબન અને ઉપાય તરીકે જ્ઞાત-દૃષ્ટાભાવ અને સાક્ષીભાવ ઉપર તરી આવે છે. સાક્ષીભાવ મુક્તિનો પરમ ઉપાય છે. તે સાધન પણ છે અને સાધ્ય પણ છે. ક્ષણ ક્ષણની ઘટનાઓને સાક્ષીભાવે નિહાળવાનો અનુરોધ અહીં કર્યો છે. તે ઉપરાંત સાધના પદ્ધતિઓની સવિસ્તર સમજુતી અહીં આપવામાં આવી છે.

ગંભીરતાથી આ પુસ્તકની ગહનતા વિચારવંત વાચકોને પ્રેરણા આપે એવી છે.

xxx

પુસ્તકનું નામ : **આપણે આત્મનિરીક્ષણ કરીશું ?**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
C/o. દિનેશ એચ. દેઢિયા, ૪૦૫, કમલા નગર, સામે, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ (૦૨૨) ૬૪૫૧૪૬૭૧. મૂલ્યઃ રૂા. ૬૦/-, પાના ૧૬૮, આવૃત્તિ છઠ્ઠી મે-૨૦૦૮.

મુનિશ્રી અમરેન્દ્ર વિજયજીના બધાં જ પુસ્તકો જૈન તથા જૈનેતર મુમુક્ષુઓને ઉપયોગી થાય તેવાં છે એ એમના લખાણની ખૂબી છે. પૂજ્ય મુનિશ્રીએ પોતાની કલમમાં જરાય કડવાશ કે તીખાશ લાવ્યા વિના ખૂબ જ સૌમ્ય ભાવે અને સંયત શૈલીએ સાચા ધર્મનું વૈજ્ઞાનિક અને મૌલિક વિશ્લેષણ કરીને આપણને નવનીત તારવી આપ્યું છે. અંતર્મુખતા અને આત્મજાગૃતિ ધર્મ સાધનાના પ્રાણ છે. આ પુસ્તક દ્વારા પૂજ્ય મુનિશ્રીએ સર્વ ધર્મો અને દર્શનોના નિચોડરૂપ એક સોનેરી સૂત્ર આપ્યું છે અને તે આ છે. 'નિર્વિકલ્પ ઉપયોગમાં કરવું એ જ આત્મધર્મ છે.'

આજે દરેક ધર્મ, મત, પંત સંપ્રદાયમાં કેવળ ક્રિયાકાંડ વધી રહ્યા છે. માત્ર ધર્મ પ્રવૃત્તિ વધી છે પરંતુ પોતાની વૃત્તિનું નિરીક્ષણ અને સંમાર્જન નહિવત્ થતું જોવાય છે. આ પુસ્તક જિજ્ઞાસુઓને શુદ્ધ અને સાચા ધર્મ તરફ અભિમુખ કરવાનું કાર્ય કરશે. ધર્મમાં રસ લેતી પ્રત્યેક વ્યક્તિએ આ પુસ્તક વસાવવું જોઈએ.

xxx

પુસ્તકનું નામ : **ચિત્તસ્થૈર્યની કેડીઓ**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : ઉપરના પુસ્તક મુજબ. મૂલ્યઃ રૂા. ૧૫/-, પાના ૨૪, આવૃત્તિ ત્રીજી ૨૦૦૮.

મુનિ કે શ્રાવકની સાધના માત્ર વ્રત-નિયમ, પૂજા-પાઠ કે તપ-ત્યાગ પૂરતી સીમિત નથી. ભાવના, ધારણા-ધ્યાન-કાયોત્સર્ગ જેવા અભ્યંતર યોગમાં પણ એમણે ક્રમશઃ પ્રવેશ કરવાનો છે. તે માટે પ્રથમ ચિત્તને સ્વાધીન તથા એકાગ્ર કરવું જરૂરી થઈ પડે છે. પ્રસ્તુત પુસ્તિકામાં ચિત્ત સ્થિરતા તરફ દોરી જતી પગદંડીઓની પ્રાયોગિક-વ્યવહારિક જાણકારી આપવામાં આવી છે અને સંભવિત ભયસ્થાનો પ્રત્યે જાગૃત રહેવાને અનુરોધ પણ કરવામાં આવ્યો છે. ચિત્તસ્થૈર્યની દિશામાં આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુઓને આ પુસ્તિકા મદદરૂપ બનશે.

xxx

પુસ્તકનું નામ : **જૈન સજ્ઝાય અને મર્મ**
લેખક : **મુનિશ્રી વાત્સલ્યદીપ**
પ્રકાશક : **અમરભાઈ ઠાકોરલાલ શાહ**
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્યઃ રૂા. ૬૦/-, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૬.

મુનિ વાત્સલ્યદીપ જૈન સંઘના વિદ્વાન મુનિવર છે. તેઓ તેજસ્વી ચિંતક, પ્રભાવક, વક્તા અને ઉત્તમ સાહિત્યકાર તરીકે જૈન જગતમાં જાણીતા છે. તેઓનું સર્જન દેશ-વિદેશમાં અનેક ભાષામાં અને સમાજમાં લોકપ્રિય થયું છે.

જૈન સાહિત્યમાં 'સજ્ઝાય' વિરલ કાવ્ય પ્રકાર તરીકે પ્રાપ્ત થાય છે. ભજન જેવું જ કાવ્ય સ્વરૂપ ધરાવતી આ કાવ્ય રચના છે. મુનિશ્રી વાત્સલ્ય દીપે આ પુસ્તકમાં જૈન સજ્ઝાયનું સ્વરૂપ તેનો મર્મ અને કેટલીક પ્રખ્યાત સજ્ઝાયોના દૃષ્ટાંતો આપી જૈન સાહિત્યની સજ્ઝાય સમૃદ્ધિ આલેખી છે. તે ઉપરાંત મુનિશ્રીએ કરેલ સજ્ઝાયનું વિવેચન ગુજરાતી સાહિત્યમાં એક નવી આભા ઉપસાવે છે. પૂ. મુનિશ્રીની આ અનન્ય કૃતિમાં દાર્શનિક અને તાત્ત્વિક ગહનતા દ્વારા આત્મોન્નતિ માટેની પ્રેરણા પ્રાપ્ત થાય છે અને ગ્રંથ મુમુક્ષુઓને ધર્મમાર્ગે દોરે તેમ છે.

xxx

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# પંથે પંથે પાથેય...

## યે કહાની હૈ દીયે કી ઔર તુફાન કી

❑ જિતેન્દ્ર શાહ

*[કેથેરાઈન રસેલ-રિચ ૪૨ વર્ષીય અમેરિકન લેખિકા છે. બત્રીસ વર્ષે તે બ્રેસ્ટ-કૅન્સરની વ્યાધિમાં સપડાયા. તેમનું પુસ્તક The Red Devil-Memoir of Beating odds ૨૦૦૧માં પ્રસિદ્ધ થયું અને તે સાથે તેઓ સાહિત્ય-જગતમાં વિખ્યાત થઈ ગયા. તે પુસ્તકમાં બ્રેસ્ટ કૅન્સરની સામે તેમણે કરેલા યુદ્ધના યાદગાર સ્મરણચિત્રો છે. દર્દને પડકારવાની હિંમત આપતા આ શબ્દચિત્રો પ્રેરણાદાયી છે. ઈન્ટરનેટ પર આવેલ તેમની સાથેની એક મુલાકાતના કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે.]*

બ્રેસ્ટ-કૅન્સરની સામે હું યુદ્ધે ચઢી તે દરમ્યાન અનેકવિધ સારવારમાંથી મારે પસાર થવું પડ્યું. ટેમોક્ષીફેન, રેડિયેશન, કોમોથરેપી, હોરમોન સપ્રેસર વગેરે પ્રકારની સારવાર મારે લેવી પડી. આ બધી સારવાર જાણે ઓછી હોય તેમ મારે બોન-મેરો ટ્રાન્સપ્લાન્ટમાંથી પણ પસાર થવું પડ્યું જે એક પ્રકારની હાઈ ડોઝવાળી કેમોથરેપી જ ગણી શકાય. સારવાર બાદ મને લાગ્યું કે મેં કેન્સર પર વિજય મેળવી લીધો પરંતુ તેને વિજય ગણી શકાતો હોય તો તે તદ્દન પોકળ વિજય હતો. ટ્રાન્સપ્લાન્ટના ત્રણ વર્ષ બાદ અને મારી માતાના મૃત્યુના એક વર્ષ બાદ કૅન્સરે મારા પર ફરી જોરદાર હુમલો કર્યો.

અહીં એક અંગત લાગણી વ્યક્ત કર્યા સિવાય રહી નથી શકતી. હું દિલથી માનતી આવી છું કે ફરી હુમલા પાછળ માત્ર શારીરિક કારણો જ નહોતા. અશાંત અને ઉપદ્રવી લગ્નજીવને અને વ્હાલી માતાના અચાનક અવસાને જાણે મારી ભીતરને કોરી ખાધું અને કૅન્સરના બીજા હુમલારૂપે તે બહાર આવ્યું. આ તો માત્ર મારી માન્યતા છેઃ સાચી છે કે ખોટી તે માત્ર ઉપરવાળો જાણે છે! આવા વિષમ કાળમાં પણ મારી જિજીવિષા અને મારી ખુમારીએ મને ટકી રહેવાની પ્રેરણા આપી.

કૅન્સર સામેના બે દાયકાના યુદ્ધ દરમ્યાન લોકો ફરી અને ફરી મારા કૅન્સર-સ્ટેજ બાબત પૃચ્છા કરતા રહેતા. મારો ઉત્તર રહેતોઃ 'કદાચ ચોથા સ્ટેજમાં પ્રવેશી ચૂકી છું અને ડૉક્ટર્સની ધારણા મુજબ હવે વધુમાં વધુ બે વર્ષની મહેમાન ગણાઉં. દુઃખ સાથે કહી રહી છું કે મને મહેમાન કહેનાર કેટલાક ડૉક્ટર વિદાય લઈ ચૂક્યા છે અને હું બે દાયકાથી–કદાચ ત્રણ દાયકા પણ હોઈ શકે–ટકી ગઈ છું.'

કૅન્સરના દર્દીઓ અથવા જેમના સ્વજનો કૅન્સરગ્રસ્ત છે તે સહુને ડંકાની ચોટ પર કહી રહી છું કે કેન્સર સામેના યુદ્ધમાં હિંમત બિલ્કુલ ન હારશો. આશા-આસ્થાનો દીપ પ્રજ્વલિત રાખશો તો જ સમજાશે કે કૅન્સર પછી પણ જીવન છે અને તેને પુષ્પની જેમ મહેકતું રાખવું આપણા જ હાથમાં છે.

અનેક પ્રકારની સારવાર પછી પણ હું કોઈ પણ પ્રકારની ગંભીર આડઅસરમાંથી બચી ગઈ છું. (લેખિકાની આ અંગત માન્યતા છે કે હોરમોન્સ સપ્રેસરની સારવારને કારણે તે ગંભીર પ્રકારની આડ અસરમાંથી બચી ગયા હતા.) બીજા હુમલા પહેલાં અન્ય વ્યક્તિઓ જેવી જ હું સાધારણ દેખાતી હતી. દર્દી હોવાના કોઈ ચિહ્ન મારા અંગ પર દેખાતા નહોતા, પરંતુ બીજા હુમલાએ મને છિન્નભિન્ન કરી નાંખી. કૅન્સરની ગાંઠો વિકસવા લાગી–હાડકા બરડ થવા લાગ્યા. કરોડરજ્જુ જાણે સંપૂર્ણ ભાંગી ચૂકી હતી અને ગર્ભસ્થ બાળક-ભ્રૂણ જેવી મારી દેહાકૃતિ થવા લાગી. અગણિત લોકોએ માની લીધું મને વિદાય આપવાનો સમય આવી ચૂક્યો હતો; પરંતુ ના, તેમના ભાગ્યમાં હજી લાંબી રાહ જોવાનું લખાયું હતું!

ખરેખર કઈ સારવાર કામ કરી ગઈ અથવા સારવારથી પણ પરે તેવી કોઈ શુભેચ્છા કે આશિષ કામ કરી ગઈ તે હું જાણતી નથી; પરંતુ કંઈક ચમત્કાર અવશ્ય સર્જાયો. બીજા હુમલાના કેટલાક વર્ષો પછી હું ફરી ઊભી થઈ અને જીવનની રાહ પર ટટ્ટાર ચાલવા લાગી.

બીજા હુમલા પછી હું મારી જાતને–મારા જીવનને કઈ રીતે ગોઠવી શકી તે પ્રશ્ન પણ મને વારંવાર પૂછાયો છે.

ત્રાસદાયક માંદગી અને તેવી જ અથવા તેથી પણ વધારે ત્રાસદાયક સારવારના અંધકારભર્યા સમયને અજવાળવા, ઉજળો કરવા મેં એક 'આભાર સંહિતા' તૈયાર કરવાનું નક્કી કર્યું. જે કોઈ વ્યક્તિ અથવા જે કોઈ સંજોગ માટે મારા મનમાં 'આભાર'ની લાગણી પ્રકટતી તે બધા જ સંજોગ અને વ્યક્તિની મેં એક યાદી તૈયાર કરી. અને દિલથી તે સહુનો આભાર માનતી રહી. માંદગી ગંભીર પ્રકારની હોવા છતાં હું મજાની જિંદગી જીવી રહી હતી તેની પ્રતીતિ આ યાદીએ મને કરાવી. આ કાર્ય આટલા વર્ષોથી આજે પણ ચાલુ જ છે.

બીજા હુમલા પછી મારે પક્ષે થોડી આત્મખોજ મેં ચાલુ કરી. અહેસાસ કર્યો કે અત્યાર સુધી જીવન-સરિતાને કાંઠે બેસી મેં માત્ર છબછબીયા જ કર્યા હતા–સરિતાના વહેણમાં તરવાનું વિસ્મૃત થઈ ગયું હતું. મેં મનોમન નક્કી કર્યું કે અસ્તિત્વના ખાલીપાને સભર કરવા કોઈ સર્જનાત્મક કાર્યમાં લાગી જવું.

બચપણથી જ સાહિત્યનો ગાંડો શોખ મને વળગ્યો હતો. તેમાં માંદગીને કારણે પ્રકૃતિ અંતર્મુખ બનતી ચાલી અને પંખીને ઉડવા આકાશ મળે તેમ હું સાહિત્ય-લેખન તરફ વળી ગઈ. સાહિત્ય-જગતમાં સ્થાન મળ્યા પછી ત્રણ-ત્રણ (i) Allure (ii) esq (iii) 17 સામયિકોના સંપાદનની જવાબદારી પણ માથા પર આવી ગઈ. કૅન્સરના ગરીબ દર્દીઓને સારવારના અભાવે મેં મારી આંખો સામે મરતા જોયા હતાં. તેવા દર્દીઓ માટે ફંડ એકઠું કરવા અનેક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો.

નવી નવી ભાષા જાણવાનો-સમજવાનો મને શોખ હતો. આ શોખને કારણે જ હિન્દી ભાષાનું શિક્ષણ મેળવવા ઉદેપુર-રાજસ્થાનમાં એક વર્ષ રહી ત્યાંના સારા-માઠા અનુભવોને વ્યક્ત કરવા Dreaming in Hindi પુસ્તક લખ્યું.

લાંબી અને કષ્ટદાયક માંદગીને કારણે અનેકાનેક ડૉક્ટર્સના પરિચયમાં આવી. મેં એક વાત મનમાં નોંધી. કૅન્સર જેવા અસામાન્ય રોગ બાબત ડૉક્ટર્સ પાસે હંમેશાં સંપૂર્ણ જ્ઞાન નથી હોતું. તેમના સલાહ-સૂચનને અવગણવાની ભૂલ આપણે ન કરીએ પરંતુ તેમને ભગવાન માની બેસવાની ભૂલ તો બિલકુલ કરવા જેવી નથી હોતી. વૈકલ્પિક સારવાર (Alternate Medicine) બાબત પણ ડૉક્ટર્સ સાથે ખુલ્લા મનથી ચર્ચા કરી લેવી વ્યાજબી ગણાય. એક વાત કૅન્સરના દર્દીએ મનમાં ભંડારી રાખવી અનિવાર્ય ગણાય.

કૅન્સરનો રોગ કંઈ ઈશ્વરે આપેલ મૃત્યદંડ નથી–બિલકુલ નથી. લાખો માણસો કૅન્સર સાથે પણ સામાન્ય જીવન વ્યતિત કરે જ છે.

કૅન્સરના બીજા હુમલા પછી અને નવા જુસ્સા સાથે કાર્યરત થયા પછી એક પ્રશ્નનો ઉત્તર આપવો મને ખરેખર ગમે છે. લોકો પ્રેમથી મને પૂછે છેઃ 'કેવું છે તમારું હાલનું જીવન?' મારો ઉત્તર એક જ હોય છેઃ 'જીવનની ક્ષણે ક્ષણને માણી રહી છું.'

✷✷✷

'માતૃછાયા અપાર્ટમેન્ટ', ગ્રાઉન્ડ ફ્લોર,
Opp નં. ૫૭, અરૂણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા–૩૯૦ ૦૦૭.
(M) 099258-35527 (R) (080) 41520901

Printed & Published by Nirooben Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.